# શ્રી વિજયચંદ્ર કેવલી ચરિત્ર

ભાષાંતર

( અષ્ટ પ્રકારી પૂજાનો મહિમા
વર્ણવતી કથાઓ યુક્ત )

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા

૧૨૧

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા-ગ્રંથાંક-૧૨૧

શ્રી મહાવીર જિનેન્દ્રાય નમઃ

પૂ. આ. શ્રી વિજયકર્પૂરામૃતસૂરિગુરૂભ્યો નમઃ

શ્રી

# વિજયચંદ્ર કેવલી ચરિત્ર

ભાષાંતર

(અષ્ટ પ્રકારી પૂજાનો મહિમા
વર્ણવતી કથાઓ યુક્ત)

卐

: સહાયક :

શ્રી હાલારી વીશા ઓસવાળ
શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ
મુ. ચેલા

卐

: પ્રકાશિકા :

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા
લાખાબાવળ-શાંતિપુરી (સૌરાષ્ટ્ર)

| વીર સં. | વિ. સં. | સને | પ્રથમ આવૃત્તિ |
| --- | --- | --- | --- |
| ૨૫૧૦ | ૨૦૪૦ | ૧૯૮૩ | નકલ-૧૦૦૦ |

## * આભાર *

પ્રાચીન સાહિત્ય પ્રકાશન યોજનામાં આ ગ્રંથના પ્રકાશન માટે હાલારદેશોદ્ધારક પૂ. આ. શ્રી **વિજય-અમૃતસૂરીશ્વરજી મહારાજા**ના પટ્ટધર પૂ. આ. શ્રી વિજય **જિનેન્દ્રસૂરીશ્વરજી** મહારાજના સદુપદેશથી શ્રી **હાલારી વીશા ઓસવાળ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ મુ. ચેલા** શ્રી જ્ઞાનખાતા તરફથી સહકાર મળ્યો છે અને આ ગ્રંથ તેમના તરફથી પ્રગટ થાય છે આ સહકાર માટે શ્રી સંઘનો આભાર માનીએ છીએ. –**પ્રકાશક**

## અનુક્રમણિકા

| ક્રમ | વિષય | પ્રષ્ઠ |
| --- | --- | --- |
| ૧ | પૂર્વપીઠિકા | ૧ |
| ૨ | ગંધપૂજા વિષે જયસુર રાજાની કથા | ૬ |
| ૩ | ધૂપ પૂજા વિષે વિનયંધરની કથા | ૧૯ |
| ૪ | અક્ષત પૂજા વિષે શુકયુગલની કથા | ૩૬ |
| ૫ | પુષ્પ પૂજા વિષે વણિકપુત્રીની કથા | ૫૫ |
| ૬ | દીપ પૂજા વિષે જિનમતિ તથા ધનશ્રીની કથા | ૭૦ |
| ૭ | નૈવેદ્ય પૂજા વિષે હાલિક (ખેડુત)ની કથા | ૭૮ |
| ૮ | ફળ પૂજા વિષે કીરયુગલની કથા | ૯૧ |
| ૯ | કલશ પૂજા વિષે બ્રાહ્મણ પુત્રી સોમશ્રીની કથા | ૧૦૦ |
| ૧૦ | અવશિષ્ટ પૂજા વિષે સુરપ્રિયની કથા | ૧૦૮ |

મુદ્રક : **સુરેશ પ્રિન્ટરી * વઢવાણ શહેર.**

# અલ્પ વક્તવ્ય

શ્રી જિન શાસનની આરાધના કરનારને સુવિદિત છે કે જ્ઞાન અને ક્રિયા બંને સાથે મળીને મુક્તિના સાધક બને છે ક્રિયા વિના જ્ઞાન પાંગળુ છે અને જ્ઞાન વિના ક્રિયા આંધળી છે. દાવાનલથી બચવા આંધળો કે પાંગળો સમર્થ ન બને, પરંતુ જો બંને એક બીજાના પુરક બને આંધળાને ખંભે પાંગળો બેસે અને માર્ગ બતાવે તો બંને બચી જાય.

એજ રીતે આત્મા સંસાર દાવાનલથી મુક્ત બનવા ઈચ્છે તો તેણે જ્ઞાન અને ક્રિયા એમ બંનેની સાધના કરવી જોઇએ. 'જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ'–એમ જ્ઞાનીઓએ કહ્યું છે.

શ્રી મુક્તિમાર્ગ દાતા જિનેશ્વર દેવોના ઉપકારને યાદ કરી તેમની ભક્તિ કરનારે હૈયાના ભાવથી અને વિવેક પૂર્વક ઉજમાળ બનવું જોઈએ. ભાવથી ભક્તિ કરનારા ભાવિક આત્માઓના ચરિત્ર **શ્રી વિજયચંદ્ર કેવલી** ચરિત્રમાં અપાયા છે. મૂળ પ્રાકૃત ભાષામાં આ ચરિત્ર વિક્રમ સંવત્ ૧૧૨૭માં શ્રી ચંદ્રપ્રભ મહત્તર નામના પૂજ્ય આચાર્ય ભગવંતે રચેલ છે.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી તે પ્રાકૃત ગ્રંથ પ્રગટ થએલ છે, અને તેનું ભાષાંતર વિ. સં. ૧૯૬૨માં પ્રથમ વાર તથા વિ. સં. ૧૯૮૦માં બીજી વાર આ સભાએ જ પ્રગટ કરેલ છે.

આ ભાષાંતર ઘણું ઉપયોગી હોવાથી અહીં સંસ્થા તરફથી પ્રગટ થાય છે તે અંગે ચેલાના શ્રી હાલારી વીશા ઓસવાળ શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ. જ્ઞાન ખાતેથી સહકાર અપાયો છે તે અનુમોદનીય છે.

ઉપકારીના ઉપકારને અવિચળ સ્મૃતિમાં રાખી કૃતજ્ઞતા પૂર્વક સૌ ધર્મ આરાધનામાં ઉજમાળ બની શિવસુખ સાધો એજ અભિલાષા.

૨૦૪૦ માગશર વદ-૧૦
**અજમેર** (વીંછીયા) જિનેન્દ્રસૂરિ
સૌરાષ્ટ્ર

# 卐 ગ્રંથસાર 卐

तह जिणवरस्स पूआ, सविसेसे सावगाण कायव्वा ।
संसारोदहिमहणी जणणी निव्वाणमग्गस्स ॥ १ ॥
वर गंध धूव चुक्खयेहिं, कुसुमेहिं पवरदीवेहिं
नेविज्जफल जलेहि य जिणपूआ अट्ठहा भणिया ॥ २ ॥

સંસાર સાગરનું મંથન કરનારી તથા નિર્વાણ માર્ગની માતા એવી શ્રી જિનેશ્વર દેવની પૂજા શ્રાવકોએ વિશેષતા પૂર્વક કરવી જોઈએ.

શ્રેષ્ઠ ગંધ (ચંદન), ધૂપ, અક્ષત અક્ષત, પુષ્પ, દીપક, નૈવેદ્ય ફળ અને જળ એમ આઠ પ્રકારે જિનેશ્વર દેવની પૂજા જણાવી છે.

અષ્ટપ્રકારી પૂજા ઉપર આઠ દૃષ્ટાંત યુક્ત

# શ્રી વિજયચંદ્ર કેવળી ચરિત્ર

## પૂર્વ પીઠિકા.

સર્વ દેવ, અસુર, કિન્નર, વિદ્યાધર અને નરેંદ્રોએ જેમના ચરણમાં સ્તુતિ કરેલી છે અને જેમનું સુવર્ણના જેવું સુશોભિત શરીર છે. એવા શ્રી મહાવીર પ્રભુને પ્રણામ કરૂં છું. કમળના આસન ઉપર બેઠેલી, કમળના જેવા મુખવાળી, કમળના ગર્ભ જેવા વર્ણવાળી અને જગત્‌ના જનોને સંતોષ આપનારી શ્રી જિનવાણી (સરસ્વતી) ને હું ભક્તિથી નમસ્કાર કરૂં છું. દોષને અને ગુણને ગ્રહણ કરનારા દુર્જનો અને સજ્જનોને વિવિધ પ્રકારની પૂજાના ફળને બતાવનારૂં શ્રી વિજયચંદ્રકેવળીનું ચરિત્ર હું કહું છું તે સાંભળો.

ભરતક્ષેત્રના મધ્યખંડમાં **રત્નપુર** નામે એક નગર હતું. તેમાં **રિપુમર્દન** નામે પ્રખ્યાત રાજા હતો. તેને રૂપમાં રતિ જેવી અને કમળના જેવા નેત્રવાળી **અનંગરતિ** નામે રાણી હતી. તેની સાથે વિષયસુખ ભોગવતાં તેમને **વિજયચંદ્ર** નામે એક પુત્ર થયો. તે પુત્ર ચંદ્રની જેમ સર્વ જનના મનને આનંદ આપનારો અને ઘણા દેશની ભાષા જાણવામાં કુશળ થયો.

વિજયચંદ્રકુમારને બે રાજપુત્રી સાથે પાણિગ્રહણ

કરાવ્યું, તેમાં પહેલીનું નામ **મદનસુંદરી** હતું અને બીજીનું નામ **કમલશ્રી** હતું. તેમનાથી તેને **કુરુચંદ્ર** અને **હરિચંદ્ર** નામે બે પુત્ર થયા.

એક વખત કોઈ સૂરિ વિહાર કરતાં કરતાં ત્યાં આવી ચડયા. તેમને વંદના કરવાને માટે રિપુમર્દન રાજા પરિવાર સહિત ગયા. આચાર્યે સંસારની અસારતા વિષે પ્રતિબોધ આપ્યો. તે સાંભળી વિજયચંદ્રકુમારને રાજ્ય ઉપર બેસાડી રિપુમર્દન રાજાએ તેમની સમીપે દીક્ષા ગ્રહણ કરી.

રાજા વિજયચંદ્ર કુળક્રમથી આવેલા રાજ્યનું પાલન કરવા લાગ્યા. પ્રાંતે તેમણે કુસુમપુર નામનું નગર હરિચંદ્ર કુમારને આપ્યું. અને સુરપુર નામનું નગર કુરૂચંદ્રને આપ્યું, પછી પોતે કેવળી ભગવંતના ચરણ સમીપે જઇ દીક્ષા ગ્રહણ કરી.

મહાત્મા અને ગીતાર્થ થયેલા વિજયચંદ્ર મુનિ ગુરૂમહારાજની આજ્ઞાથી ઉગ્ર તપવડે જેમનું અંગ શોષાઇ ગયું છે એવા થયા છતા ગામ તથા ખીણ વડે મંડિત એવી પૃથ્વી પર એકાકી વિહાર કરવા લાગ્યા. તેઓ વર્ષાઋતુમાં ચાર માસ પર્યંત સમગ્ર આહારનો ત્યાગ કરી પર્વતની ગુફામાં એક પગે ઉભા રહી કાયોત્સર્ગ કરતા હતા અને શિશિરઋતુમાં ધીરપણે દુઃસહ શીતને તથા ગીષ્મઋતુમાં ઉગ્ર આતપને સહન કરતા હતા. હજારો ઉપસર્ગમાં પણ તેઓ પર્વતની જેમ ધ્યાનથી ચળિત થતા નહોતા. એવી રીતે બાર વર્ષ સુધી તપ

આચરીને તેઓ અનેક પ્રકારના વૃક્ષોથી મંડિત અને રમણિક એવા તુંગગિરિ ઉપર આવ્યા. ત્યાં એક શિલાતલ ઉપર એ મહાસત્ત્વ મુનિ નિશ્ચળ ચિત્ત કરી ચાર ઘન-ઘાતી કર્મનું દલન કરવા માટે શુભ ધ્યાનમાં આરૂઢ થયા. તેમના ઉગ્ર ધ્યાનથી મનમાં વિસ્મય પામીને તેમજ તેમના મહાન્ સત્ત્વથી સંતોષ પામીને વનદેવતાએ તેમના મસ્તક ઉપર પુષ્પની વૃષ્ટિ કરી. અનુક્રમે તે ધીરવીર મહામુનિએ ધ્યાનરૂપ અગ્નિવડે ઘાતી કર્મરૂપ વનને દહન કરી નાખીને લોકાલોકને પ્રકાશ કરનારૂં કેવળ જ્ઞાન પ્રાપ્ત કર્યું. તેમને સર્વોત્તમ જ્ઞાન ઉત્પન્ન થવાથી તત્કાલ દેવ-તાઓએ એકઠા થઈ આકાશને આચ્છાદાન કરીને તેમના મસ્તક પર સુગંધી જળથી મિશ્ર એવી પુષ્પોની વૃષ્ટિ કરી; અને દુંદુભિ વગાડવા લાગ્યા. દેવતાઓનો સમૂહ સંતુષ્ટ થઈને નૃત્ય કરવા લાગ્યો અને કિંનરોનો સમૂહ વિજયચંદ્રકેવળીના ગુણસમૂહને ગાવા લાગ્યો. પછી તેઓ સંતુષ્ટ થઈને આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા કે–'હે નાથ! તમે મહામોહરૂપ મોટા સુભટને જીતી મોક્ષસુખની લક્ષ્મી ગ્રહણ કરીને આખા જગતમાં જયપટહ વગાડ્યો છે.'

આ પ્રમાણે દેવતાઓ જેમની સ્તુતિ કરી રહ્યા છે એવા તે કેવળી દેવ તથા મનુષ્યોની પર્ષદામાં દેવતાએ રચેલા કમળ ઉપર બેસી ધર્મદેશના આપવા લાગ્યા– "ભો ભવ્યપ્રાણીઓ! આદિ અને અનંત રહિત એવો જીવ આ ચાર ગતિવાળા ઘોર સંસારમાં ભટકતાં જિન-ધર્મના જ્ઞાનથી રહિત છતો અનેક પ્રકારનાં દુઃખોને સહન

કરે છે. સુકૃત કર્મથી રહિત એવા પ્રાણીને આ મનુષ્યભવ ચિંતામણિ રત્નની જેવો દુર્લભ છે. તે મનુષ્યભવ કદિ પ્રાપ્ત થાય તો તેમાં શ્રી જિનેશ્વર ભગવંતે કહેલો ધર્મ પ્રાપ્ત થવો ઘણો દુર્લભ છે. ધર્મનું મૂળ દયા છે, દયાનું મૂળ શુદ્ધ અને ઉત્તમ જ્ઞાન છે. તે જ્ઞાન પ્રાપ્ત થતાં પણ ચારિત્રના પરિણામ થવા દુર્લભ છે. તેવા પરિણામ કદિ થાય તો પણ તેમાં ક્ષાયિક ભાવ ઉત્પન્ન થવો મુશ્કેલ છે, પરંતુ જો ક્ષાયિક ભાવે ચારિત્રગુણ પ્રગટ થાય તો પછી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે અને કેવળજ્ઞાન પ્રાપ્ત થવાથી અવશ્ય શાશ્વત સુખ મળે છે."

આ પ્રમાણે કેવળી ભગવંતના મુખકમળમાંથી નીકળેલા વચનોને સાંભળીને કેટલાએકે દીક્ષા ગ્રહણ કરી અને કેટલાએક શ્રાવકો થયા. પછી દેવ, મનુષ્ય અને કિંનર સર્વે કેવળી ભગવંતને નમી હૃદયમાં હર્ષ પામતા છતા પોતપોતાને સ્થાનકે ગયા; અને દેવેંદ્ર તથા નરેંદ્રના વૃંદથી પૂજિત એવા ભગવાન્ વિજયચંદ્ર કેવળી પણ ભવિજનરૂપ પોયણાને બોધ કરતા છતા પૃથ્વી ઉપર વિહાર કરવા લાગ્યા.

વિહાર કરતાં કરતાં અન્યદા તેઓ **કુસુમપુર** નગર સમીપે આવ્યા કે જ્યાં પ્રસિદ્ધ એવો તેમનો પુત્ર હરિચંદ્ર રાજા રાજ્ય કરતો હતો. દેવ તથા મનુષ્યોએ જેમના ચરણની પૂજા કરેલી છે અને ઘણા શ્રાવક અને સાધુઓના પરિવારથી જેઓ પરવરેલા છે એવા તે મહાત્મા નગરીની

બહારના ઉદ્યાનમાં સમોસર્યા. ત્યાં દેવ તથા મનુષ્યની પર્ષદામાં દેવતાએ રચેલા સુવર્ણના આસન ઉપર બેસી, દેવતાઓ જેમના ચરણકમળની સ્તુતિ કરી રહ્યા છે એવા તેઓ ધર્મદેશના આપવા લાગ્યા.

એ સમયે નગરની બહાર દેવતાએ પૂજેલા પોતાના પિતાને આવેલા સાંભળી હરિચંદ્રરાજાનાં હૃદયમાં અત્યંત હર્ષ ઉત્પન્ન થયો; એટલે તરત જ નગરના સ્ત્રી-પુરૂષોથી પરિવૃત્ત થઈને તે પોતાના પિતાને વંદન કરવા માટે ઉદ્યાનમાં આવ્યો. મુનિવરને જોતાં જ તે દૂરથી હસ્તિ ઉપરથી ઉતરી પડ્યો અને આનંદના અશ્રુથી નેત્રને પૂર્ણ કરતો છતો તેમની પાસે આવી નમસ્કાર કર્યો. વિજયચંદ્ર કેવળીએ હરિચંદ્રરાજાના મસ્તક ઉપર પોતાનો હાથ મૂકીને કહ્યું કે-'હે વત્સ! તું અમારા આપેલા ધર્મલાભથી સંસારનો નાશ કરનારો થા.' પછી બીજા મુનિઓને પણ ભક્તિથી નમીને સંસારથી ભય પામેલો રાજા ગુરૂની પાસે બેસી ધર્મ સાંભળવા લાગ્યો.

મુનિરાજે પ્રથમ પંચ મહાવ્રતરૂપ યતિધર્મ વિસ્તારથી કહ્યો અને પછી પાંચ અણુવ્રતાદિક બારવ્રતરૂપ શ્રાવકધર્મ પણ કહી સંભળાવ્યો. પછી કહ્યું કે, 'શ્રાવકે વિશેષે કરીને જિનપૂજા કરવી, કારણ કે જિનપૂજા સંસારરૂપ સમુદ્રનું મંથન કરનારી છે અને મોક્ષમાર્ગની ઉત્પાદક છે.' રાજાએ નમીને મુનિરાજને પૂછ્યું કે "હે સ્વામી! જિનપૂજા કેટલા પ્રકારની છે અને તે કરવાથી શું

ફળ પ્રાપ્ત થાય છે? તે કૃપા કરીને કહો" તેના ઉત્તરમાં કેવળી ભગવંત બોલ્યા કે–"હે રાજેન્દ્ર! જિનપૂજા કેટલા પ્રકારની છે અને તે કરવાથી શું ફળ થાય છે તે હું કહું છું સાંભળ—૧ ગંધ, ૨ ધૂપ, ૩ અક્ષત, ૪ પુષ્પ, ૫ દીપ, ૬ નૈવેદ્ય, ૭ ફળ અને ૮ જળ–એ આઠ પ્રકારે જિનપૂજા થાય છે. તેમાં પ્રથમ શ્રી જિનેન્દ્રની ગંધપૂજા કરવાથી પુરૂષ સુગંધી શરીર, સુંદરવર્ણ, પ્રશંસનીય રૂપ, સુખ તથા સૌભાગ્ય પામે છે અને પ્રાંતે પરમપદને પણ પ્રાપ્ત કરે છે. પૂર્વે શ્રી જિનેશ્વરની ગંધપૂજા કરવાથી જયસૂરરાજાએ સ્ત્રી સહિત તેજ જન્મમાં નિર્વાણપદ પ્રાપ્ત કર્યું હતું. તેની કથા નીચે પ્રમાણે–

## ગંધપૂજા વિષે જયસૂર રાજાની કથા.

વૈતાઢ્યગિરિની ઉપર દક્ષિણશ્રેણિમાં આવેલા ગજપુર નામનાં નગરમાં **જયસૂર** નામે વિદ્યાધર રાજા હતો. તેને **શુભમતિ** નામે રાણી હતી. અન્યદા ત્રીજા દેવલોકમાંથી ચ્યવી ઉત્તમ સ્વપ્ને સૂચવેલો કોઇ સમ્યગ્દૃષ્ટિ દેવતા તેણીના ગર્ભને વિષે ઉત્પન્ન થયો. એકદા રાજાએ રાણીને પૂછ્યું 'હે કૃશોદરી! તમને કેવા દોહદ થાય છે તે કહો.' રાણી બોલી 'હે સ્વામી! સાંભળો. મને એવો દોહદ થાય છે કે જાણે તમારી સાથે હું અષ્ટાપદ પ્રમુખ તીર્થે જાઉં અને જિનેંદ્ર પ્રભુની પૂજા કરૂં.' રાણીનાં આવા વચન સાંભળી રાજા તત્કાળ વિમાનમાં બેસાડીને તેને અષ્ટાપદ પર્વત ઉપર લઇ ગયો. ત્યાં વિધિવડે સ્નાન કરીને હૃદયમાં

હર્ષ પામતી એવી રાણીએ ઉત્તમ વાજીંત્રના શબ્દ થતે પ્રભુની ગંધપૂજા કરી. પછી પોતાના મનોરથ પૂર્ણ કરીને પર્વત ઉપરથી ઉતરતાં કોઇ ગહનવૃક્ષના કુંજમાંથી અતિ દુસ્સહ ગંધ તેણીને આવ્યો, એટલે હૃદયમાં વિસ્મય પામીને તેણીએ રાજાને પૂછયું કે-'હે સ્વામી! ઉત્તમ અને સુગંધી પુષ્પોવાળા આ વનમાં આવો દુસ્સહ દુર્ગંધ કયાંથી આવે છે?" રાજા બોલ્યો- 'હે પ્રિયા! શું આ તારી આગળ પોતાના ભુજદંડ ઉંચા કરીને શિલાતલ ઉપર કોઇ મુનિ ઉભા રહેલા છે. તે તારા જોવામાં નથી આવતા? પોતાના દેહને ઉર્ધ્વપણે સ્થિર કરી અને નિર્મળ સૂર્યની સામે દૃષ્ટિ રાખી ઘોર તપસ્યા કરતા આ મુનિ દેવતાઓને પણ ત્રાસ ઉત્પન્ન થાય તેવી રીતે સ્થિત રહેલા છે. સૂર્યના તીક્ષ્ણ કિરણોથી જેનું શરીર તપેલું છે અને મળના સમૂહથી જે વ્યાપ્ત છે, એવા તે મુનિના શરીરમાંથી આવો દુસ્સહ ગંધ ઉછળી રહેલો છે." તે સાંભળી રાણી બોલી કે-'હે સ્વામી! શ્રી જિનેશ્વર ભગવંતે જો કે મુનિનો ધર્મ તો અતિ ઉત્તમ કહેલો છે, પરંતુ તે મુનિઓ કદિ પ્રાસુક જળ વડે સ્નાન કરતા હોય તો તેમાં શો દોષ છે?' આ પ્રમાણે કહેતી પ્રિયાને રાજાએ કહ્યું કે "હે દયિતા! એવું બોલો નહિ. સંયમરૂપ જળમાં સ્નાન કરનારા મુનિઓ તો નિત્ય પવિત્ર જ છે." રાણી બોલી કે 'જો એમ છે તો પણ આ મુનિના અંગને આપણે પ્રાસુક જળ વડે પંખાળીએ કે જેથી આવો દુઃસહ દુર્ગંધ નાશ પામે, આ પ્રમાણેનો પોતાની પ્રિયાનો નિશ્ચય જાણી રાજાએ કમળપત્રના પડિયામાં

પર્વતના ઝરણમાંથી નીકળતું પ્રાસુક જળ ગ્રહણ કર્યું અને તે જળવડે હર્ષિત ચિત્તે મુનિવરના દેહને પ્રક્ષાલિત કર્યો. પછી તેની ઉપર અતિ ઘાટા સુગંધી ગંધનું વિલેપન કર્યું આ પ્રમાણે કરીને તે બંને મુનિવરને વંદના કરી ઉત્તમ વિમાનમાં બેસી આકાશમાર્ગે ઇચ્છિત તીર્થોની યાત્રા કરવા ગયા.

અહિં મુનિના શરીર પર લગાડેલા સુગંધમાં લુબ્ધ થયેલા ભમરાઓ સુગંધી પુષ્પવાળા વનને છોડી દઈને સમકાળે તે સાધુના શરીર ઉપર આવી ગુંજારવ કરવા લાગ્યા અને તે સુગંધના આસ્વાદન માટે ચોતરફથી તેમના શરીરને ચટકા ભરવા લાગ્યા. ભમરાઓનો આવો અતિ દુસ્સહ અને ઘોર ઉપસર્ગ થયા છતાં તે મહામુનિ મેરૂ-પર્વતની જેમ ધ્યાનથી કિંચિત્ પણ ચળાયમાન થયા નહીં. તેવામાં અનેક તીર્થોને વંદના કરીને એક પક્ષ પછી તે ખેચરરાજા જ્યાં તે મુનિ હતા ત્યાં આવ્યા, એટલે પૂર્વ સ્થાનક જોઈ રાણીએ પૂછ્યું કે 'હે સ્વામી! આપણે જ્યાં પેલા મુનિવરને જોયા હતા. તેજ આ પ્રદેશ લાગે છે પણ તે મુનિ અહીં કેમ જોવામાં આવતા નથી?' રાજાએ પ્રિયાને કહ્યું 'હે પ્રિયા! આપણે જે ઠેકાણે મુનિને જોયા હતા ત્યાં એક દવવડે દાઝેલો ખીલો દેખાય છે.' પછી વધારે તપાસ કરવા માટે તેઓ આકાશમાંથી નીચે ઉતરીને જોવા લાગ્યા તો દુષ્ટ ભમરાઓથી અત્યંત પીડા કરાતા મુનિ તેમના જોવામાં આવ્યા. તે જોઈ ખેચરે ચિંતવ્યું કે

'અમે મુનિને જે ઉપકાર કર્યો તે ઉલટો અપકાર રૂપ થઈ પડચો છે.' આવું ચિંતવી તેણે મુનિના શરીર ઉપરથી બધા ભમરાઓને ઉડાડી મૂકચા. એટલામાં તે જ સમયે ઘોર ઉપસર્ગને અંતે તે મુનિના ઘાતીકર્મનો ક્ષય થતાં તેમને સર્વ દુઃખનો નાશ કરનારૂં ઉત્તમ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. ચાર પ્રકારની દેવનિકાયના દેવતાઓ સંતુષ્ટ થઈને ત્યાં આવી કેવળજ્ઞાનનો મહિમા કરવા લાગ્યાં. તેમણે મુનિરાજના મસ્તક ઉપર સુગંધી જળથી મિશ્ર એવી પુષ્પવૃષ્ટિ કરી. જયસૂર રાજા પોતાની રાણી સહિત મુનિના ચરણમાં પડચો અને બોલ્યો કે 'હે મુનીશ્વર! અમે તમારા પ્રત્યે જે દુશ્ચરિત કર્યું છે તે ક્ષમા કરો.' મુનિ બોલ્યા "હે રાજા! તે બાબત તમે મનમાં કાંઈ પણ ખેદ કરશો નહીં, કારણ કે જેણે જેવું કર્મ બાંધ્યું હોય તેને અવશ્ય ભોગવવું પડે છે, પરંતુ મળથી મલિન એવા મુનિવરને જોઈ જે દુર્ગંચ્છા કરે છે તે દુર્ગંચ્છા વડે બંધાતા કર્મના દોષથી ભવોભવ દુર્ગંચ્છા કરવા યોગ્ય થાય છે. કહ્યું. છે કે–જેઓ મળના પંકથી અને ધૂલિથી મલિન છે, તે પુરૂષો મલિન નથી પણ જેઓ પાપરૂપ પંકથી મલિન છે, તેઓ જ ખરેખરા આ જીવલોકમાં મલિન છે." મુનિનાં આવાં વચન સાંભળી શુભમતિ રાણી ભયભીત થઈને બોલી કે 'હે ભગવન્! મેં પાપીણીએ પૂર્વે તમારી દુર્ગંચ્છા કરી છે.' આ પ્રમાણે કહીને તે વારંવાર મુનિના ચરણમાં પડી ખમાવવા લાગી. મુનિએ કહ્યું કે હે ભદ્રે! તું મનમાં જરા પણ ખેદ કર નહીં.'

આ પ્રમાણે શુદ્ધ ભાવથી ખમાવતાં તેણીએ પૂર્વે બાંધેલું સર્વ કર્મ શોષવી નાંખ્યું તો પણ એક જન્મમાં અનુભવવા જેટલું બાકી રહ્યું. પછી કેવળી ભગવંતનો કહેલો ધર્મ સાંભળી તેમના ચરણકમળમાં પ્રણામ કરીને જયસૂર રાજા પોતાની પ્રિયા સહિત પોતાના નગરમાં આવ્યો. જેનો દોહદ પૂર્ણ થયો છે એવી શુભમતિએ પૂર્વ દિશા જેમ સૂર્યને જન્મ આપે તેમ મનોહર સમયે એક ઉત્તમ પુત્રને જન્મ આપ્યો. તેનું 'કલ્યાણ' એવું નામ પાડ્યું. તે પુત્ર ઉમર લાયક થતાં તેને રાજ્ય આપીને રાજાએ શુભમતિ રાણી સહિત ગુરૂ મહારાજ પાસે દીક્ષા ગ્રહણ કરી. દીક્ષાને યથાર્થ પાળીને રાજા સૌધર્મ દેવલોકમાં દેવતા થયો અને શુભમતિ રાણી પણ મૃત્યુ પામીને તેની દેવાંગના થઇ.

દેવીનું આયુષ્ય ઓછું હોવાથી પ્રથમ દેવી દેવ સંબંધી સુખ ભોગવી ત્યાંથી ચ્યવીને હસ્તિનાપુર નગરમાં જિતશત્રુ રાજાની અતિ રૂપવતિ પુત્રી થઈ. તેનું નામ મદનાવળી રાખવામાં આવ્યું. યૌવનવયમાં દેહની વૃદ્ધિથી જ્યારે તે શોભાને પ્રાપ્ત થઇ ત્યારે રાજા જિતશત્રુએ તેને પરણાવવાને માટે સ્વયંવર કર્યો. તે સ્વયંવરમાં ઘણા વિદ્યાધર, કિંનર અને રાજાઓ એકઠા થયા; પરંતુ તે સર્વને મૂકીને તે બાળા શિવપુરના નિવાસી સિંહધ્વજરાજાને વરી. તે રાજાને રામને સીતાની જેમ તે બધા અંતઃપુરમાં અતિ વહાલથી અને પ્રાણથી પણ પ્રિય થઈ પડી. રાજા એનો

એવો ઉપગાર માનતો હતો કે 'આ રાજકન્યા મોટા મોટા વિદ્યાધરોને મૂકીને પાદચારી એવા મને સ્વયંવરમાં વરી છે.'

રાજાની સાથે વિષયસુખને અનુભવતી એવી મદનાવળીને અન્યદા મુનિને દુર્ગંચ્છા કરવાથી પૂર્વે જે કર્મ ઉપાર્જન કર્યું હતું તે ઉદયમાં આવ્યું; તેથી તેણીના દેહમાંથી એવો દુસ્સહ દુર્ગંધ છુટવા લાગ્યો કે જેથી સર્વ નગરજનો થુ થુ કરતા છતા ત્યાંથી નાસી જવા લાગ્યા. આ જોઇને રાજા સિંહધ્વજના હૃદયમાં અત્યંત દુઃખ ઉત્પન્ન થયું. તેણે પ્રવિણ વૈદ્યને તેને બતાવી, પરંતુ તેઓએ પણ તેને દૂરથી જ તજી દીધી. આ પ્રમાણે થવાથી રાજાએ ઘોર અટવીમાં એક મોટો મહેલ બંધાવીને તેમાં તેને રાખી. ત્યાં રાજસુભટો દૂર રહીને તેની સંભાળ રાખવા લાગ્યા. આવા દુસ્સહ દુર્ગંધથી દુઃખિત થયેલી રાણી ત્યાં રહી છતી ચિંતવવા લાગી કે 'દુષ્ટ દૈવે મારા શરીરને આવું કરી નાખ્યું તેથી મારા જીવિતને ધિક્કાર છે! મેં પૂર્વભવે અતિ દારૂણ પાપકર્મ કરેલું હશે, કે જેથી મારા દેહની આવી સ્થિતિ થઈ, તો હવે તો મારે તે સમ્યક્ પ્રકારે સહન કરવું, વિશેષ વિલાપ કરવાથી શું થવાનું છે!" આ પ્રમાણે ચિરકાળ ચિંતવી તેણીએ પોતાના હૃદયને ધીરજ આપી. એકદા અત્યંત દુઃખથી જેનું શરીર ભરપૂર છે એવી તે રાણી પોતાના મહેલમાં પલંગ ઉપર એકલી બેઠી છે તેવામાં તેના મહેલના ગોખ ઉપર એક શુક પક્ષીનું જોડું બેઠેલું તેના જોવામાં આવ્યું. રાણીના સાંભળતાં શુક પક્ષીને તેની પ્રિયા સુડીએ કહ્યું કે–'હે સ્વામી!

મને કોઈક રમણીક કથા કહો.' તે સાંભળી મદનાવળીએ સંતુષ્ટ થઈ ચિંતવ્યું કે 'આ સારૂં થયું. આ સુડી સુડો કાંઇક આનંદની વાત કરશે તો મને પણ દુઃખમાં જરા વિનોદ મળશે.' પછી તે શુક પક્ષીએ પોતાની પ્રિયાને કહ્યું કે 'તને એક કલ્પિત કથા કહું તે સાંભળ.' પક્ષિણી બોલી કે 'હે નાથ ! મને કલ્પિત કથા કરતાં કોઈનું સાચું ચરિત્ર કહીને સંતોષ આપો.' એટલે સુડો ચરિત્ર કહેવા લાગ્યો. તેમાં જયસૂર રાજા, તેની શુભમતિ નામે રાણી, તેઓનું અષ્ટાપદ પર્વત ઉપર જવું, ત્યાં માર્ગે કરેલી મુનિવરની દુર્ગંચ્છા, સુગંધી વિલેપન, તેથી થયેલો મુનિને ઉપસર્ગ, શુભમતિએ કરેલ પશ્ચાત્તાપ, પ્રાંતે લીધેલી દીક્ષા, ત્યાંથી દેવલોકમાં ગમન, ત્યાંથી દેવીનું ચ્યવવું અને મદનાવળી થવું– ત્યાં સુધી શુભમતિ રાણીનું સર્વ ચરિત્ર તેણે કહી સંભળાવ્યું. આ પ્રમાણે પોતાનું પૂર્વ ભવનું ચરિત્ર સાંભળીને મદનાવળીને જાતિસ્મરણ થવાથી તેને પૂર્વ જન્મનું સ્મરણ થઈ આવ્યું અને તે પોતાના આત્માની નિંદા કરવા લાગી. પછી તેણીએ મનમાં ચિંતવ્યુ કે 'આ શુક પક્ષીએ મારૂં જ સર્વ ચરિત્ર કહ્યું છે, હવે આગળ તે શું કહે છે તે સાંભળું.' એવામાં પક્ષિણી બોલી કે 'હે નાથ ! તે મદનાવળી હમણાં કયાં રહે છે ?' શુક બોલ્યો– 'ભદ્રે ! જો, આ તારી આગળ પલંગ પર બેઠેલી છે તે મદનાવળી જ છે. તે મૂઢ સ્ત્રીએ પૂર્વભવે જે સાધુની દુર્ગંચ્છા કરી હતી, તેથી આ ભવમાં તેનું શરીર અત્યંત દુર્ગંચ્છા ઉપજે તેવું થઈ ગયું છે. હવે જો તે સાત દિવસ

સુધી ત્રણ કાળ ઉત્તમ ગંધવડે શ્રી જિનેશ્વરની પૂજા કરે તો આ દુઃખમાંથી મુક્ત થાય તેમ છે.'

મદનાવળીએ આ પ્રમાણે પોતાનું દુઃખ દૂર થવાનો ઉપાય સાંભળવાથી પ્રસન્ન થઇને પોતાના સર્વ આભરણો તે શુકમિથુન તરફ નાખ્યા. એટલામાં તો તે શુકપક્ષીનું મિથુન તત્કાળ અદૃશ્ય થઈ ગયું. તે જોઇ વિસ્મય પામીને રાણી ચિંતવવા લાગી કે "આ શુકપક્ષીએ મારૂં ચરિત્ર શી રીતે જાણ્યું તેની ખબર પડતી નથી; તેથી તેનો વિશેષ વૃત્તાંત કોઇ જ્ઞાની મળશે તો પૂછી જોઈશ. પરંતુ તેના કહેવા પ્રમાણે હું શુદ્ધ બુદ્ધિવડે શ્રી જિનેન્દ્ર ભગવંતની ગંધપૂજા કરૂં." આ પ્રમાણે ચિંતવીને તે સુગંધી દ્રવ્યોવડે જિનેશ્વરની પૂજા કરવા લાગી. તેથી મંત્રવડે પિશાચીની જેમ તેણીના દેહમાંથી દુર્ગંધ નષ્ટ થઇ ગયો પોતાના દેહમાંથી સર્વ દુર્ગંધ નષ્ટ થયેલો જોઈ તેના નેત્રમાં આનંદના અશ્રુ ભરાઇ ગયા. મદનાવાળીના સમીપ ભાગમાં રહેનારા અનુચરોએ રાજા પાસે જઈને વધામણી આપી કે 'હે સ્વામી! આપના પુણ્યથી દેવી દુર્ગંધ રહિત થઇ ગયા છે.' તે વચન સાંભળી રાજા જાણે અમૃતનું સિંચન થયું હોય તેવો સંતોષ પામ્યો અને તે અનુચરોને ઘણુ દાન આપીને સંતુષ્ટ કર્યા. પછી તરત જ તે રાણીની પાસે ગયો. ત્યાં તેને તદ્દન નિરોગી જોઈ તે બહુ સંતુષ્ટ થયો. પછી રાજા પરમ સ્નેહવડે તેણીને ગજેન્દ્ર ઉપર બેસાડી આનંદ-પૂર્વક રાજમહેલમાં લઈ આવ્યા અને આખા નગરમાં મોટો મહોત્સવ કરાવ્યો.

હવે રાજા આનંદિત મને દેવી પાસે બેઠો છે તેવામાં ઉદ્યાનપાળે આવીને ખબર આપ્યા કે-'હે દેવ! આપણા મનોરમ નામના ઉદ્યાનમાં **અમરતેજ** નામના મુનિપતિને લોકાલોકને પ્રકાશ કરનારૂં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે.' તે સાંભળી હૃદયમાં અત્યંત હર્ષ પામેલી દેવીએ રાજાને કહ્યુ- 'હે સ્વામી! ચાલતા મહોત્સવમાં આ પરમ મહોત્સવ થયો છે, માટે આપણા સર્વ નગરજનોને લઇને તેમની સમીપે વંદન કરવા જવું યોગ્ય છે.' રાજાએ તે વાત કબુલ કરી અને તે સર્વ પરિવાર સાથે મુનિવરની પાસે આવ્યો. પછી કેવળી ભગવંતના ચરણકમળમાં પરિજન સહિત નમસ્કાર કરીને ધર્મ સાંભળવા માટે તેમના ચરણની સમીપ બેઠો. મુનિરાજે દેશના દેવા માંડી.

દેશનાને અંતે યોગ્ય અવસર જોઇને મદનાવળીએ મુનિરાજને પૂછ્યું કે 'હે ભગવન્! જેણે મને દુઃખીને પ્રતિબોધ આપ્યો તે શુકપક્ષી કોણ હતો?' મુનીશ્વર બોલ્યા-'હે ભદ્રે! એ તારો પૂર્વભવનો સ્વામી દેવતા હતો, તે તીર્થંકર ભગવંત પાસેથી તારૂં સવિશેષ ચરિત્ર સાંભળીને તારાં દુઃખનો નાશ કરવા સારૂં કીરયુગળનું રૂપ ધારણ કરીને તને પ્રતિબોધ કરવા આવ્યો હતો.' રાણીએ સંતુષ્ટ થઇ પુનઃ પુછ્યું કે 'હે ભગવન્! આ દેવતાઓના સમૂહમાં તે દેવ જો હોય તો મને બતાવો. મારા મનમાં તેમને જોવાનું કૌતુક છે.' કેવળી બોલ્યા 'ભદ્રે! જો આ મણિરત્નમય કુંડળના આભૂષણવાળો જે દેવતા તારી

આગળ બેઠો છે તે તારા પૂર્વ ભવનો સ્વામી છે.' પછી રાણી તે દેવતાની પાસે જઈને બોલી-'તમે મને પ્રતિબોધિત કરી તે ઘણું સારૂં કર્યું તમારા ઉપકારનો બદલો વાળવાને હું સમર્થ નથી.' તે દેવતા બોલ્યો-'હે ભદ્રે! આજથી સાતમે દિવસે હું અહિંથી ચ્યવીને ખેચરનો પુત્ર થઈશ. તેમાં જરા પણ સંદેહ નથી. તે વખત તારે આવીને મને પ્રતિબોધ આપવો.' રાણીએ તે વચન અંગીકાર કર્યું, અને કહ્યું કે 'જો મને જ્ઞાન થશે તો હું જરૂર તમને પ્રતિબોધ કરીશ. તે વિષે મનમાં જરા પણ શંકા રાખશો નહીં.' આ પ્રમાણેનો ઉત્તર સાંભળીને તે દેવ બીજા દેવતાઓની સાથે પોતાને સ્થાનકે ગયો.

દેવના ગયા પછી રાણીએ મધુર વચને રાજાને કહ્યું કે 'હે નાથ! મેં પ્રથમ દેવ સંબંધી સુખ ભોગવ્યું, વળી તમારી સાથે મનુષ્ય સંબંધી સુખ પણ ભોગવ્યું, હવે હું સર્વ દુઃખનો ક્ષય કરવા ઇચ્છું છું, માટે દીક્ષા લેવાની મને રજા આપો.' રાજા બોલ્યો કે-'દૈવયોગે હાથમાં આવેલું રત્ન પડી ગયું અને પાછું તે હાથમાં આવ્યું, તો પછી કયો વિચક્ષણ પુરૂષ તેને છોડી દે?' રાણી બોલી-'હે સ્વામી! તમારૂં હૃદય હું જાણું છું, તથાપિ મને પ્રતિબંધ કરો નહીં; કારણ કે સંયોગ અને વિયોગ તો આ સંસારમાં કોને નથી થતાં?' અત્યંત સ્નેહના મોહથી મૂઢ થયેલો રાજા તેનો ઉત્તર આપવા વિચાર કરતો હતો તેવામાં તો તેણીએ તત્કાળ ગુરૂમહારાજ પાસે જઇ દીક્ષા

ગ્રહણ કરી. તે જોઈ અશ્રુજળથી જેનાં નેત્ર પૂરાઈ ગયાં છે એવો રાજા પ્રથમ મુનિવરને નમીને પછી ગદ્ગદ્ વાણી-વડે બોલતો મદનાવળીને પણ નમ્યો; અને પુનઃ ગુરૂના મુખથી ધર્મ સાંભળી પોતાને ઘેર આવ્યો. પછી વિશેષ-પણે જૈનધર્મ આચરવા લાગ્યો.

આર્યા મદનાવળી પણ બીજી આર્યાઓની સાથે વિહાર કરવા લાગી અને શુદ્ધ ભાવથી ઉગ્ર તપસ્યા કરવા લાગી.

પેલો દેવતા સ્વર્ગલોકમાંથી ચ્યવીને પવન નામના ખેચરનો પુત્ર થયો. તેનું નામ મૃગાંક પાડવામાં આવ્યું. અનુક્રમે તે યોવનગુણથી સંપન્ન થયો. એક વખતે આર્યા મદનાવળી રાત્રે પોતાના આશ્રમના દ્વાર આગળ નિશ્ચળ ધ્યાનમાં રહેલી હતી. તે વખતે દિવ્ય વિમાનમાં બેસીને આકાશમાર્ગે જતા મૃગાંકકુમારના જોવામાં આવી. સુવર્ણ તથા મણિમય આભૂષણોથી જેનું શરીર વિભૂષિત છે એવો તે કુમાર પોતાની વિદ્યાધરપણાની સમૃદ્ધિને દર્શા-વતો સતો મદનાવળીની પાસે આવીને કહેવા લાગ્યો કે– "હે કૃશોદરી! આવું ઉગ્ર તપ શા માટે કરે છે? જો તને ભોગસુખની ઈચ્છા હોય તો હું કહું તે સાંભળ. હું મૃગાંક નામે ખેચરકુમાર છું અને રત્નમાળાનું પાણિગ્રહણ કરવા માટે જાઉં છું. માર્ગે જતાં તું મારા જોવામાં આવી છે તો આ ઉત્તમ વિમાનમાં તું બેસી જા. મારે રત્નમાળાનું કાંઈ કામ નથી. તું મારી સાથે ખેચરનગરમાં આવીને ઉત્તમ સુખભોગ ભોગવ."

આ પ્રમાણે અનેક જાતનાં ખુશામત ભરેલાં વચનો તેણે કહ્યા તથાપિ મેરૂપર્વતની ચુલિકાની જેમ મદનાવળી આર્યા પોતાના સત્વથી જરા પણ ચળાયમાન થયા નહીં. જેમ જેમ પૂર્વ જન્મના સ્નેહવડે વિદ્યાધરકુમાર તેની આગળ કામવિકાર દર્શાવવા લાગ્યો તેમ તેમ તે ગુરુ સત્ત્વવડે શુભ ધ્યાનમાં વિશેષ આરૂઢ થતા ગયા. પછી મોહથી મૂઢ થયેલો તે વિદ્યાધરકુમાર તેને અનુકૂળ ઉપસર્ગ કરવા લાગ્યો, તેવામાં તો તેને નિર્મળ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. એટલે દેવતાઓએ આવીને કેવળજ્ઞાનનો મહોત્સવ કર્યો; અને તેના મસ્તક ઉપર પુષ્પની વૃષ્ટિ કરી. તે જોઈ વિદ્યાધરકુમાર હૃદયમાં વિસ્મય પામ્યો છતો તેમના મુખની સામું જોઇ રહ્યો. અવસરે કેવળી બોલ્યા કે—"તું પ્રથમ ખેચર થઇને પાછો મારી સાથે દેવલોકમાં પણ વસ્યો હતો, ત્યાંથી ચ્યવીને પાછો ખેચર થયો છે; તથાપિ તું મારી સ્નેહને છોડતો નથી; પરંતુ હે મહાશય! હવે સંસારના કારણરૂપ મોહને છોડી દે, અને એકચિત્ત થઇને ધર્મને વિષે ઉદ્યમ કર."


આવા કેવળીનાં વચનો સાંભળીને તેને પૂર્વ જન્મનો સંબંધ યાદ આવ્યો. તેથી તત્કાળ તે સંવેગને પ્રાપ્ત થયો અને તેણે પોતાના કેશનો પોતાના હાથે જ લોચ કર્યો. પછી કેવળીના ચરણમાં નમીને બોલ્યો કે 'હે ભગવતી! તમે અંગીકાર કરેલ વચન સત્ય કર્યું છે. વળી મને પ્રતિબોધ પમાડીને મારો પ્રત્યુપકાર પણ કર્યો છે.'

આ પ્રમાણે કહીને તે ખેચરે તરત જ જૈન દીક્ષા ગ્રહણ કરી. પછી ઉગ્ર તપવડે કર્મનો ક્ષય કરીને તે શાશ્વત સ્થાન (મોક્ષ) ને પ્રાપ્ત થયા.

આર્યા મદનાવળી પણ કેવળી પર્યાયને પાળી અનેક ભવ્યજનોને પ્રતિબોધ પમાડી શાશ્વત સુખને પ્રાપ્ત થયા.

"અગરૂ, ચંદન, કર્પૂર તથા બીજા સુગંધી દ્રવ્યો વડે જે શ્રી જિનેશ્વર ભગવંતની પૂજા કરે છે તે મદનાવળીની જેમ ઇદ્રોથી પૂજાય છે."

**इति गंधपूजा विषये जयसूरमदनावली कथानकं प्रथमं समाप्तम्**



# ધૂપપૂજા વિષે વિનયંધરની કથા.

જે પુરૂષ કસ્તુરી, ચંદન, અગરૂ, કપૂર અને સુગંધી ગંધવાળા ધૂપથી શ્રી જિનચંદ્રની પૂજા કરે છે તે પુરૂષ દેવતાઓના સ્વામી ઈંદ્રોથી પૂજાય છે. પૂર્વે **વિનયંધર** નામે કુમાર શ્રી જિનેશ્વરની ધૂપપૂજાવડે ભક્તિ કરવાથી દેવ અને મનુષ્યોને પૂજવા યોગ્ય થઇ સાતમે ભવે મોક્ષ-સુખ પામ્યો હતો. તેની કથા આ પ્રમાણે—

*શ્રીપોતનપુર નામના નગરમાં* ***વજ્રસિંહ*** *નામે રાજા* રાજ્ય કરતો હતો. ચોતરફ પોતાના પ્રતાપને પ્રસારતો તે રાજા શત્રુ રૂપ ગજેન્દ્રોમાં સિંહ જેવો હતો. તેના સર્વ અંતઃપુરમાં હૃદયને હરનારી કમળા અને વિમળા નામે બે રાણીઓ હતી. નિર્મળ ગુણવાળી તે બન્ને રાણી જાણે રાજાની જયપતાકા હોય તેવી લાગતી હતી. અન્યદા બન્ને રાણીના ઉદરથી **કમળ** અને **વિમળ** નામે બે સુંદર અંગવાળા પુત્રો દૈવયોગે એક જ દિવસે જન્મ્યા. આથી વિસ્મય પામીને રાજાએ કોઈ નિમિત્તિયાને પૂછ્યું કે 'આ એક સાથે જન્મેલા બે પુત્રોમાં મારા રાજ્યપદને યોગ્ય કયો પુત્ર થશે ?' વિમળારાણીએ સેવાભક્તિથી વશ કરેલા તે નિમિત્તિયાએ કહ્યું કે 'તમારી કમળા રાણીનો પુત્ર જો રાજ્યપદે આવશે તો તમારૂં સર્વ રાજ્ય નાશ પામી જશે. બાકી તમારી વિમળા રાણીનો પુત્ર સર્વ લક્ષણ તથા

ગુણોથી યુક્ત છે અને તેના શરીર પર નિર્મળ ગુણરત્નો જણાય છે; માટે તે કુમાર તમારા રાજ્યનો ધુરંધર થવાને યોગ્ય છે.' નિમિત્તિયાનાં આવાં વચનથી પ્રછન્ન ક્રોધથી પ્રજ્વળિત થયેલા રાજાએ કમળાના કુમાર કમળને અરણ્યમાં મૂકી દેવા માટે પોતાના પુરુષોને આજ્ઞા કરી. તેઓ રાત્રિએ કમળાની પાસે આવ્યા અને રૂદન કરતી એવી કમળાના ખોળામાંથી દશ દિવસના બાળકને ઉપાડી લઈને તેઓ નગરની બહાર નીકળી અરણ્યમાં ચાલ્યા ગયા. પછી તેને જંગલમાં મૂકી દઇ પાછા આવીને તે પુરૂષોએ રાજાને જણાવ્યું કે 'હે સ્વામી! અમે કુમારને તેવે ઠેકાણે મૂક્યો છે કે જ્યાં રહેવાથી તે ક્ષણવાર પણ જીવી શકે નહીં." તેમનાં આવાં વચન સાંભળીને રાજાના નેત્ર અશ્રુજળથી પૂરાઈ ગયાં. પછી પશ્ચાત્તાપથી હણાયેલા રાજાએ તે પુત્રને જલાંજલી આપી. પુત્રના વિરહથી દુઃખવડે ભરપૂર થયેલા હૃદયવાળી કમળાએ એવું રૂદન કર્યું કે હૃદયમાં કરૂણા આવવાથી નગરલોકોને પણ તેણે રોવરાવી દીધાં.

અહીં અરણ્યમાં પડેલા તે બાળકને માંસપિંડ જાણીને કોઇ ભારંડ પક્ષી ચાંચમાં લઇ આકાશમાં ઉડયું. તે બીજા ભારંડ પક્ષીના જોવામાં આવ્યું. તે બંને પક્ષી પરસ્પર તે બાળકને ઝુંટવા લાગ્યા. બંનેની ઝપટમાં તે બાળક પહેલા ભારંડના ચંચુપટમાંથી છુટી જઇને નીચે કોઈ કુવામાં પડયો. તે કુવામાં પૂર્વે ગ્રીષ્મઋતુના અત્યંત તાપથી પિડિત થયેલો અતિ તૃષાતુર કોઈ પુરૂષ જળ પીવા આવતાં પડી ગયેલો હતો. તેણે પોતાના દેહથી કાંતિથી કુવાની

અંદર ચોતરફ ઉદ્યોત કરતા તે બાળકને ઉલ્કાના સમૂહની જેમ અંદર પડતો દીઠો, એટલે તે બાળક જળમાં ડુબે તે અગાઉ તેણે ભૂજાદંડ વડે ઝીલી લઈને પિતા જેમ પુત્રને છાતી ઉપર રાખે તેમ તે બાળકને છાતી ઉપર સ્થાપિત કર્યો. પછી તે વિચારવા લાગ્યો કે 'હવે અહીં મને મૃત્યુ પામવાનું દુઃખ લાગતું નથી; પણ આ બાળક મારા વિના અહીં શી રીતે જીવશે? તેની ચિંતા થાય છે; અથવા એવો વિચાર શા માટે કરવો? કારણ કે મારાથી કાંઇ એને જીવાડી શકાય તેમ નથી. પ્રાણી માત્ર પૂર્વ કર્મના યોગથી જ જીવે છે.' આ પ્રમાણે તે પંથી હૃદય ઉપર બાળકને રાખીને ચિંતવે છે તેવામાં સુબંધુ નામે કોઇ સાર્થવાહ તે અરણ્યમાં આવી ચડયો.

અહીં કુવામાં ક્ષુધાથી પીડિત થયેલો બાળક પેલા પંથીને ગળે વળગીને પોતાના દુઃખશલ્યને પ્રગટ કરતો છતો કરૂણ સ્વરે રૂદન કરવા લાગ્યો. તેને રોતો જોઇને પેલા પથિકને બહુ દુઃખ લાગી આવ્યું, તેથી તે પણ બાળકને પોતાના ખોળામાં બેસાડીને છુટે સ્વરે રૂદન કરવા લાગ્યો, તેવામાં પેલા સાર્થવાહના પુરૂષો જળ ભરવાને માટે ત્યાં આવ્યા. તેઓએ કુવામાં થતો રૂદનનો શબ્દ સાંભળ્યો, એટલે તે સર્વ વૃત્તાંત તેમણે સાર્થવાહ પાસે જઈને જણાવ્યો. તે સાંભળી સાર્થવાહ કેટલાક પુરૂષોની સાથે ત્યાં આવ્યો અને તેણે આદરપૂર્વક બુદ્ધિની કુશળતાથી કોઈ પ્રયોગવડે તે બાળક સહિત પેલા પથિકને કુવા

બહાર કાઢ્યો. બહાર નીકળવાથી મનમાં હર્ષ પામીને પેલા પુરૂષે સાર્થવાહને પ્રણામ કર્યો, અને કહ્યું કે-'તમે આ બાળકને તેમજ મને મોટું જીવિતદાન આપ્યું છે.' સાર્થવાહે પૂછ્યું કે 'તમે કોણ છો ? અને આ બાળક કોનો છે કે જેથી આ બાળકની ઉપર તમને આટલો બધો સ્નેહનો પ્રતિબંધ થયેલો છે ?' તે પુરૂષે કહ્યું-' હું દારિદ્રના દુઃખથી દુઃખી થઇ દેશાન્તરે નીકળ્યો છું. માર્ગે અત્યંત તૃષા લાગવાથી પીડિત થઇ આ કુવામાં પડી ગયો હતો. આજે આકાશમાંથી કુવામાં પડતાં આ બાળકને મેં દીઠો અને કરૂણા આવવાથી ઝીલી લીધો, ત્યારથી જ મને તેની સાથે સ્નેહનો પ્રતિબંધ થયો છે, પરંતુ હું દ્રવ્ય વગરનો છું તેથી આ બાળકનું પ્રતિપાલન કરવાને અસમર્થ છું; માટે હે સત્ય પુરૂષ ! આ બાળક હું તમને સોંપું છું, તમે તેને ગ્રહણ કરો.' સાર્થવાહે મનમાં હર્ષ પામીને તરત જ બાળકને ગ્રહણ કર્યો અને પેલા પુરૂષને એટલું દાન આપ્યું કે જેથી તે પણ દ્રવ્યવાન થયો. સાર્થવાહે બાળકનું **વિનયંધર** એવું નામ રાખી તેને પોતાની પ્રિયતમાને સોંપી દીધો. તે સ્ત્રી પણ અત્યંત સ્નેહથી તેનું પુત્રવત્ પાલન કરવા લાગી. સાર્થવાહ હંમેશાં પ્રયાણ કરતો છતો વિનયંધરને લઇને ત્યાંથી આગળ ચાલ્યો, અને થોડા દિવસમાં પોતાના કાંચનપુર નામના નગરમાં આવી પહોંચ્યો.

વિનયંધરકુમાર જો કે સાર્થવાહના પુત્ર જેવો લાગતો હતો તથાપિ લોકો તેને સાર્થવાહનો સેવક કહીને જ બોલાવતા હતા. લોકોનાં આવા વચનથી વિનયંધર મનમાં

અત્યંત દુભાવા લાગ્યો, કારણ કે પરગૃહવાસી કયો પુરૂષ તેવી સ્થિતિમાં રહેતાં દુઃખાય નહીં ?

એકદા તે વિનયંધર રમતો રમતો કોઈ જિનગૃહ પાસે આવી ચડ્યો. ત્યાં કોઇ મુનિનાં મુખથી જિનેશ્વરની ધૂપ-પૂજા કરવા સંબંધી ઉપદેશ તેણે આ પ્રમાણે સાંભળ્યો કે–'કસ્તુરી, ચંદન, અગરૂ અને કર્પૂર વિગેરે સુગંધી ધૂપ અને પુષ્પોથી જે શ્રી જિનચંદ્રની પૂજા કરે છે તે દેવતાઓના ઈંદ્રોથી પૂજાય છે.' આવાં મુનિનાં વચનો સાંભળીને વિનયંધરે ચિંતવ્યું કે 'જેઓ નિત્ય શ્રી જિનેશ્વર ભગવંતની ઉત્તમ ધૂપપૂજા કરે છે તેઓને ધન્ય છે. હું તો એક દિવસ પણ તેવી જિનપૂજા કરવાને સમર્થ થતો નથી, તેથી મારા જેવા ધર્મથી હીનના જન્મને ધિક્કાર છે.'

આ પ્રમાણે ચિંતવતો બાળક પોતાને ઘેર આવ્યો. તે અવસરે કોઇ ગાંધીએ આવીને સાર્થવાહને સુગંધી ધૂપ અર્પણ કર્યો. સાર્થવાહે તે ધૂપના જુદા જુદા પડીકાં બંધાવીને સર્વ સેવકોને વહેંચી દીધા, તેમાંથી એક પડીકું વિનયંધરને પણ મળવાથી તે હૃદયમાં બહુ સંતુષ્ટ થયો. બીજા પરિજનોએ તે ધૂપ ચંડિકાદિ દેવતાઓની પાસે દહન કર્યો અને વિનયંધર તો તે ધૂપ લઇને સંધ્યાકાળે જિનભવનમાં ગયો. ત્યાં જઇ હાથ પગ ધોઇ વસ્ત્ર વડે નાસિકા બાંધીને તેણે એ ઉત્તમ ધૂપ પ્રભુની આગળ દહન કર્યો. એ ઉત્તમ ધૂપની સુગંધ પૃથ્વી અને આકાશમાં સર્વત્ર પ્રસરી ગઇ. પછી એ ધીર પુરૂષે ધૂપનો કડુચ્છ (ધૂપધાણું)

હાથમાં રાખીને એવી પ્રતિજ્ઞા કરી કે 'આ ધૂપધાણામાં રહેલો ધૂપ જ્યાં સુધી દહન થઈ રહે નહીં ત્યાં સુધી પ્રાણાંત ઉપસર્ગ થાય તો પણ મારે આ સ્થાનેથી ખસવું નહીં.'

તે સમયે ધૂપના સુગંધથી લુબ્ધ થયેલી કોઈ યક્ષિણીએ આકાશમાર્ગે ત્યાં આવતાં પોતાના સ્વામી યક્ષને કહ્યું કે 'હે સ્વામી! જુઓ, આ યુવાન પુરૂષ શ્રી જિનેશ્વર ભગવંતની આગળ ઉત્તમ ધૂપ બાળે છે. માટે તે યુવાન આવા અતિ સુગંધી ધૂપને પ્રભુની આગળ દહન કરીને પોતાને સ્થાને જાય ત્યાં સુધી ક્ષણવાર આપણા વિમાનને અહીં થોભવો.' સ્ત્રીજાતિના હઠને સમજનારા યક્ષને પોતાનું વિમાન ત્યાં થોભાવવું પડ્યું. પછી યક્ષિણીનો દુરાગ્રહ જોઇને તેણે ધાર્યું કે 'હું કાંઈક ઉપદ્રવ કરીને આ પુરૂષને પોતાના સ્થાનકથી ચળાયમાન કરૂં કે જેથી મારી સ્ત્રી અહીંથી ગમન કરવા હા પાડે.' આ પ્રમાણે વિચારીને તે યક્ષ ભયંકર સર્પનું રૂપ ધારણ કરીને વિનયંધર પાસે આવ્યો. યક્ષે રચેલા સર્પના રૂપને જોઈને બીજા સર્વ લોકો ત્યાંથી નાસી ગયા, એકલો વિનયંધર ત્યાં સ્થિત રહ્યો. તે જોઈને યક્ષે દિલમાં રોષ લાવી ચિંતવ્યું કે 'મારા ભયંકર રૂપથી મૃત્યુની શંકા પામીને બીજા સર્વે તો નાસી ગયા, પણ માત્ર એકલો વિનયંધર પર્વતની જેમ પોતાના સ્થાનથી ચળાયમાન થયો નહીં; તેથી હવે હું એવું કરૂં કે જેથી તે પોતાનું જીવિત પણ છોડી દે, અર્થાત્ મરણ પામે.' આવું વિચારી તે યક્ષ સર્પને રૂપે વિનયંધરના

શરીરે વીંટાઇ વળ્યો, અને અંગમાં ભરડો દઇ તેના હાડને મરડી નાખી ઘણી પીડા ઉત્પન્ન કરી; તથાપિ તે વિનયંધર પોતાના સ્થાનથી લગરમાત્ર ચલિત થયો નહીં, તેની આવી દૃઢતા જોઇને યક્ષ તેનાપર સંતુષ્ટ થયો અને તેની આગળ પ્રત્યક્ષ થઇને તેણે કહ્યું કે 'હે ભદ્ર! તારા સત્યથી હું જીતાઇ ગયો છું, તેથી તારી જે ઈચ્છા હોય તે માગી લે.' વિનયંધરે ધૂપ બળી રહેવાથી પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ થઇ હતી એટલે તેને નમસ્કાર કરીને કહ્યું કે 'આપનું દર્શન થયું, એથી મને સર્વ વસ્તુ પ્રાપ્ત થઇ ચૂકી છે.' આ સાંભળી યક્ષ અધિક સંતુષ્ટ થઈને બોલ્યો 'હે સત્પુરૂષ! એવુ વચન બોલીશ નહીં, જે ઈચ્છા હોય તે માગી લે. કારણ કે 'દેવતાઓનું દર્શન નિષ્ફળ થતું નથી.' આ પ્રમાણે કહીને હૃદયમાં અતિહર્ષ પામેલા તે યક્ષે તેના માગ્યા શિવાય સર્પના વિષને નાશ કરે તેવું એક રત્ન વિનયંધરને આપ્યું; અને બીજું જે જોઈએ તે માગી લેવા કહ્યું, એટલે વિનયધરે નમસ્કાર કરીને કહ્યું કે 'મારૂં દાસપણું દૂર કરો અને મારૂં કુળ પ્રગટ કરો. યક્ષ 'યથાસ્તુ' એમ કહીને તત્કાળ અંતર્ધ્યાન થઇ ગયો.

પછી વિનયંધરે પ્રભુને નમન કરી ભક્તિથી આ પ્રમાણે કહ્યું-"હે પ્રભુ! અજ્ઞાનથી અંધ એવો હું તમારા ગુણરૂપી માર્ગમાં જવાને સમર્થ નથી. તથાપિ હે જિન! તમને ધૂપદાન કરવાથી કદિ તેનો અધિકારી હું થાઉં એમ જણાય છે.' આ પ્રમાણે પ્રભુની સ્તુતિ કરી વારંવાર ભાવ-

પૂર્વક પ્રણામ કરીને આત્માને કૃતાર્થ માનતો વિનયંધર પોતાને ઘેર આવ્યો.

હવે તે નગરનો **રત્નરથ** નામે રાજા હતો; તેને **કનકપ્રભા** નામે રાણી હતી; તેમને **ભાનુમતી** નામે એક કન્યા હતી. તે કન્યા ઘણા પુત્રોની ઉપર થયેલી હોવાથી રાજાને અત્યંત વહાલી છે. દૈવયોગે કોઈ ઉગ્ર સર્પે તે કન્યાને ડંશ કર્યો એટલે 'દોડો, દોડો, રાજપુત્રીને સર્પે કરડી'' એવો કોલાહલ શબ્દ બધા રાજભુવનમાં વ્યાપી રહ્યો. તે સાંભળી 'અરે ! શું થયું ? એમ બોલતો અને નેત્રજળથી કપોળભાગને ન્હવરાવતો રાજા પરિજનની સાથે કન્યાના ભવનમાં દોડી આવ્યો. ત્યાં કન્યાને સુકા કાષ્ટાની જેમ નિશ્ચેષ્ટ સ્થિતિમાં પડેલી જોઈ રાજાની આંખ મીચાઇ ગઈ અને તે પૃથ્વી ઉપર પડી ગયો. ક્ષત ઉપર ખાર પડયા જેવું આ રાજા સંબંધી દુ:ખ જાણી અંતઃપુર સહિત લોકો ઉંચે સ્વરે આક્રંદ કરવા લાગ્યા. પછી રાજાના અંગ ઉપર ચંદનજળનું સિંચન કરવાથી તે સચેત થયો એટલે તેણે સર્પના વિષને નાશ કરવા માટે અનેક વૈદ્યોને બોલાવ્યા; પરંતુ તેઓએ પણ પોતાના ઉપાય કામ ન લાગવાથી હાથ ખંખેર્યા, એટલે રાજા નિશ્ચેષ્ટ થયેલી કન્યાને મૃત્યુ પામેલી જાણીને વાજિંત્રોના નાદ સાથે સ્મશાનમાં લઈ ગયો. ત્યાં ચંદનના કાષ્ઠોની ચિતા રચીને તેની ઉપર રાજકન્યાને સુવાડી, અને અગ્નિ પણ મૂકવા માટે પાસે લાવ્યા, તેવામાં પેલો વિનયંધર કોઇ ગામ

જઇને પાછો આવતાં તે માર્ગે નીકળ્યો ત્યાં તેણે રાજાને અને લોકોને સ્મશાનમા રૂદન કરતાં જોયાં. તે જોઇ કોઇ પુરૂષને તેણે પૂછ્યું. કે 'આ રાજા અને લોકો કેમ રૂવે છે?' એટલે તે પુરૂષે રાજકન્યા સંબંધી બધો વૃતાંત તેની આગળ જણાવ્યો. તે સાંભળી વિનયંધરે તેને કહ્યું કે 'જા, તારા રાજાને જઇને કહે કે 'કોઈ પુરૂષ રાજકન્યાને જીવિત આપે છે.' તેણે જઇને રાજાને કહ્યું કે 'કોઈ પુરૂષ કહે છે કે 'હું રાજકન્યાને જીવિત આપું.' તે વચન સાંભળી હૃદયમાં હર્ષ પામેલા રાજાએ તરત જ તેને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું કે 'જો તું એને જીવિતવ્ય આપે તો હું તને એ કન્યા અને અર્ધું રાજ્ય આપું; વળી વિશેષમાં જે કાંઈ તુ કહે તે સર્વ આપું. વધારે શું કહું! મારો જીવ માગે તો તે પણ આપું.' રાજાનાં આવાં વચન સાંભળી વિનયંધરે નમીને જણાવ્યું કે 'હે દેવ! એવું બોલો નહીં. જ્યારે તમારૂં કાર્ય સિદ્ધ થાય, ત્યારે જે તમને યુક્ત લાગે તે કરજો.' પછી વિનયંધર ચિતા પાસે આવ્યો અને કહ્યું કે 'એ કન્યાને બહાર કાઢીને મારી પાસે લાવો.' એટલે રાજસેવકોએ તત્કાળ તેને ચિતામાંથી કાઢી; અને ઘણા લોકોની સમક્ષ વિનયંધર પાસે લાવીને સુવાડી. વિનયંધરે અક્ષત ને પુષ્પથી યુક્ત એવું ગોમયનું મંડળ રચાવીને તેમાં તેને મૂકાવી. પછી યક્ષનું સ્મરણ કરીને પેલા રત્નવાળા જળનું તે રાજપુત્રી ઉપર સિંચન કર્યું. કન્યાના ગાત્ર ઉપર રત્નજળનું સિંચન થતાં જ તે સચેત થઇ અને પાસે રહેલા લોકોની સામું જોવા લાગી. તેને

સચેષ્ટ થયેલી જોઇને રાજાએ તેને પોતાના ખોળામાં બેસાડી, અને આનંદથી ઉઠેલી અશ્રુજળની ધારા વડે તેનું પ્રક્ષાલન કરવા લાગ્યો. પછી રાજાએ ગદ્ગદ્ વાણીએ રાજકન્યાને પૂછ્યું કે 'વત્સે ! તારા શરીરમાં કાંઈ પીડા થાય છે ?' રાજકન્યાએ કહ્યું કે 'મને કાંઈ પીડા થતી નથી, પણ આ ચિતા શા માટે રચેલી છે ? આ સ્મશાન-ભૂમિમાં હું ક્યાંથી ? આ માંડવી કોના માટે તૈયાર કરેલી છે. અને આ લોકો દુઃખી થયા હોય તેમ મારી પાસે કેમ રૂવે છે ?' તે સાંભળી નેત્રમાં અશ્રુજળ લાવીને રાજા બોલ્યો–'હે પુત્રી ! તને સર્પે ડંશી હતી. તું તદ્દન નિશ્ચેષ્ટ થઈ ગઇ હતી. સર્વ વૈદ્યોએ તને તજી દીધી હતી. અને તને ગતપ્રાણ જાણીને આ માંડવીમાં બેસાડી અમે અહીં સ્મશાનમાં તને લાવ્યા હતા. આ ચિતા પણ તારે માટે રચાવી હતી. તેવામાં નિષ્કારણવત્સલ એવા આ પુરૂષે તને પ્રાણ આપ્યા છે.' તે સાંભળી રાજકન્યા બોલી કે–'જો એણે મને પ્રાણ આપ્યા છે. તો હું પણ મારા પ્રાણ તેને અર્પણ કરૂં છું.' રાજાએ કહ્યું કે 'બહું સારૂં' પછી રાજા તે રાજકન્યાને હાથી ઉપર બેસાડી વિનયંધર સહિત પોતાના દરબારમાં લાવ્યો, અને નગરમાં ફરીવાર તેનો જન્મોત્સવ કરાવ્યો.

પછી રાજાએ પોતાના મંત્રીને વિનયંધરનો મૂળ વૃત્તાંત તથા તેની કુળની શુદ્ધિ વિષે પૂછ્યું. મંત્રીએ કહ્યું કે 'એ સુબંધુ સાર્થવાહનો કિંકર છે, તેથી તેનો મૂળ

વૃત્તાંત તે જાણતો હશે.' રાજાએ સુબંધુને બોલાવીને પુછયું એટલે તેણે કહ્યું કે 'હું એની મૂળ શુદ્ધિ કાંઈ પણ જાણતો નથી. મને તો એ એક કુવામાંથી મળ્યો છે.' આમ કહીને કુવા સંબંધી બધો વૃત્તાંત તેણે કહી સંભળાવ્યો. તે સાંભળી રાજા જાણે વજ્રથી હણાયો હોય તેમ દુઃખી થઇ ચિંતા કરવા લાગ્યો કે 'જેનું કુળ પણ જાણવામાં નથી તેને હું મારી પુત્રી શી રીતે આપું ? અને કન્યા આપવાની પ્રતિજ્ઞા કરીને જો હવે કન્યા ન આપું તો હું અસત્યવાદી કહેવાઉં.' આ પ્રમાણે રાજાનું મન ડોળાયમાન થવા લાગ્યું, તેવામાં પેલા યક્ષે પ્રત્યક્ષ થઇને રાજાને કહ્યું કે 'હે રાજન્ ! આ વિનયંધર પોતનપુરના રાજા વજ્રસિંહનો કુમાર છે. કમલારાણીનાં ગર્ભમાં ઉત્પન્ન થયેલો છે. જન્મતાં જ તેના પિતાએ વનમાં તજી દીધો હતો, ત્યાંથી ભારંડપક્ષીએ ઉપાડ્યો હતો અને તેની ચાંચમાંથી છટકીને તે કુવામાં પડ્યો હતો, તે કુવામાં પ્રથમથી પડેલા કોઇ પુરૂષે તેને ઝીલી લીધો હતો. પછી જ્યારે તે કુવામાંથી બહાર નીકળ્યો ત્યારે તેણે એ બાળક આ સાર્થવાહને અર્પણ કર્યો હતો.' આ પ્રમાણે સર્વ વૃત્તાંત કહીને તે યક્ષ અંતર્ધ્યાન થઈ ગયો.

આ પ્રમાણેનાં યક્ષનાં વચનો સાંભળી રાજા હૃદયમાં હર્ષ પામીને બોલી ઉઠ્યો કે 'અહો ! આ તો મારી બેન કમલાનો પુત્ર હોવાથી મારો ભાણેજ થાય છે.' પછી હૃદયમાં આનંદ ધરી તેણે પોતાની કન્યા વિનયંધરને આપી. વિનયંધર તે રાજકન્યા **ભાનુમતિ**ને મોટી સમૃદ્ધિ સાથે

પરણ્યો, તે સાથે તેને જિનેંદ્રપૂજાના પ્રભાવથી મોટું રાજય પ્રાપ્ત થયું, પોતાના વંશની શુદ્ધિ થઈ અને સેવકપણું નાશ પામ્યું.

પછી પોતાના પિતાની ઉપર ઘણા ક્રોધને ધારણ કરતો વિનયંધર મોટું સૈન્ય લઇને પોતનપુર તરફ ચાલ્યો. અનુક્રમે અવિછિન્ન પ્રયાણ કરતો વિનયંધર પોતનપુર પાસે પહોંચ્યો, એટલે તેની માતા કમલાનું વામ અંગ તથા વામલોચન ફરકવા લાગ્યું. પોતાનો પુત્ર આવે છે તે હકીકત નહીં જાણતો એવો રાજા વજ્રસિંહ કોઈ રાજા સૈન્ય સહિત ચડી આવ્યો છે એમ જાણી કવચ ધારણ કરીને સામો યુદ્ધ કરવા નીકળ્યો. પિતાપુત્રની વચ્ચે એવું મોટું યુદ્ધ થયું કે જેમાં હસ્તીઓના સંઘટ્ટથી સુભટો કચરાઇ જવા લાગ્યા અને સુભટોના હાથમાં રહેલા ભાલાના અગ્રભાગથી હસ્તીઓના સમૂહ ભેદાવા લાગ્યા. છેવટે રાજાએ નિઃશંકપણે પોતાના પુત્રની ઉપર બાણની પંક્તિ છોડવા માંડી કે જે લોહવાળી શરપંક્તિ તેના વક્ષઃસ્થળ ઉપર આવીને પડી. વિનયંધરે સશંકપણે બાણવૃષ્ટિ કરી કે જેથી તેના પિતાના રથ ઉપરની ધ્વજા તથા છત્ર ભાંગી પડયા અને બાણપંક્તિ દૂર જઇને પડી. પછી રાજાએ અત્યંત ક્રોધાયમાન થઇને પોતાના ધનુષ્ય ઉપર બાણ ચડાવ્યું, એટલે પેલાયક્ષે આવીને તેને સ્થંભિત કરી દીધો. તેથી તે ચિત્રમાં આલેખેલો હોય તેવો થઇ રહ્યો. તે વખતે અભ્યંતરના તાપથી તપેલા રાજાના શરીર ઉપર ચંદનનું

વિલેપન કરવાનું રાજસેવકો બોલ્યા, એટલે વિનયંધરે હસતાં હસતાં કહ્યું કે 'ચંદનનું વિલેપન કરવું રહેવા દઇને તેને અશુચિનું વિલેપન કરો કે જેથી તેના દેહમાં રહેલો તાપ નાશ પામે.' તે વખતે પેલા યક્ષે વિનયંધરને કહ્યું કે 'હે વત્સ! એવું વચન બોલ નહીં. જો કે એણે તને તજી દીધેલો છે તો પણ તે તારો પિતા છે. યક્ષે રાજાને કહ્યું કે 'હે રાજન્! તમે પરાભવ પામવાથી થયેલા સંતાપને છોડી ઘો. આ વિનયંધર તમારો પુત્ર છે કે જેને તમે અરણ્યમાં મૂકાવી દીધો હતો.' આ પ્રમાણેનાં યક્ષનાં વચન સાંભળી જાણે અમૃતથી સિંચિત થયો હોય તેમ રાજા અત્યંત આનંદ પામ્યો. વિનયંધરે પણ તેમની પાસે જઈ પ્રણામ કરીને પોતાના અવિનયની ક્ષમા માગી. પિતાએ પુત્રને આલિંગન કર્યું અને સ્નેહથી મસ્તક ઉપર ચુંબન કર્યું. પછી કહ્યું કે 'હે વત્સ! મેં તારી ઉપર જે દુશ્ચેષ્ટા કરી છે તે સર્વની ક્ષમા કરજે.'

આ વાર્ત્તાની નગરમાં ખબર પડવાથી સ્તનમાંથી દુધની ધારાને છોડતી વિનયંધરની માતા દુરથી ત્યાં દોડી આવી અને વાછરડાને ગાય હેત બતાવે તેમ પ્રીતિપૂર્વક આલિંગન કરીને પુત્રના મુખ ઉપર ચુંબન કરવા લાગી. તે સાથે કહેવા લાગી કે 'તે સ્ત્રીને ધન્ય છે કે જેણે તને ઉત્સંગમાં રાખીને સ્તનપાન કરાવ્યું.' આ પ્રમાણે કહેતી કમલા પોતાના જન્મને ધિક્કારવા લાગી.

રાજાએ પોતાના નગરમાં પુત્રના આવવાનો ઉત્સવ

કરાવ્યો. પછી તેને પોતાનું રાજ્ય આપવાની ઇચ્છાથી કહ્યું કે- 'હે પુત્ર ! તું આ રાજ્યને ગ્રહણ કર, એટલે હું શ્રી જિનેશ્વર ભગવંતની કહેલી દીક્ષા અંગીકાર કરૂં. આ રાજ્યને ધિક્કાર છે કે જેને માટે પોતાના પુત્રને મેં ભરરાત્રે વનમાં તજી દીધો હતો.' પિતાનાં આવાં વચન સાંભળીને વિનયંધર બોલ્યો "હે પિતાજી ! જેવી રીતે તમને આ રાજ્ય તજી દેવામાં હું વૈરાગ્યનો હેતુ થયેલો છું, તેવી જ રીતે મને તમે વૈરાગ્યના હેતુ થયેલા છો, તેથી હું પણ તમારી સાથે દીક્ષા ગ્રહણ કરીશ માટે આ રાજ્ય વિમલકુમારને જ આપો." વિનયંધરનો આવો નિશ્ચય જાણીને રાજાએ પોતાનું રાજ્ય વિમલકુમારને આપ્યું અને વિનયંધરે પોતાનું રાજ્ય પોતાના પાળક સાર્થવાહને આપી પિતાની સાથે જ વિજયસૂરિની પાસે દીક્ષા લીધી. ઉગ્ર તપસ્યા કરી સંયમમાં ઉદ્યમવંત એવા તે બન્ને પિતા અને પુત્ર કાળ કરીને માહેંદ્ર દેવલોકમાં દેવતા થયા.

દેવ સંબંધી સુખ ભોગવીને આયુષ્યનો ક્ષય થતાં તે બન્ને ત્યાંથી ચવ્યા. તેમાં જે પિતાનો જીવ હતો તે ક્ષેમપુર નામના નગરમાં પૂર્ણચંદ્ર નામે રાજા થયો અને જે પુત્રનો જીવ હતો તે તેજ નગરમાં **ક્ષેમંકર** નામના શ્રેષ્ઠીની સ્ત્રી **વિનયવતી**ના ગર્ભમાં પુત્રપણે ઉત્પન્ન થયો. તે જન્મ્યો ત્યારથી જ વિશુદ્ધ શરીરવાળો હતો અને તેના નિર્મળ અંગમાંથી નિરંતર એવો સુગંધ ઉછળતો

હતો કે જેથી તેનો સર્વ પરિજનવર્ગ પણ સુગંધિત થતો હતો. એ શ્રેષ્ઠીપુત્રને નિરંતર ધૂપથી સુગંધી રહેતો જાણી તેને **ધુપસાર** એવા નામથી લોકો બોલાવતા હતા. તેનું નામ પણ ધૂપસાર પ્રખ્યાત થયું.

એકદા ધૂપસારના સુગંધી દેહથી સુગંધી થયેલા લોકો રાજભવનમાં જતાં ત્યાં પણ સુગંધના વિસ્તારથી વિસ્મય પામેલા રાજાએ તેઓને પૂછ્યું કે 'દેવતાઓને પણ વલ્લભ એવો સુગંધી ધૂપ તમને ક્યાંથી પ્રાપ્ત થયો છે કે જે ધૂપના ગંધથી તમારા વસ્ત્રો પણ સુગંધમય થઈ ગયાં હોય તેમ લાગે છે.' લોકોએ કહ્યું-'હે સ્વામી! અમારાં વસ્ત્રો કાંઈ ધૂપમા ધૂપિત કરેલાં નથી પણ માત્ર ધૂપસારના દેહથી અમે તેવા ધૂપિત થઈ ગયા છીએ.' આ પ્રમાણેની વાત સાંભળીને રાજાની રાણીઓ પણ પોતાના વસ્ત્ર ધૂપસારના દેહથી સુગંધી કરાવવા પ્રવર્તી. રાજાને ધૂપસારની ઈર્ષ્યા થઇ આવી, એટલે તેને રાજસભામાં બોલાવીને પૂછ્યું કે 'કેવી જાતના ધૂપથી આવો ગંધ તારા શરીરમાંથી ઉછળે છે.' ગંધસારે કહ્યું 'હે સ્વામી! આ કોઈ જાતના ધૂપની સુગંધ નથી પણ મારા શરીરમાંથી જ આવી સ્વાભાવિક સુગંધ નીકળે છે.' તે સાંભળી રાજાએ રૂષ્ટમાન થઈને પોતાના પુરૂષોને આજ્ઞા કરી કે 'આ ગંધસારના શરીર ઉપર અશુચિ ચોપડીને નગરના મધ્યમાં ઉભો રાખો કે જેથી તેના દેહમાંથી બધી સુગંધ નાશ પામે. રાજાની આવી આજ્ઞા થતાં રાજપુરૂષોએ તરત તે પ્રમાણે કર્યું.

હવે પેલો યક્ષ તથા યક્ષિણી જે કે વિનયંધર ઉપર પ્રસન્ન થયા હતા તે ત્યાંથી ચ્યવી મનુષ્યજન્મ પામી જૈનધર્મ પાળીને પાછા તે બન્ને દેવલોકમાં ઉત્પન્ન થયા હતા. તે બન્ને દેવતાઓએ કોઇ કેવલી ભગવંત પાસે જતાં માર્ગમાં ધૂપસારને અત્યંત અશુચિથી લીપેલો જોયો; એટલે અવધિજ્ઞાનવડે તેને ઓળખીને પૂર્વભવના સ્નેહથી તેમણે તેની ઉપર સુગંધી જળ અને પુષ્પની વૃષ્ટિ કરી; તેથી ધૂપસારના શરીરમાંથી દશે દિશાઓના ભાગને સુગંધી કરતી અને સર્વ લોકોને આનંદ આપતી સુગંધ વિશેષ પ્રકારે ઉછળવા લાગી. આ વૃત્તાંત જાણીને રાજા ભય પામ્યો છતો તેની પાસે આવ્યો અને પગે પડીને પોતાનો અપરાધ ખમાવવા લાગ્યો. રાજાએ કહ્યું–'હે યશસ્વી ! મેં તમારા ઉપર જે દુશ્ચરિત કર્યું તે સર્વ ક્ષમા કરો.' ગંધસાર બોલ્યો–'હે રાજેન્દ્ર ! તેમાં આપનો અલ્પ પણ દોષ નથી. સર્વ પ્રાણી પોતે પૂર્વે કરેલાં શુભાશુભ કર્મને જ અનુભવે છે.' ધૂપસારના આવા અસદૃશ ચરિત્રથી રાજા હૃદયમાં બહુ વિસ્મય પામ્યો. તેણે ચિંતવ્યું કે 'આ વિષે કેવળી ભગવંત પાસે જઇને પૂછી જોઉં,' પછી રાજા પોતાના પરિજનવર્ગ સહિત અને ધૂપસાર પોતાના કુટુંબી સહિત કેવળી પાસે આવ્યા અને કેવળીને પ્રણામ કરી હર્ષિત થઇને પાસે બેઠા.

કેવળીભગવંતે કહેલો ધર્મોપદેશ સાંભળ્યા પછી રાજાએ નમસ્કાર કરીને પૂછ્યું કે–"હે ભગવાન્ ! આ ધૂપસારે પૂર્વભવમાં શું પુણ્ય ઉપાર્જન કર્યું છે કે જેથી

તેના દેહમાંથી હંમેશાં આવો સુગંધ ઉછળ્યા કરે છે? અને મારે તેના પર શો પૂર્વ ભવનો દ્વેષ છે કે જેથી મેં તે નિરપરાધી છતાં તેના શરીર ઉપર અશુચિનું વિલેપન કરાવ્યું? વળી દેવતાઓને શું કારણ હતું કે જેથી તેમણે તેના ઉપર સુગંધી જળ તથા પુષ્પની વૃષ્ટિ કરી? આ બધી બાબતનું મને બહુ કૌતુક રહ્યા કરે છે, તેથી તેનું કારણ કૃપા કરીને કહો." રાજાએ કરેલા પ્રશ્નના ઉત્તરમાં તે મહાત્મા મુનિ બોલ્યા કે 'આ ધૂપસારે આ જન્મની પહેલાં ત્રીજે ભવે શ્રી જિનેશ્વર ભગવંતની પાસે ઉત્તમ ધૂપ ઉખેવ્યો હતો અને દૃઢ પ્રતિજ્ઞા પાળી હતી. તે જન્મમાં આ ધૂપસાર તારો પુત્ર હતો." ઈત્યાદિ સર્વ વૃત્તાંત કેવળીએ રાજાને કહી સંભળાવ્યો, પછી જણાવ્યું કે 'એણે પૂર્વભવમાં તારી સાથે સંગ્રામ કરતાં તને અશુચિવિલેપન કરવાનું કર્યું હતું, તેથી આ ભવમાં તેણે તારાથી તેવો વિપાક મેળવ્યો છે.' કેવળીના મુખથી આ પ્રમાણેનાં વચનો સાંભળી ધૂપસારને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું અને ધર્મ ઉપર અત્યંત બહુમાન આવ્યું. પછી ધૂપસારે ધર્મની પૂર્ણ શ્રદ્ધા થવાથી સર્વ સ્નેહ સંબંધ છેદવાને માટે રાજા સહિત દીક્ષા ગ્રહણ કરી.

તપ, સંયમ અને નિયમમાં તત્પર એવો ધૂપસાર દીક્ષા પાળી આયુષ્યનો ક્ષય થવાથી મરણ પામીને પહેલા ગ્રૈવેયકમાં દેવતા થયો. ત્યાંથી ચ્યવીને મનુષ્ય અને દેવતા થઈ અનુક્રમે સાતમે ભવે શાશ્વત સ્થાનને પ્રાપ્ત કરશે.

**इति धूप पूजा कथा समाप्त.**

# અક્ષતપૂજા વિષે શુકયુગલ કથા.

શ્રી જિનેંદ્ર પ્રભુની આગળ અખંડિત અને સ્ફટિક જેવા ઉજ્વળ અક્ષતની ત્રણ ઢગલી કરનારા પુરૂષો અખંડિત સુખને પામે છે, જેમ શ્રી જિનેશ્વર ભગવંતની આગળ અક્ષતનાં ત્રણ પુંજ કરનારા એવા શુકપક્ષીના જોડાએ અખંડિત એવું શાશ્વત સુખ પ્રાપ્ત કર્યું હતું.

આ ભરતક્ષેત્રમાં શ્રીપુરનગર નામે નગર હતું, તેની બહાર ઉદ્યાનમાં દેવતાના વિમાન જેવું સુંદર શ્રી ઋષભદેવ ભગવાનનું એક મંદિર હતું. તે મંદિરની આગળ ઉત્તમ છાયાવાળું એક આંબાનું વૃક્ષ હતું. તે વૃક્ષ ઉપર પરસ્પર સ્નેહવાળું એક શુકપક્ષીનું જોડું રહેતું હતું. એક વખતે શુકપક્ષીની સ્રીએ પોતાના પતિ શુકપક્ષીને કહ્યું કે–'હે સ્વામી! મને એવો દોહદ થયો છે કે આ શાળના ક્ષેત્રની મંજરી ખાઉં; તેથી આ શાળના ક્ષેત્રમાંથી મંજરી મને લાવી આપો.' શુકપક્ષીએ કહ્યું–'પ્રિયા! આ **શ્રીકાંત** રાજાનું ક્ષેત્ર છે; અને એ ક્ષેત્રમાંથી જે મંજરી લે તેનું મસ્તક લેવામાં આવે છે.!' પક્ષિણીએ કહ્યું-'હે સ્વામી! તમારા જેવો બીજો કોઇ બીકણ પુરૂષ નહીં હોય કે જે પોતાના જીવના લોભથી પોતાની સ્ત્રીનું મરણ ઇચ્છે.' આ પ્રમાણે જ્યારે સુડીએ કહ્યું ત્યારે પોતાના જીવિતની પણ ઉપેક્ષા કરીને તે શુકપક્ષી શાળના ક્ષેત્રમાં

જઇ મંજરી લઈ આવ્યો. એવી રીતે પ્રતિદિવસ પુરૂષો ક્ષેત્રની રક્ષા કરતા હતાં છતાં પણ એ પક્ષી સુડીના કહેવાથી મંજરી લાવવા લાગ્યો.

એક દિવસે તે શાળિક્ષેત્રમાં રાજા શ્રીકાંત આવી ચડયો. તેણે તે ક્ષેત્રનો એક વિભાગ પક્ષીએ ચુંટેલો જોયો. રાજાએ તે શાળીક્ષેત્રનાં રક્ષકને આદર સહિત પૂછયું કે–'આ ક્ષેત્રમાં અહીં પક્ષીઓએ વિનાશ કરેલો કેમ દેખાય છે ?' રક્ષક બોલ્યો–'સ્વામી ! એક શુકપક્ષી શાળની મંજરી લેવાને હંમેશાં આવે છે. અમે દઢ રીતે રક્ષણ કરીએ છીએ તથાપિ તે ચોરની જેમ લઇને તત્કાળ નાશી જાય છે. રાજા બોલ્યો– 'પાશ માંડીને તેને પકડી મારી પાસે લાવો, હું તે દુષ્ટને ચોરની જેમ હણીશ.' રાજાની આજ્ઞાથી એક દિવસ તે ક્ષેત્રરક્ષક પુરૂષે પેલા શુકપક્ષીને સુડીના જોતાં પાશમાં પકડી લીધો, અને રાજા પાસે લઈ જવા ચાલ્યા. તે જોઇ અશ્રુજળથી જેના નેત્રો પૂર્ણ ભરેલા છે એવી સુડી પણ તે પુરૂષની પછવાડે દોડી; અને તે દુઃખિની સુડી પેલા રાજપુરૂષની સાથે રાજભુવનમાં પહોંચી. સભાસ્થાનમાં બેઠેલ રાજાને રાજપુરૂષે આવીને વિજ્ઞપ્તિ કરી કે 'હે સ્વામી ! પેલા શુકપક્ષીને ચોરની જેમ બાંધીને અહીં લાવ્યો છું.' રાજા તેને જોઈ હાથમાં ખડ્ગ લઇ જેવો મારવા જાય છે, તેવામાં પેલી સુડી તત્કાળ પોતાના પતિની વચમાં આવીને પડી; અને બોલી કે 'હે રાજન્ ! નિઃશંક થઈને મારા દેહ ઉપર પ્રહાર કરો અને મારા માટે પોતાના

જીવિતને આપનાર આ મારા સ્વામીને છોડી મૂકો. તમારા શાળીના ક્ષેત્રની મંજરી ખાવાનો મને દોહદ થયો હતો, તેથી મારે માટે પોતાનાં શરીરને તૃણ સમાન ગણીને આ મારા સ્વામી તે મંજરી લાવી આપતા હતા.' તે સાંભળી રાજા હસીને સુડા પ્રત્યે બોલ્યો-'અરે શુકપક્ષી ! તું જગતમાં પંડિત પક્ષી તરીકે વિખ્યાત છે, તે છતાં સ્ત્રીને માટે જીવિતનો નાશ કરવા તૈયાર થયો, ત્યારે તું પંડિત શાનો ?' તે સાંભળી પક્ષિણી બોલી. "હે રાજન્ ! આપ વિચાર કરો, પુરૂષ સ્ત્રીના અનુરાગથી માતાપિતાને તજે છે, દ્રવ્ય તજે છે ઉપરાંત પોતાના જીવિતને પણ ત્યજી દે છે. વ્યસનમાં આસક્ત અને કામલુબ્ધ પુરૂષો શું નથી કરતા ? શંકર જેવાએ સ્ત્રીને પોતાના શરીરનો અર્ધ ભાગ અર્પણ કર્યો છે, તો ઈતરજનની શી વાત ? તમે પણ શ્રી દેવીને માટે તમારા જીવિતને છોડી દેતા હતા; તેવી જ રીતે બીજા મનુષ્ય પણ છોડી દે છે તો પછી આ શુકપક્ષીનો શો દોષ ?"

સુડીનાં આ પ્રમાણેનાં વચનો સાંભળી રાજા હૃદયમાં વિસ્મય પામી ચિંતવવા લાગ્યો કે 'આ પ્રાણીએ મારૂં વૃત્તાંત ક્યાંથી જાણ્યું ?' આ પ્રમાણે ચિંતવી રાજા બોલ્યો કે 'ભાઇ ! મને સ્ત્રી માટે જીવિત છોડતાં તે ક્યારે જોયો હતો ? તે બધી વાત કહે મને તે સાંભળવાનું મોટું કૌતુક છે.' સુડી બોલી-"સ્વામી ! તમને મેં જોયા હતા તે વિષેની હકીકત વિસ્તારથી કહું છું તે સાંભળો-આ તમારા રાજ્યમાં પૂર્વે એક પરિવ્રાજિકા રહેતી હતી તે

ઘણા કુડકપટથી ભરેલી હતી અને મિથ્યાત્વી રૂદ્રદેવોની ભક્ત હતી. તમારી રાણી શ્રીદેવીએ બહુ વખત સુધી તેની ઉપાસના કરી હતી. અન્યદા તેની સેવાવડે પ્રસન્ન થવાથી શ્રીદેવીને તેણે પોતાની ઇચ્છા જણાવવા કહ્યું, એટલે શ્રીદેવી બોલી કે– "મારો સ્વામી રાજા ઘણી સ્ત્રીવાળો છે, હું તેની રાણી છું. પરંતુ દૈવયોગે સર્વમાં દુર્ભગા થયેલી છું. માટે હે ભગવતી! મારી ઉપર પ્રસન્ન થઈને એવું કરી આપો કે હું તેને વલ્લભ થાઉં અને મારો સ્વામી મારે એવો વશ થાય કે તે મારા જીવિતવડે જીવે અને મારા મૃત્યુથી મૃત્યુ પામે." આ પ્રમાણે તેણીની પ્રાર્થના સાંભળીને પરિવ્રાજિકા બોલી– 'વત્સે! તું આ ઔષધિનું વલય લે. તે તારા પતિને હાથે બાંધજે, જેથી તારો પતિ તારે વશ થશે.' શ્રીદેવી બોલી– ભગવતી! રાજાના મહેલમાં મારાથી પ્રવેશ પણ કરી શકાતો નથી તો તેનું દર્શન પણ મને ક્યાંથી થાય?' અને રાજાને હાથે ઔષધિનું વલય તો શી રીતે જ બંધાય?' પરિવ્રાજિકા બોલી–'હે ભદ્રે! જો એમ છે તો હું સૌભાગ્યને ઉત્પન્ન કરનારો એક મંત્ર તને આપું તે ગ્રહણ કર અને એકાગ્ર મને તે સાધ.' શ્રીદેવીએ તે કબુલ કર્યું. પછી શુભ મુહૂર્તે પરિવ્રાજિકાએ તેને તે મંત્ર આપ્યો, શ્રીદેવીએ તેની પૂજા કરીને વિધિપૂર્વક ગ્રહણ કર્યો. ત્યાર પછી શ્રીદેવી પ્રતિદિવસ પ્રયત્નવડે તે મંત્રનું ધ્યાન કરવા લાગી. એટલે એક દિવસ એકાએક રાજાએ એક પ્રતિહારીને તેની પાસે મોકલી. તેણે આવીને કહ્યું કે 'હે

દેવી! મહારાજા આજ્ઞા કરે છે કે આજે તમારે અવશ્ય રાજભુવનમાં આવવું, અને તે સંબંધી કાંઇ પણ કુવિકલ્પ કરવો નહી" રાજાની આજ્ઞા મળવાથી શ્રીદેવી રાત્રે શૃંગાર ધારણ કરી કેટલાક પરિવાર સહિત હાથણી ઉપર બેસીને રાજભુવનમાં આવી. રાજાએ તેનું સન્માન કર્યું, અને બધી રાણીઓમાં તેને શ્રેષ્ઠ પદ આપ્યું; એટલે તે બીજી રાણીઓને દૌર્ભાગ્ય અર્પણ કરી પોતે સૌભાગ્ય ગ્રહણ કરીને મહાદેવી થઈ પડી. ત્યારથી તે ઇચ્છિત સુખને ભોગવવા લાગી, વળી તે જેની ઉપર સંતુષ્ટ થતી તેને ઇચ્છિત દાન આપતી હતી અને જેની ઉપર રૂષ્ટમાન થતી તેનો તે નિગ્રહ કરતી હતી.

એકદા પેલી પરિવ્રાજીકા એ શ્રીદેવીને પૂછ્યું કે 'વત્સ તારા ઇચ્છિત મનોરથ તને પ્રાપ્ત થયા?' તે બોલી-'હે ભગવતી! જે તારા ચરણની ભક્તિ કરે તેને ન પ્રાપ્ત થાય તેવું કાંઈ છે જ નહીં; તો પણ હજુ મારૂં હૃદય ડોલાયમાન રહ્યા કરે છે; તેથી જો હું જીવું તો તે જીવે અને હું મૃત્યુ પામું તો તે મૃત્યુ પામે એમ થાય ત્યારે રાજાનો મારી ઉપર ખરો સ્નેહ છે એમ હું માનું.' પરિવ્રાજિકાએ કહ્યું કે 'જો તારે આ પ્રકારની રાજાની પરીક્ષા જ કરવી હોય તો આ મૂળિયું આપું છું તે લે, તે સુંઘવાથી તું જીવતી છતાં જાણે મૃત્યું પામી હો તેમ દેખાઇશ; એટલે રાજાની તને પરીક્ષા પડશે. પછી બીજું મૂળિયુ સુંઘાડીને હું તને સચેતન કરીશ. હું તારી પાસે

જ રહીશ તેથી તારે કાંઈ પણ ભય રાખવો નહી' આ પ્રમાણે કહીને પરિવ્રાજિકાએ તેને એક મૂળિયું આપ્યું અને તે પોતાને સ્થાને આવી.

અહીં શ્રીદેવી રાજાની પાસે આવી અને મૂળિયું સુંઘીને સુઈ ગઈ એટલે તે ચેષ્ટારહિત થઈ ગઈ. રાજાએ જીવિત રહિત હોય તેવી તેને પડેલી જોઈ; તેથી તત્કાળ રાજભુવનમાં પોકાર પડયો. રાજાએ આક્રંદ કરીને કહ્યું 'હે રાજલોક! દોડો, દોડો, આ દેવી મૃત્યુ પામી ગયા જણાય છે, માટે તેની તજવીજ ને સંભાળ કરો.' રાજાની આજ્ઞાથી મંત્રવિદ્યામાં અતિ કુશળ એવા પુરૂષો ત્યાં એકઠા થયા. તેઓએ તેણીને સાવધ કરવા અનેક ઉપાયો કર્યા પણ તેને તદ્દન નિશ્ચેષ્ટ જાણી તેઓએ તજી દીધી. પછી મંત્રીઓએ રાજાને કહ્યું કે–'હવે આને અગ્નિસંસ્કાર કરીએ.' ત્યારે રાજા બોલ્યા કે–'તેની સાથે મારો પણ અગ્નિસંસ્કાર કરો.' તે સાંભળી લોકો રાજાના પગમાં પડી કહેવા લાગ્યા કે 'હે સ્વામી! આપને તેમ કરવું ઘટે નહીં.' અતિ દુઃખી થયેલા રાજાએ કહ્યું કે–'હું તેના વિના જીવી શકુ નહીં. સ્નેહના માર્ગ બે હોય જ નહીં, માટે હવે વિલંબ કરો નહીં. ચંદનના કાષ્ટો પુષ્કળ કઢાવી ચિતા તૈયાર કરો.' આ પ્રમાણે કહી રાજા પોતાની પ્રિયાની સાથે સ્મશાન ચાલ્યો. વાજિંત્રોના શબ્દોથી અને રૂદન કરતા નગરજનોના પોકારથી આકાશને પૂરતો સર્વ જનસમૂહ રાજાની સાથે સ્મશાનમાં આવ્યો. ત્યાં ચિતા ખડકવામાં આવી

અને રાજા પ્રિયતમા સાથે તેના ઉપર આરૂઢ થયો, તેવામાં દૂરથી રૂદન કરતી પેલી પરિવ્રાજિકા ત્યાં આવી. તેણીએ કહ્યું-'હે દેવ! સાહસ કરો નહીં.' રાજાએ કહ્યું-'ભગવતી! મારૂં જીવિત મારી પ્રિયતમાની સાથે જ છે, તેથી હું એકલો જીવીશ નહીં.' પરિવ્રાજિકા બોલી કે-'તમે એક ક્ષણવાર રાહ જુઓ, કાયર ન થાઓ, હું તમારી પ્રિયાને આ લોકની સમક્ષ અવશ્ય જીવતી કરીશ.' તેણીના આવા વચન સાંભળી રાજાનું ચિત્ત ક્ષણવાર ઉચ્છવાસ પામ્યું. તે કાંઈ પોતાના જીવિતના લાભથી ઉચ્છવાસ પામ્યું ન હતું પણ પોતાની પ્રિયાના જીવિતના લાભથી ઉચ્છવાસ પામ્યું હતું. પછી રાજાએ પરિવ્રાજિકાને કહ્યું કે-'ભગવતી! પ્રસન્ન થાઓ અને આ મારી વલ્લભાને જીવિત આપો.' રાજાની પ્રાર્થનાથી પ્રરિવ્રાજિકાએ શ્રીદેવીને સંજીવની ઔષધિ સુંઘાડી એટલે તેના પ્રભાવથી સર્વ લોકોની સમક્ષ રાજાના જીવિતની સામે રાણી સજીવન થઇ, તેને સજીવન થયેલી જોઇને સર્વ લોકોના નયનમાં આનંદાશ્રુ આવી ગયાં અને તેઓ ઉંચા હાથ કરીને ઘણા હર્ષથી નૃત્ય કરવા લાગ્યા. પછી પોતાના સર્વ અંગના આભૂષણોથી તે પરિવ્રાજિકાની પૂજા કરીને રાજાએ કહ્યું 'હે આર્ય! આજે તમે માગો તે હું આપુ'" પરિવ્રાજિકાએ કહ્યું-'હે રાજન્! મારે કોઇપણ વસ્તુની ઈચ્છા નથી, હું તારા નગરમાંથી ભિક્ષા મેળવીને સંતુષ્ટ રહું છું.'

પછી રાજા પોતાની પ્રિયતમા સાથે હાથી ઉપર

બેસીને પોતાના રાજભુવનમાં આવ્યો, અને ત્યાં આનંદ મહોત્સવ કર્યો. પછી સ્ફટિક મણિમય ભીંતવાળી અને સુવર્ણના સ્તંભયુક્ત એવી એક સુંદર મઢી તેણે સંતુષ્ટ થઇને પેલી પરિવ્રાજિકાને કરાવી દીધી. થોડા કાળ પછી એ પરિવ્રાજિકાએ દીક્ષા લીધી. પરંતુ આર્ત્તધ્યાનવડે મૃત્યુ પામીને તે સુડી થઈ. તે હું અહીં તમારી પાસે આવી છું. તમારી આ મહાદેવીને બેઠેલા જોઇ મને જાતિસ્મરણ જ્ઞાન થયું અને તેથી મારૂં ને તમારૂં પૂર્વ ચરિત્ર મને સાંભરી આવ્યું."

આ પ્રમાણે સર્વ વૃત્તાંત સાંભળી શ્રીદેવી રૂદન કરતી બોલી–'હે ભગવતી તમે! મરીને શા કારણથી પક્ષિણી થયા?" પક્ષિણી બોલી–'હે કૃશોદરી! મારે માટે દુઃખી થઇને રૂદન કરો નહીં; કારણ કે આ સંસારમાં કર્મના વશથી જીવને પ્રાપ્ત ન થાય એવી કોઈ સ્થિતિ નથી' પછી સુડીએ રાજાને કહ્યું કે "હે રાજા! સ્ત્રીના કહ્યા પ્રમાણે કરવા વિષે તમારૂં જ દૃષ્ટાંત છે.' તે સાંભળી રાજા સંતુષ્ટ થઈ પક્ષિણી પ્રત્યે બોલ્યા 'તમે સ્રીના આધીનપણા વિશે મારૂં દૃષ્ટાંત કહ્યું તે સત્ય છે. હું તારા પર સંતુષ્ટ થયો છું માટે હે પક્ષિણી! તને જે ઈષ્ટ હોય તે કહે હું આપીશ; શુકપક્ષિ બોલી–'સ્વામી! મને આ મારો ભર્ત્તારજ ઇષ્ટ છે, માટે તેને જીવિત આપો. મારે બીજું કાંઇ જોઈતું નથી. તે સાંભળી રાણી હસીને બોલી– 'હે દેવ, મારા વચનથી તમે એ પક્ષીણીને

પતિનું દાન આપો અને નિરંતરને માટે ભોજન પણ આપો; રાજાએ કહ્યું : ભદ્રે તારા વચનથી સંતુષ્ટ થઇને હું એનાં પતિને છોડી મૂકું છું તેને જ્યાં ઇચ્છા હોય ત્યાં જાય.' પછી પેલા શાલિક્ષેત્રના રક્ષકને રાજાએ કહ્યું કે તારાં રક્ષણ નીચેના ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલા તાંદુલોનો રાશિ કરી તેમાંથી આ પક્ષીના જોડાને જોઈએ તેટલા પ્રતિદિવસ લેવા દેજે.' ક્ષેત્રપાળે કહ્યું 'જેવી સ્વામીની આજ્ઞા.' તે સાંભળી શુક પક્ષીનું જોડું 'સ્વામીનો અમારી ઉપર આ મોટો પ્રસાદ થયો' એમ કહી સત્વર ત્યાંથી ઉડી ગયું અને પૂર્વના આમ્ર વૃક્ષ ઉપર આવીને રહ્યું.

જેનો દોહદ પરિપૂર્ણ થયેલો છે એવી શુકીએ અન્યદા પોતાના માળામાં બે ઈંડાં મૂકયા. તે જ સમયે તેની સપત્ની બીજી પક્ષિણીએ તેજ વૃક્ષ ઉપર પોતાના માળામાં એક ઇંડું મૂક્યું. પછી તે પક્ષિણી ચણ લેવાને માટે તે વૃક્ષ ઉપરથી ઉડીને બીજે ગઈ. તે સમયે પહેલી પક્ષિણી મત્સરથી તે ઇંડું પોતાના માળામાં લઇ આવી. થોડીવારે ચણ લઈને તે પક્ષિણી આવી અને જુવે છે તો પોતાના માળામાં પોતાનું ઇંડુ ન મળે; એટલે તે દુઃખથી સંતપ્ત થઇને પૃથ્વી ઉપર માછલીની જેમ તરફડવા લાગી. તેને આ પ્રમાણે તરફડતી અને વિલાપ કરતી જોઇને જેના હૃદયમાં પરિતાપ થયેલો છે એવી પ્રથમની પક્ષિણીએ તેનું ઈંડું પાછું તેના માળામાં મૂકી દીધું. પૃથ્વી ઉપર તરફડીને બીજી પક્ષિણી પાછી પોતાના માળામાં ગઇ એટલે

ત્યાં પોતાનું ઈંડું તેના જોવામાં આવ્યું. તેથી અમૃતથી સિંચન થયું હોય તેમ તે શાંત થઈ ગઈ. આ પ્રમાણે કરવાથી પહેલી શુકપક્ષિણીએ દારૂણ વિપાકવાળું કર્મ બાંધ્યું, પરંતુ પશ્ચાતાપ કરવાથી તેમાંનું ઘણું તો નષ્ટ કરી દીધું તો પણ એક ભવમાં ભોગવવા યોગ્ય શેષ રહ્યું.

પેલા બે ઇંડાંમાંથી બે બચ્ચાં (સુડો ને સુડી) થયાં. તેઓ વનના કુંજમાં પોતાના માતપિતાની સાથે કલ્લોલ કરવા લાગ્યા; અને પેલું પક્ષીનું જોડું રાજાની આજ્ઞાથી શાળિના ક્ષેત્રમાં એકઠા કરેલા તંદુલસમૂહમાંથી કેટલાક દાણા ચાંચમાં લઇ પોતાનાં બચ્ચાંઓનું પોષણ કરવા લાગ્યું.

એક સમયે કોઇ જ્ઞાની ચારણમુનિ ઋષભદેવપ્રભુના ચૈત્યમાં પ્રભુને વાંદવાને માટે આવ્યા. તે અવસરે રાજા અને નગરના અનેક સ્ત્રીપુરૂષો ત્યાં આવેલા હતા, તેઓએ પ્રભુની પુષ્પ અક્ષતાદિવડે પૂજા કરી. પછી તે મુનિને નમીને અક્ષત પૂજાના ફળ વિષે રાજાએ પૂછયું. મુનિ બોલ્યા—"જે પુરૂષો અખંડિત અને સ્ફટિકમણિ જેવા ઉજ્વળ અક્ષતની ત્રણ ઢગલીઓ પ્રભુની આગળ કરે છે તેઓ અખંડિત સુખને પામે છે.

આ પ્રમાણેનાં ગુરૂમહારાજનાં વચનો સાંભળી લોકો ઉત્સાહપૂર્વક પ્રભુની અક્ષતપૂજા કરવા લાગ્યા. તે જોઇ પેલી પક્ષિણીએ પોતાના પતિને કહ્યું કે—"હે નાથ! આપણે પણ અક્ષતના ત્રણ પુંજ કરીને જિનેશ્વર ભગવંતની પૂજા કરીએ, કે જેથી થોડા કાળમાં આપણને પણ

સિદ્ધિસુખ પ્રાપ્ત થાય." સુડે તે વાત સ્વીકારી અને તરત જ અક્ષતને ચાંચમાં લઇને પ્રભુની આગળ તે શુક-મિથુને ત્રણ પુંજ રચ્યા. પછી તેઓએ પોતાનાં બચ્ચાંને કહ્યું કે 'તમે પણ પ્રભુની આગળ અક્ષત મૂકો કે જેથી તમને પણ અક્ષય સુખ પ્રાપ્ત થાય.'

આ પ્રમાણે પ્રભુની ભક્તિથી તે પક્ષિઓ પ્રતિદિવસ અક્ષતપૂજા કરવા લાગ્યા. અનુક્રમે આયુ પૂર્ણ થવાથી મરણ પામીને તે ચારે પક્ષીઓ દેવલોકમાં ગયા. ત્યાં દેવતાના સુખ ભોગવીને શુકનો જીવ ત્યાંથી ચ્યવી **હેમપુર** નગ-રમાં **હેમપ્રભ** નામે રાજા થયો; અને પક્ષિણીનો જીવ હતો તે દેવલોકમાંથી ચ્યવીને તેજ રાજાની **જયસુંદરી** નામે રાણી થઈ. જે બીજી પક્ષિણી હતી તે કેટલોક કાળ સંસારમાં ભમીને હેમપ્રભ રાજાની રતિ નામે બીજી રાણી થઇ. પરંતુ તે રાજાને બીજી અનુક્રમે પાંચસો રાણીઓ થઈ તે સર્વમાં આ બે રાણીઓ તેને વિશેષ માનીતી હતી.

એક વખતે હેમરાજાને શરીરે અતિ દુઃસહ જ્વર આવ્યો. ચંદનના જળવડે સિંચન કરતાં છતાં પણ તાપ શાંત ન થવાથી તે ભૂમિપર આળોટવા લાગ્યો. એવી રીતે ભોજન રહિત તે રાજાના ત્રણ સપ્તક વ્યતીત થવાથી મંત્ર તંત્રમાં કુશળ એવા વૈદ્યો પણ નાસીપાસ થઇ ગયા. વ્યાધિના અપગમને માટે રાજાએ અમારી ઘોષણા કરાવી ઘણી જાતનાં દાન આપ્યાં, જિનમંદિરોમાં પૂજા ભણાવી અને બીજા દેવોની પણ આરાધના કરી, પરંતુ વ્યાધિ

શાંતિ પામ્યો નહીં. એક વખતે રાત્રિના પાછલા પહોરે એક રાક્ષસ પ્રગટ થઇને બોલ્યો–'હે નરેશ્વર! જાગે છે કે ઉંઘે છે?' રાજાએ કહ્યું કે–'મને દુઃખીને નિદ્રા ક્યાંથી? એટલે રાક્ષસ બોલ્યો કે–'હે રાજન? તારી રાણીઓમાંથી કોઈ પણ એક રાણી તારા ઉપરથી ઉતારીને પોતાના દેહને અગ્નિકુંડમાં નાખે તો તું જીવતો રહેશે, નહીં તો જીવવાનો નથી.' આ પ્રમાણે કહીને રાક્ષસ પોતાને સ્થાનકે ગયો. રાજા હૃદયમાં વિસ્મય પામીને વિચારવા લાગ્યો કે 'આ તે શું ઇંદ્રજાળ હશે અથવા દુઃખને લીધે મને આવું સ્વપ્ન જોવામાં આવ્યું હશે? પણ નહીં આ સ્વપ્નું તો નથી જ; કારણ કે મેં રાક્ષસને પ્રત્યક્ષ જોયો છે.' આ પ્રમાણે સંકલ્પ વિકલ્પ કરતાં રાત્રિ વીતી ગઈ. પ્રાતઃકાળે કમલિનીનો પતિ સૂર્ય ઉદયાચળ ઉપર આરૂઢ થયો, એટલે રાજાએ રાત્રિનો બધો વૃત્તાંત પોતાના મંત્રીને કહી સંભળાવ્યો. મંત્રીએ કહ્યું કે– હે દેવ! જીવવા માટે એ કાર્ય કરવું યોગ્ય છે, રાજાએ કહ્યું કે–'સત્પુરૂષો બીજાના જીવથી પોતાના જીવની રક્ષા કરતા નથી માટે હું એમ કરવા ઈચ્છતો નથી, મારૂં જે થવાનું હોય તે ભલે થાય." રાજાએ આમ કહ્યા છતાં પણ મંત્રીએ સર્વ રાણીઓને એકઠી કરીને રાક્ષસનો કહેલો બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. મંત્રીના પાસેથી તે વૃત્તાંત સાંભળીને પોતાના જીવિતના લોભથી સર્વ રાણીઓ મૌન ધરી રહી. કોઇએ મંત્રીને પ્રત્યુત્તર આપ્યો નહીં. તે વખતે રતિ નામની મહારાણી વદનકમળને પ્રફુલ્લિત

કરી ઉભી થઇ અને બોલી-'જો મારા જીવિતવડે મહારાજા જીવતા હોય તો પછી તેનાથી વિશેષ શું છે? માટે હું તેમ કરવા ખુશી છું.' રતિરાણીનાં વચન સાંભળી મંત્રીએ રાજભુવનના ગોખની નીચે જમીન ઉપર એક અગ્નિકુંડ કરાવ્યો અને તેમાં અગરૂ ચંદનના કાષ્ઠો ભરાવ્યા. પછી રતિરાણીએ શૃંગાર સજી પોતાના પતિને નમીને આ પ્રમાણે કહ્યું કે-'હે સ્વામી! મારા જીવિતવડે આપ જીવતા રહો. હું આ કુંડમાં પડું છું.' તે વખતે રાજા દુઃખી થયો છતો બોલ્યો કે-'હે દેવી મારે માટે તમે તમારા જીવિતને તજો નહીં, મારાં પૂર્વે કરેલાં કર્મ મને સ્વયમેવજ અનુભવવા દ્યો' તે સાંભળી રતિ રાણી રાજાના ચરણમાં પડીને બોલી કે-'હે સ્વામી! આવું વચન બોલો નહીં, આ મારૂં જીવિત જો તમારા કામમાં આવે તો તે સફળ છે.' એમ કહીને તે રાણીએ બળાત્કારે રાજાની ઉપરથી ઉતરીને ગોખની નીચે રહેલા પ્રજવલિત કુંડમાં પોતાના આત્માને પડતો મૂકયો. તે અવસરે પેલો રાક્ષસ રતિરાણીના અકસ્માત બતાવેલા સત્વથી પ્રસન્ન થયો, અને તેણે રાણીના નીચે પડયા અગાઉ કુંડમાંથી અગ્નિ દૂર કરી દીધો. પછી તે રાક્ષસ બોલ્યો-'હે આર્યે! તારા સત્વથી હું સંતુષ્ટ થયો છું, તેથી વધારે શું કહું? તારી જે ઇચ્છા હોય તે વરદાન માગી લે, હું આપીશ.' રાણી બોલી-'હે દેવ! માતપિતાએ આ હેમપ્રભરાજા જેવો વર આપ્યો છે, તો હવે બીજું માંગવાની મારે શી જરૂર છે?' રાક્ષસ બોલ્યો-'ભદ્રે! તથાપિ માગી લ્યો, દેવતાનું

દર્શન નિષ્ફળ ન થાય.' દેવીએ કહ્યું-'હે દેવ! જો એમ હોય તો આ મારા સ્વામી વ્યાધિ રહિત થઈ ચિરકાળ જીવે એવો વર આપો.' તે સાંભળી 'તથાસ્તુ' એમ કહી તેને દિવ્ય અલંકારથી વિભૂષિત કરી અને સુવર્ણના કમળપર બેસાડી તે દેવ અંતર્ધ્યાન થઇ ગયો.

પછી લોકો રતિરાણી ઉપર પુષ્પવૃષ્ટિ કરીને કહેવા લાગ્યા કે 'જેણે પોતાના જીવિતનું દાન આપી પતિને જીવાડયો એવી રતિદેવી ઘણું જીવો.' રાજાએ કહ્યું કે 'પ્રિયે! તમારા સત્વથી હું સંતુષ્ઠ થયો છું, માટે જે પ્રિય વર હોય તે માગો.' રાણી બોલી- દેવ! મારા વર તો તમે જ છો. હવે બીજો વર માગવાની શી જરૂર છે?' તે સાંભળી રાજાએ કહ્યું 'તમે જીવિતરૂપ મૂલ્યથી મને હંમેશને માટે વશ કરેલો છે, માટે તે શિવાય બીજું જે કર્ત્તવ્ય હોય તે કહો.' તે સાંભળી રાણી હાસ્ય કરીને બોલી-'હે સ્વામી! જો આપ વરદાન આપવા ઇચ્છતા જ હો તો તે તમારી પાસે રહેવા દ્યો, હું અવસર આવશે ત્યારે તમારી પાસેથી માગી લઇશ.'

એક વખતે રતિસુંદરીએ પુત્રની ઇચ્છાથી પોતાની કુળદેવીને કહ્યું કે 'જો મને પુત્ર થશે તો તમને જય-સુંદરીના પુત્રનું બલિદાન આપીશ.' ભવિતવ્યતાને યોગે બંને રાણીઓને ઉત્તમ પુત્રો થયા, કે જે પુત્રો ઘણા શુભ લક્ષણોવાળા અને માતપિતાને સુખ ઉત્પન્ન કરનારા હતા. હવે રતિરાણીએ પુત્રપ્રાપ્તિથી સંતુષ્ટ થઈને મનમાં

વિચાર્યું કે કુળદેવતાએ મારી પ્રાર્થનાથી મને પુત્ર તો આપ્યો તો હવે જયસુંદરીના પુત્રનું બલિદાન આપીને મારે તેની પૂજા કેવી રીતે કરવી ?' એમ ચિંતવતાં તેને રાજાએ આપેલો વર યાદ આવ્યો એટલે ચિંતવ્યું કે ભલો ઉપાય મળ્યો છે; રાજાએ આપેલા વરદાનવડે હું આ રાજ્ય વશ કરીને મારૂં કાર્ય કરી લઇશ.' પછી તેણીએ અવસર જોઇને રાજાને કહ્યું-'હે સ્વામી ! પૂર્વે આપે મને જે વર આપવાને કહ્યું હતું તે વર અત્યારે આપો.' રાજા બોલ્યો-'જે ઇચ્છા હોય તે વર માગી લ્યો. હું આપવા તૈયાર છું. વધારે શું કહું ? આ જીવ માગો તો તે પણ આપવા તૈયાર છું.' રાણી બોલી-'જો એમ છે તો આ તમારૂં રાજ્ય પાંચ દિવસ સુધી મને આપો.' રાજાએ કહ્યું-'હે પ્રિયતમા ! જો તારી એવી ઇચ્છા હોય તો આ રાજ્ય પાંચ દિવસ સુધી તને આપું છું.' રાણીએ કહ્યું 'મહાપ્રસાદ થયો.' એમ કહીને રાજ્ય સ્વીકાર્યું. પછી રતિરાણી રાજ્યનું પાલન કરવા લાગી.

બીજે દિસે રતિરાણીએ રાત્રિના પાછલા પહોરે માણસોને આજ્ઞા કરીને જયસુંદરીના પુત્રને પોતાની પાસે મંગાવ્યો. તે વખતે જયસુંદરી ઘણું રૂદન કરવા લાગી, પણ સેવકોએ તેની દરકાર કરી નહીં. પછી તે બાળકને સ્નાન કરાવી, ચંદન, પુષ્પ અને અક્ષતથી પૂજી, નાના સરખા પાટલા ઉપર બેસાડીને દાસીના મસ્તક ઉપર લેવરાવ્યો. પછી પોતાના પરિજનને સાથે લઇ વાજિંત્રોના નાદ અને નરનારીના નૃત્ય સાથે દેવીને બળિદાન આપવા માટે તેને

ઉદ્યાનમાં લઇને ચાલી. તે સમયે કંચનપુરના સ્વામી શૂર નામના વિદ્યાધરપતિએ આકાશમાર્ગે જતાં નીચે તે કુમારને જોયો.

એટલે સૂર્યના તેજની જેમ પોતાના તેજથી આકાશને ઉદ્યોતિત કરી તે વિદ્યાધરે અલક્ષ્ય રીતે તે બાળકને ઉપાડી લીધો અને તેને ઠેકાણે બીજા મરેલા બાળકને મૂકી દીધો. પછી તે વિદ્યાધરે પોતાની સાથે વિમાનની અંદર સુઇ ગયેલી પોતાની સ્ત્રીની જંઘા ઉપર તે બાળકને મૂકીને તેને જગાડી અને કહ્યું કે 'હે કૃશોદરી! ઉઠો અને તમારા પ્રસવેલા બાળકને જુઓ' સ્ત્રી બોલી–'હે સ્વામી! મને તમે શું હસો છો? મને તો નિર્દય દૈવે હસેલીજ છે. હે વલ્લભ! શું કદિ પણ વંધ્યા સ્ત્રી પુત્રને જન્મ આપે?' રાજા હસ્તે મુખે બોલ્યો–'જો મારા વચન ઉપર શ્રદ્ધા ન હોય તો તમે જાતે હાથ ફેરવીને રત્નની રાશિ જેવા તમારા પુત્રને જુઓ.' આવાં વચન સાંભળીને હૃદયમાં સંશય કરતી તે સ્ત્રીને વિદ્યાધરે પરમાર્થ સમજાવીને કહ્યું કે–'પુત્રના વિરહવાળા આપણને આ જ પુત્ર છે.' રાણીએ તે વાત કબુલ કરી. પછી તેને તેઓ પોતાના નગરમાં લઈ ગયા. ત્યાં તે પુત્ર પ્રતિદિવસ શુકલપક્ષના ચંદ્રની કળાની જેમ વધવા લાગ્યો.

અહીં રતિરાણીએ દાસીના મસ્તક પર રહેલા મરેલા બાળકને દેવીની આગળ નમાડી વસ્ત્રની જેમ પાસેના શિલાતળ ઉપરથી અફળાવી સંતુષ્ટ ચિત્તે તેનો ભોગ

આવ્યો. પછી રતિસણી ઘરે આવી પોતાના મનોરથ પૂરા કરીને સુખે રહેવા લાગી; અને જયસુંદરી પુત્રના વિરહ વડે દુઃખમાં દિવસો વ્યતીત કરવા લાગી.

અહીં શૂર વિદ્યાધરે પેલા પુત્રનું **મદનકુમાર** નામ પાડ્યું. તેણે અનેક વિદ્યાઓ ગ્રહણ કરી અને આકાશમાર્ગે ગમનાગમન કરવા લાગ્યો. એક વખતે આકાશમાં ફરતાં તેણે પોતાની માતાને જોઇ. તે જયસુંદરી પોતાના ભુવનના ગોખમાં બેઠેલી હતી. અને પુત્રના શોકથી તેણીના નેત્રમાંથી જળધારા ચાલી હતી. તેને જોવાથી સ્નેહ ઉત્પન્ન થવાને લીધે મદનકુમારે તેને ત્યાંથી ઉપાડી લીધી. જયસુંદરી તે કુમારને જોઈ હર્ષને વશ થઈ છતી નેત્રમાંથી નીકળતા જળવડે તેનું સિંચન કરવા લાગી, અને વારંવાર સ્નિગ્ધ દૃષ્ટિએ તેના સામું જોવા લાગી. રાણીને આકાશમાં ઉપાડી જતાં લોકો ઉંચા હાથ કરીને 'આપણા રાજાની રાણીને કોઇ ઉપાડી જાય છે.' એમ બોલતા છતા દોડાદોડ કરવા લાગ્યા, તે વાત સાંભળીને હેમપ્રભરાજા અત્યંત શૂરવીર છતાં પણ આકાશમાં રહેલ તેને માટે કાંઇ કરી શકયા નહીં; કારણ કે ઉંચા વૃક્ષના મસ્તકપર રહેલા ફળને કુબડો કેમ લઇ શકે ? પછી રાજા મનમાં વિચાર કરવા લાગ્યો કે 'આ દુઃખ તો ક્ષત ઉપર ક્ષાર પડવા જેવું થયું. એક તો પુત્રનું મરણ થયેલું છે, તેમાં બીજું આ સ્ત્રીનું હરણ થયું.' આ પ્રમાણે દુઃખી થયેલો રાજા પોતાના નગરમાં જ બેસી રહ્યો. 'સ્ત્રીનું હરણ થવાથી કોને દુઃખ ન થાય ?'

હવે ચાર પક્ષીઓ જે દેવતા થયા હતા. તેમાંથી પુત્ર–પુત્રી રૂપ શુકના જીવમાંથી શુકીનો જીવ જે દેવલોકમાં રહેલો હતો. તેણે અવધિજ્ઞાનથી જોતાં જાણ્યું કે 'આ મારો ભાઇ સ્ત્રીની બુદ્ધિથી પોતાની માતાને હરી જાય છે. માટે હું તેનું નિવારણ કરૂં.'

અહીં મદનકુમાર જયસુંદરી લઇને પોતાના નગરની નજીક રહેલા સરોવરની પાળ ઉપર આવેલા આમ્રવૃક્ષની છાયા નીચે આવીને બેઠો. એટલે તે દેવી વાનર અને વાનરીનું રૂપ લઈને તે આંબાની શાખા ઉપર પ્રગટ થઇ. ત્યાં પ્રથમ વાનર વાનરી પ્રત્યે બોલ્યો–'હે સ્ત્રી! આ કામુક તીર્થ છે. જો અહીં કોઇ તિર્યંચ પડ્યો હોય તો તે આ તીર્થના પ્રભાવથી મનુષ્યપણું પ્રાપ્ત કરે છે; અને મનુષ્ય પડ્યો હોય તો તે દેવપણું પ્રાપ્ત કરે છે; એમાં જરા પણ સદેહ નથી. માટે આ નીચે બેઠેલા પ્રત્યક્ષ દેવ જેવા મનુષ્ય ને મનુષ્યણીને જો. એને હૃદયમાં ધારણ કરીને આપણે બંને અહીં ઝંપાપાત કરીએ કે જેથી તું તે સ્ત્રીની જેવી માનુષી થા અને હું એ પુરૂષના જેવો મનુષ્ય થાઉં.'

તે સાંભળી વાનરી બોલી–'હે સ્વામી! એનું નામ પણ કોણ લે કે જે પોતાની માતાને સ્ત્રીની બુદ્ધિથી હરણ કરી લાવેલો છે. તેવા પાપી મનુષ્યનું રૂપ મેળવવાને તમારી ઇચ્છા કેમ થાય છે?' વાનરીનાં આવાં વચન સાંભળીને તે બંને મનમાં વિસ્મય પામી ચિંતવવા

લાગ્યા કે 'આ મારી માતા કેમ' 'અને 'આ મારો પુત્ર કેમ?' વળી કુમાર વિચારવા લાગ્યો કે 'હું જો કે આને સ્નેહથી હરણ કરી લાવ્યો છું; પરંતુ મારી તેને વિષે માતાબુદ્ધિ થયા કરે છે.' જયસુંદરી વિચારવા લાગી કે 'આ મારો ઉદરજાત પુત્ર હોય એવો મને ભાસ થયા કરે છે.' આ પ્રમાણે બંને હૃદયમાં ચિંતવે છે. તેમાંથી સંશયયુક્ત હૃદયવાળા કુમારે પેલી વાનરીને પૂછયું-'ભદ્રે! જે તું કહે છે તે શું સત્ય છે?' વાનરી બોલી-'હા, તે સત્ય છે. તે છતાં જો તને સંદેહ રહેતો હોય તો અહીં લતાગૃહમાં એક જ્ઞાની સાધુ બેઠેલા છે. તેમને પૂછી જો.' આ પ્રમાણે કહીને તે વાનરનું જોડું એકાએક અદૃશ્ય થઈ ગયું.

તે જોઈ હૃદયમાં વિસ્મય પામી કુમારે તે મુનિવરની પાસે જઇને પૂછયું-'ભગવન્! આ વાનરીએ મારી આગળ જે કહ્યું તે શું સત્ય છે?' મુનિરાજે પણ કહ્યું કે-'હા તે સત્ય છે, તેમાં કાંઈપણ અસત્ય નથી. પરંતુ હું અહિં કર્મ ક્ષય કરવા માટે ધ્યાન ધરીને રહેલો છું; માટે આ વિષે વધારે પૂછવું હોય તો હેમપુરમાં કેવળી ભગવંત બીરાજે છે ત્યાં જઇને પૂછો, તે તમને વિશેષ હકીકત કહેશે.' આ પ્રમાણે મુનિના કહેવાથી તે કુમાર પોતાની માતાને લઇને પ્રથમ પોતાને ઘેર ગયો. ત્યાં તેના પાલક માતાપિતાએ તેને વિમાનમાં બેસીને આવતો હૃદયમાં હર્ષ ધરીને જોયો. પછી તેણે એકાંતે જઈ ચરણમાં પડીને

પોતાની પાલક માતાને પૂછયું–'હે માતા ! ~~મારા ખરા~~ માતાપિતા કોણ છે? તે તમે સ્ફુટ રીતે કહો.'

માતાએ વિચાર્યું કે 'આજે આ કુમાર આવો પ્રશ્ન કેમ કરે છે? આમ વિચારી તે માતા બોલી–'પુત્ર ! હું તારી માતા છું અને અને આ તારા પિતા છે.' કુમારે કહ્યું કે 'એ સાચું, પણ હું મારા જન્મદાતા માતાપિતા વિષે પૂછું છું' માતાએ કહ્યું–'તે વિષે ખરી વાત તારા પિતા જાણે છે.' પિતાને પૂછતાં તેણે સંતુષ્ટ થઇને પૂર્વનો પાટલાપરથી ઉપાડી લીધાનો વૃત્તાંત કહ્યો અને જણાવ્યું કે 'તે શિવાય બીજું કાંઈ મારા જાણવામાં નથી.' કુમારે કહ્યું કે 'આ સ્ત્રી જેને હું સાથે લાવ્યો છું, તેને માટે એક વાનરીએ કહ્યું કે તે તારી જન્મ આપનાર માતા છે.' મેં તે વાત કોઈ મુનિને પૂછી તો તેમણે પણ તેમજ કહ્યું અને વિશેષમાં કહ્યું કે 'આ વાત હેમપુરે જઈ ત્યાં રહેલ કેવળીને પૂછજે તે વિશેષ કહેશે; માટે આપ સાથે ચાલો, આપણે તે બધી વાત કેવળી ભગવંતને પૂછીએ, જેથી જીર્ણ થયેલા તંતુની જેમ મારો સંદેહ તુટી જાય.' શૂર વિદ્યાધરે તે વાત કબુલ કરી, એટલે મદનકુમાર માતાપિતાને સાથે લઇ હેમપુરના ઉદ્યાનમાં રહેલા કેવળી ભગવંત પાસે આવ્યો.

ભક્તિથી ભરપૂર જેના અંગ છે એવો મદનકુમાર કેવળીના ચરણ કમળમાં નમી દેવકુમારની જેમ પરિવાર સહિત નજીકમાં પૃથ્વી ઉપર બેઠો. રાણી જયસુંદરી પણ

હજારો સ્ત્રીઓની મધ્યે પોતાના પુત્રની સાથે ગુરૂમહારાજનાં વચન સાંભળવા બેઠી. તે અવસરે હેમપ્રભ પણ પોતાના નરનારીના સમૂહથી પરિવારયુક્ત થઇ ત્યાં આવી ગુરૂનાં વચન સાંભળવા બેઠો. પ્રસંગ આવતાં રાજાએ કેવળીભગવંતને નમીને પૂછ્યું કે 'ભગવન્! મારી જયસુંદરી રાણીનું કોણે હરણ કર્યું છે?' કેવળી બોલ્યા-'હે રાજન્! તેણીના પુત્રે તેણીનું હરણ કર્યું છે.' રાજા વિસ્મય પામીને બોલ્યો-તેનો પુત્ર ક્યાંથી? તેણીને જે બાળપુત્ર હતો તે તો હત્યારા યમરાજનો કોળીયો થઇ ગયેલો છે અને બીજો પુત્ર તેને થયો નથી. એક તરફ વિચારતાં તમારૂં વચન અસત્ય હોય નહીં અને બીજી તરફ વિચારતાં તેણીને બીજો પુત્ર થયો નથી; તેથી વિઘટેલા કાર્યની જેમ આ વિષેનો સંશય મારા હૃદયમાં સંતાપ ઉત્પન્ન કરે છે.'

કેવળી બોલ્યા-'હે રાજન્! મેં કહ્યું છે તે સત્ય છે, તેમાં જરા પણ સંશય કરવો નહી.' રાજા બોલ્યો-'હે ભગવન્! તે કેવી રીતે? આ વિષે મને ઘણુ કૌતુક થાય છે.' પછી મુનિએ રાજાને કુળદેવીની પૂજા કરવા જતાં પાટલા ઉપરથી કુમારને ઉપાડી લીધો હતો ત્યાંથી માંડીને યાવત્ તે કુમાર જયસુંદરીને લઇ ને તેજ ઉદ્યાનમાં આવ્યો છે ત્યાં સુધીની હકીકત વિસ્તારથી કહી સંભળાવી. તે સાંભળીને રાજા નેત્ર વિસ્તારીને ઉદ્યાનમાં ચારે તરફ જોવા લાગ્યો. તેવામાં જેનો સંદેહ દૂર થયો છે. એવો તે કુમાર પાસે આવીને નમી પડ્યો. રાજાએ પુત્રને

આલિંગન કર્યું. તેના નેત્રમાં અશ્રુજળ ભરાઈ ગયાં, અને તે બહુ દુઃખથી રૂદન કરવા લાગ્યો. ગુરૂએ તેને પ્રતિબોધ આપ્યો. જયસુંદરી પણ પતિના ચરણને પકડી એવી રૂદન કરવા લાગી કે જેથી દેવતાઓની પર્ષદા પણ ઘણાં દુઃખથી આકુળવ્યાકુળ થઈ ગઈ.

જયસુંદરીએ રૂદન કરતાં કરતાં કેવળીને પૂછ્યું કે 'હે ભગવન્! કયા કર્મથી સોળવર્ષ પર્યંત અત્યંત દુઃસહ એવો પુત્ર વિયોગનો મને પ્રાપ્ત થયો?' કેવળી બોલ્યા- 'તે પૂર્વે શુકી (પક્ષીણી) ના ભવમાં બીજી પક્ષિણીનું ઇંડુ હરી લઇને સોળ મુહૂર્ત્ત પર્યંત તેણીને દુઃખ આપ્યું હતું, તેથી તારે આ ભવમાં સોળ વર્ષ પર્યંત પુત્રનો વિયોગ થયો. જે પ્રાણી એક તિલમાત્ર પણ બીજાને સુખ કે દુઃખ આપે છે તે ક્ષેત્રમાં વાવેલા બીજની જેમ પરલોકમાં બહુ ફળને પામે છે.' આ પ્રમાણે ગુરૂમહારાજનાં વચન સાંભળી મનમાં પરિતાપ કરતી તેણીએ રતિરાણી પાસે જઇને પોતાના જન્માંતરનું દુષ્કૃત્ય ખમાવ્યું; એટલે તેણીએ પણ જયસુંદરીને નમીને કહ્યું કે 'હે મહાસતી! તમને મેં પુત્રવિયોગ સંબંધી દુઃખ આપ્યું તે ક્ષમા કરો.' ગુરૂ બોલ્યા-'તમે બંનેએ મત્સરભાવથી જે ગુરૂ કર્મ બાંધ્યાં હતા તે આજે ખમાવવાથી સર્વે ખપી ગયા છે.'

પછી રાજાએ પૂછ્યું કે-'હે ભગવન્! મેં પૂર્વભવે શું શુભ કર્મ કરેલ છે. કે જેથી આ સુંદરીઓ અને

કુમાર સાથે મને રાજ્ય પ્રાપ્ત થયું ?' ગુરૂ બોલ્યા–'તમે શુકપક્ષીના ભવમાં પ્રભુની આગળ અક્ષતના ત્રણ પુંજ કરેલા છે, તેનું છેલ્લું ફળ એ થશે કે આ ભવથી ત્રીજે ભવે તમને શાશ્વત સ્થાન પ્રાપ્ત થશે,' એ પ્રમાણેનાં કેવળી ભગવંતનાં વચનો સાંભળીને રતિરાણીના પુત્રને રાજ્ય આપી જયસુંદરી તથા તેના કુમાર સાથે રાજાએ ગુરૂની પાસે દીક્ષા લીધી. અનુક્રમે રાણી અને પુત્ર સહિત દીક્ષા પાળી મૃત્યુ પામીને હેમપ્રભરાજા સાતમા દેવલોકના ઈંદ્ર થયા. ત્યાંથી ચ્યવીને ઉત્તમ મનુષ્યપણું પ્રાપ્ત કરી કર્મથી મુક્ત થઈ અક્ષયસુખને (મોક્ષને) પ્રાપ્ત કરશે.

'આ પ્રમાણે અક્ષતપૂજા કરવાથી રાજા, રાણી અને કુમાર તેમજ દેવપણામાં હતી તે દેવી એ ચારે અક્ષય-સુખને (મોક્ષસુખને) પ્રાપ્ત કરનારા થયા.

**इति अक्षतपूजा विषे शुकयुगलकथा समाप्त.**

# પુષ્પપૂજા વિષે કથા.

જે પ્રાણી ઉત્તમ પુષ્પવડે શ્રી જિનેશ્વરની ત્રિકાળ પૂજા કરે છે. તેથી તે પ્રાણી દેવતાનું સુખ પ્રાપ્ત કરી અનુક્રમે શાશ્વત સુખ (મોક્ષસુખ) ને પ્રાપ્ત કરે છે. શ્રી વીતરાગ પ્રભુની ઉત્તમ કુસુમવડે પૂજા કરીને જેમ એક વણિકપુત્રી દેવ સંબંધી ઉત્તમ સુખ અને શાશ્વતસુખ પામેલી છે તેવી રીતે અન્ય પ્રાણીઓ પણ દેવસુખ અને શાશ્વતસુખને પામે છે.

## વણિકપુત્રીની કથા.

આ ભરતક્ષેત્રમાં ઉત્તરમથુરા નામે એક પ્રસિદ્ધ નગરી છે, તેમાં **સુરદેવ** નામે પ્રસિદ્ધ રાજા હતો. તે પુરીમાં **ધનપતિ** નામે દ્રવ્યવાન શ્રેષ્ઠી હતો. તેને **શ્રીમાળા** નામે સ્ત્રી હતી, અને **લીલાવતી** નામે એક પુત્રી થઇ હતી. તેનાથી નાનો **ગુણધર** નામે તેણીને એક પ્રીતિવાળો ભાઈ હતો. તે બંને સહોદર ધનપતિ શ્રેષ્ઠીના ઘરના આભૂષણરૂપ હતા. એક વખત ઉદ્યાનમાં ગયેલી લીલાવતીને જોઇ કામદેવથી વિંધાયેલા દક્ષિણ મથુરાના કોઈ શ્રેષ્ઠીનો પુત્ર **વિનયદત્ત** તેણીને પરણ્યો.

અન્યદા લીલાવતી પોતાની ધાવમાતા તથા દાસીની સાથે પોતાને સાસરે જવા ચાલી; અને પોતાના પરિજનયુક્ત પતિને ઘેર પહોંચી. સાસરાને ઘેર રહેતાં એકદા

તેણે માલતીના પુષ્પની સુંદર માળાવડે પોતાની શોકે પૂજિત એવું એક જિનબિંબ દીઠું. તે જોઈ અત્યંત મત્સરથી અને અનાદિ મિથ્યાત્વવડે મોહ પામેલા મનથી કોપાયમાન થયેલી લીલાવતીએ પોતાની દાસીને કહ્યું કે 'આ માળાને લઇને તું બહાર વાડીમાં ફેંકી દે, કેમકે તેને જોતાં મારાં નેત્ર દગ્ધ થાય છે.' લીલાવતીનો હુકમ થવાથી દાસી જેવી તે જિનબિંબ પાસે ગઈ, તેવી તેણે તે માળા સર્પરૂપે દીઠી, એટલે દાસી તે માળા લઇ શકી નહી; માળા લેવાને માટે લીલાવતીએ વારંવાર કહ્યા છતા દાસીએ જ્યારે માળા લીધી નહીં, ત્યારે લીલાવતી પોતે માળા હાથમાં લઇને ફેંકી દેવા બહાર નીકળી, પણ દેવતાના પ્રભાવથી તે માળા તેના હાથમાંથી છુટી જ પડી નહીં; સર્પરૂપે તેને હાથે જ વળગી રહી એટલે તે ઉંચે શબ્દે વિલાપ કરવા લાગી. તેનો અવાજ સાંભળીને નગરલોક ત્યાં આવી પહોંચ્યા. નગરજનોએ તે હકીકત જાણીને તેની નિંદા કરવા લાગ્યા; તે સાંભળીને તે વિલખી થઇ છતી ઉભી રહી, તેવામાં બીલકુલ મત્સરથી રહિત અને સમકિતમાં નિશ્ચળ બુદ્ધિવાળી **જિનમતી** નામે ઉત્તમ શ્રાવિકા જે તેની શોક હતી. તે ત્યાં આવી. લીલાવતીને રોતી જોઇને કરૂણાવડે નવકારમંત્રનું સ્મરણ કરી જિનમતીએ તે માળા તેણીના હાથમાંથી લઇ લીધી. જિનમતીના હાથમાં રહેલી તે માળા શ્રી જૈનધર્મના પ્રભાવથી અધિક સુગંધવાળી થઈ ગઇ. તત્કાળ નગરના લોકોએ તેને ઘણી

સાબાશી આપી; અને નિર્મળ શીલગુણવાળી તે જિનમતી દેવતાને પણ વલ્લભ થઈ.

આ અરસામાં કોઈ બે મુનિ ઘરે ઘરે ફરતાં લીલાવતીના દ્વાર પાસે આવી ચડયા. પોતાના દ્વાર પાસે ઉભા રહેલા તે મુનિઓને જોઇને તે તત્કાળ ઉભી થઇ. લીલાવતીએ પરિવાર સહિત પરમ વિનયપૂર્વક તેમને વંદના કરી. બે મુનિમાંથી જ્યેષ્ઠ મુનિ ધર્મલાભ આપીને બોલ્યા કે 'હે લીલાવતી! તારા હિતને કરનારૂં મારૂં વચન તું સાંભળ-જે પ્રાણી શ્રી જિનેશ્વર ભગવંતની ઉત્તમ પુષ્પવડે ત્રિકાળ પૂજા કરે છે તે દેવતાના સુખ ભોગવી અનુક્રમે શાશ્વતસુખ (મોક્ષ) ને પ્રાપ્ત કરે છે. જો માત્ર એક પુષ્પથી પણ શ્રી જિનેશ્વર ભગવંતની ભક્તિપૂર્વક પૂજા કરે તો તે જીવ દેવ અને અસુરોની ઉત્તમ સમૃદ્ધિને પામે છે. જે પ્રાણી મત્સરભાવથી બીજાએ કરેલી જિનપૂજાને દૂર કરે છે, તે પ્રાણી આગામી કાળે દુઃખથી પરિતાપ પામતો છતો હજારો ભવ આ સંસારચક્રમાં પરિભ્રમણ કરે છે. તેમજ આ ભવમાં પણ જિનપૂજામાં વિઘ્ન કરવાના કારણથી સંતપ્ત રહ્યા કરે છે અને સુખ સૌભાગ્યથી રહિત થાય છે.

આ પ્રમાણે તે મુનિરાજનાં વચન સાંભળી પવનથી હણાયેલા વૃક્ષના પત્રની જેમ કંપતી તે લીલાવતી બોલી- 'હે ભગવન્! જો એમ છે તો મેં પાપિણીએ જ એવું પાપ કરેલું છે.' એમ કહીને માળા સંબંધી બધો વૃત્તાંત

તેમને કહી સંભળાવ્યો. પછી પૂછ્યું કે 'હે ભગવન્! આ પાપથી મારી પાપિણીની શુદ્ધિ કેવી રીતે થાય તે કહો.' મુનિએ કહ્યું કે 'ભાવશુદ્ધિ પૂર્વક જિનપૂજા કરવાથી એ પાપની શુદ્ધિ થશે.' તે સાંભળી ઉભી થઇ નમન કરીને તે બોલી કે 'આજથી મારે જાવ જીવ સુધી અવશ્ય શ્રી જિનેશ્વરની પૂજા ત્રિકાળ કરવી.' પછી પશ્ચાત્તાપથી પરિતાપ પામતા શરીરવાળી તેણી શુદ્ધભાવથી વારંવાર ચરણે વળગીને જિનમતીને ખમાવવા લાગી.'

આ પ્રમાણે મુનિનાં વચનથી લીલાવતી પરિજન સાથે પ્રતિબોધ પામી અને નિર્મળ સમકિતને પ્રાપ્ત કરી પરમ શ્રાવિકા થઇ. કહ્યું છે કે "જ્યાં સુધી અર્થ–દ્રવ્યનો નાશ ન થાય, જ્યાં સુધી જીવને બાંધવનો વિયોગ ન થાય અને જ્યાં સુધી દુઃખ પામે નહિ ત્યાં સુધી પ્રાણી ધર્મને વિષે ઉદ્યમ કરતો નથી." આ પ્રમાણે તેને પ્રતિબોધ પમાડીને જેમની સન્માનદાનાદિકથી પૂજા કરેલી છે એવા તે મુનિઓ લોકોથી પણ પ્રશંસા પ્રાપ્ત કરીને તેના ઘરમાંથી નીકળ્યા.

લીલાવતી પ્રતિદિન પરમ ભક્તિથી ઉત્તમ પુષ્પવડે શ્રી જિનેશ્વરભગવંતની પૂજા કરતી હતી. અન્યદા ઘણા દિવસ થયાં પોતાના માતાપિતાને જોયેલા ન હોવાથી તેણીને તેમની પાસે જવાની ઉત્કંઠા થઇ આવી. તેથી પોતાના પતિની આજ્ઞા લઇને તે ઉત્તરમથુરામાં આવી. ઉત્તમ દશાવાળા પુરૂષના ઘરમાં લક્ષ્મીની જેમ પિતૃગૃહે

લીલાવતીના આવવાથી તેના માતાપિતા અને બાંધવજનને ઘણો સંતોષ થયો. તેને જિનપૂજા કરતી જોઇને એકદા તેના ભાઈએ પૂછ્યું કે 'હે બ્હેન! આ જિનપૂજાનું ફળ મને કહો.' તે બોલી-"હે ભાઈ! જિનેશ્વરની પૂજાથી જીવ દેવ અને ચક્રવર્તીની ઋદ્ધિ પામીને અનુક્રમે સિદ્ધિ-સુખની સમૃદ્ધિને પામે છે. વળી જે ત્રિકાળ ભક્તિથી જિનપૂજા કરે છે તેને આ લોકમાં પણ શત્રુ કે દુષ્ટ પુરૂષોએ ઉત્પન્ન કરેલા ઉપસર્ગો થતા નથી." બંધુ બોલ્યો "જો એમ હોય તો મારે પણ આજથી જાવજીવ સુધી એવો નિયમ છે કે હંમેશાં ત્રિકાળ જિનપૂજા કરવી.' બેન બોલી-"હે ભાઈ! તને ધન્ય છે કે જેની આવી બુદ્ધિ થઇ; કેમકે મંદ પુણ્યવાળા પ્રાણીને જિનપૂજા કરવાની બુદ્ધિ થતી નથી." આ પ્રમાણે તે બંને ભાઇ બ્હેન સર્વદા પોતાના નિયમમાં અખંડિતપણે વર્તતા છતા શ્રી જિનેંદ્રના ચરણની પૂજા કરવામાં તત્પર રહીને દિવસો વ્યતિક્રમાવતા હતા. મૃત્યુકાળે પણ તેમનું ધ્યાન શ્રી જિનેશ્વરના ચરણની પૂજામાં તત્પર રહેવાથી તેઓ બંને મૃત્યુ પામીને સૌધર્મ દેવલોકમાં દેવતા થયા. ત્યાં તે બંને પૂર્વે કરેલી જિનવરપૂજા સંબંધી ધર્મના પ્રભાવથી હૃદયને ઈચ્છિત એવાં સુખ નિરંતર ભોગવવા લાગ્યા.

હવે **પદ્મપુર** નામના નગરમાં **પદ્મરથ** નામે રાજા હતો. તે રાજાને **પદ્મા** નામે પ્રાણપ્રિય રાણી હતી. દેવલોકમાંથી પેલા ગુણધરનો જીવ પ્રથમ ચ્યવીને તે પદ્મરથ રાજાનો **પદ્મા** રાણીના ગર્ભથી ઉત્પન્ન થયેલો

**જય** નામે પુત્ર થયો. કુમાર અનેક શાસ્ત્ર ને કળા ગ્રહણ કરવાથી કુશળ અને યૌવનવય તેમજ લાવણ્ય-યુક્ત કાંતિવડે પરિપૂર્ણ થવાથી જાણે પ્રત્યક્ષ દેવકુમાર હોય તેવો દેખાવા લાગ્યો.

**સુરપુર** નામના નગરમાં **સુરવિક્રમ** નામે રાજા હતો. તેને શ્રીદેવી જેવી વલ્લભ **શ્રીમાલા** નામે પ્રિયા હતી. લીલાવતીનો જીવ દેવલોકમાંથી ચ્યવીને તે શ્રીમા-લાના ગર્ભમાં આવી સુરવિક્રમ રાજાની પુત્રી થઈ. તે પોતાના સૌભાગ્યગુણથી શિવ અને વિષ્ણુની સ્ત્રીની જેમ નિઃસંગ એવા મુનિઓના હૃદયને પણ હરતી હતી, તો બીજાના હૃદયને હરે તેમાં તો શું આશ્ચર્ય ! એક દિવસે તેની માતાએ પોતાની પુત્રીને પાણિગ્રહણને યોગ્ય થયેલી જાણીને રાજાને નમવા માટે મોકલી. રાજસભામાં બેઠેલા રાજાના ચરણકમળમાં નમસ્કાર કરીને તેના ખોળામાં બેઠી. પિતાએ પણ તેને મસ્તકપર ચુંબન કર્યું. તે કુમારીને વરયોગ્ય થયેલી જોઇ રાજા ચિંતારૂપ સાગરમાં ડુબી ગયો, અને વિચારવા લાગ્યો કે 'આ પુત્રી કોને આપવી ? તેને યોગ્ય એવો કોઇ વર જોવામાં આવતો નથી.' પછી રાજાએ કુંવરીને કહ્યું કે 'અહીં બેઠેલા બધા રાજપુત્રોની ઉપર દૃષ્ટિ નાખ, તેમાંથી જે તારા મનને ઈષ્ટ હોય તેને બતાવ કે જેથી તેને હું તારે માટે પસંદ કરૂં.' કુંવરીએ તેમની ઉપર દૃષ્ટિ નાખીને સત્વર પાછી ખેંચી લીધી. કારણ કે નયનનેજ ન રૂચે તે શું હૃદયને ગમે ?

પછી તેઓની ઉપર તેણીનું ચિત્ત વિરક્ત જાણીને રાજાએ બીજા ઘણા રાજાઓનાં રૂપ ચિત્રી મંગાવીને તેને દેખાડયાં. તે જોતાં પણ રાજકન્યાની દષ્ટિ કોઈના પર આનંદ પામી નહીં. કારણ કે કર્મવશે અન્ય કોઈની ઉપર દૃષ્ટિ સ્થિરતા કરતી જ નથી. પૂર્વ સંયોગવાળા ઉપર જ દૃષ્ટિ ઠરે છે. આ પ્રમાણેની હકીકતથી હૃદયમાં દુઃખ પામેલા રાજાએ પોતાની રાણી સાથે ચિંતવ્યું કે 'શું આ પુત્રીને પસંદ આવે તેવો કોઈ રાજપુત્ર આ જગતમાં વિધિએ બનાવ્યો જ નથી ?'

અન્યદા જયકુમારનું રૂપ પટ ઉપર આલેખી મંગાવીને તેને બતાવવા મોકલ્યું; તે જોઈને હર્ષવડે તેના રોમાંચ ખડા થયા અને સ્નિગ્ધ દૃષ્ટિએ તે રૂપ જોવા લાગી. તે વાત જાણીને રાજાએ કહ્યું કે 'આ જયકુમાર ઉપર વિનયશ્રી અનુરાગવાળી થઇ દેખાય છે તે ઘટે છે. કારણ કે હંસલી હંસને જ પસંદ કરે, કાગને પસંદ કરે નહીં.' પછી રાજાએ કન્યાદાન નિમિત્તે પોતાના મંત્રીને બોલાવીને પદ્મપુરે પદ્મરાજાની પાસે મોકલ્યા. તે મંત્રીએ પદ્મપુરમાં જઇ પદ્મરથ રાજાને નમીને કહ્યું કે 'હું સુરપુર નગરથી તમારી પાસે આવ્યો છું. અમારા રાજા સુરવિક્રમે કહેવરાવ્યું છે કે મારે વિનયશ્રી નામે એક સુંદર પુત્રી છે, તે તમારા પુત્ર જયકુમારને મેં આપી છે.'' મંત્રીનાં આવાં વચનથી તે રાજાની પુત્રીનો તેણે સ્વીકાર કર્યો; કારણ કે ઘરે આવતી લક્ષ્મી કોણ ન ઇચ્છે ? રાજાએ જયકુમારને તે કન્યાના લાભના ખબર આપ્યા. તે જાણી નિર્ધન જેમ

સમૃદ્ધિના લાભથી ખુશી થાય તેમ જયકુમાર પણ ખુશી થયો. પછી પદ્મરથ રાજાએ યોગ્ય સન્માન કરી તે મંત્રીને વિદાય કર્યો. તે પણ વિવાહનો દિવસ નક્કી કરીને પોતાને નગરે આવ્યો. પિતાના આદેશથી શુભ દિવસે જયકુમાર પરિજન સહિત પદ્મપુરથી ચાલ્યો અને અનુક્રમે સુરપુર નગરે પહોંચ્યો. રાજા સુરવિક્રમે મોટા ગૌરવથી સન્માન કરી મોટા વૈભવ સહિત કુમારનો નગરપ્રવેશ કરાવ્યો. પછી પાણિગ્રહણનું મુહૂર્ત્ત પ્રાપ્ત થયે છતે કુમારે ઘણા માંગલિકના શબ્દો થતાં રાજકુમારીની સાથે પાણિગ્રહણ કર્યું. કેટલાએક દિવસ મોટા હર્ષથી સાસરાને ઘેર રહી પછી રજા લઇને, ઘણા સન્માન સાથે તે કુમાર પોતાના નગર તરફ જવા ચાલ્યો.

જયકુમાર વિનયશ્રી સહિત અરણ્યની મધ્યમાં થઇને જતો હતો, તેવામાં દેવતાઓએ પૂજેલા અને સાધુઓના પરિવારવાળા કોઈ આચાર્ય વિનયશ્રીના જોવામાં આવ્યા. તે આચાર્ય મહારાજે નિર્મળ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં, તેમનાં દાંતની કાંતિ નિર્મળ અને શ્વેત હતી, નિર્મળ એવા ચાર જ્ઞાને યુક્ત હતા અને નામે પણ **નિર્મળાચાર્ય** હતા. તેમને જોઇને વિનયશ્રીએ કહ્યું કે ‘હે સ્વામી ! આ કોઈ મુનીશ્વર દેખાય છે, તેથી આપણે ત્યાં જઇ પરમ ભક્તિથી તેમને વંદના કરીએ.’ તે સાંભળી કુમાર પોતાના પરિવાર સાથે તરત જ ત્યાં ગયો અને પરમ વિનયપૂર્વક તેણે તે મુનિને વંદના કરી. મુનિએ

સંસારરૂપ દુસ્તર સાગરને ઉતારનાર ધર્મલાભ આપીને કુમારને કહ્યું કે–'હે જયકુમાર! તમને સ્વાગત છે.' ત્યારપછી વિનયશ્રીને પણ નામ દઈને કહ્યું–'ભદ્રે! તને ધર્મસંપત્તિ પ્રાપ્ત થાઓ.' આ પ્રમાણે મુનિના કહેવાથી વિનયશ્રીએ પુનઃ મુનિના ચરણકમળમાં પ્રણામ કર્યો.

પછી તે બંને સ્ત્રીપુરૂષ હૃદયમાં ચિંતવવા લાગ્યા કે 'આ ભગવંત અમારા નામ ક્યાંથી જાણે? અથવા તેમાં કાંઈ આશ્ચર્ય નથી, કારણ કે મુનિઓ જ્ઞાનધારી હોય છે.' પછી તે મુનિરાજનાં વચનથી જિનધર્મ સાંભળીને જયકુમારે નમસ્કાર કરી પોતાનો પૂર્વભવ પૂછયો કે–"હે ભગવન્! મેં પૂર્વ ભવે શું ઘણું નિર્મળ પુણ્ય કર્યું હતું કે જેથી આ ભવમાં મને હૃદયને ઇચ્છિત રાજ્ય અને આ સ્ત્રી પ્રાપ્ત થયાં?"

મુનિ બોલ્યા–"હે મહાશય! તું પૂર્વભવે એક વણિકનો પુત્ર હતો, તારે લીલાવતી નામે એક જ્યેષ્ઠ ભગિની હતી. તે તને બહુ વહાલી હતી. તે ત્રિકાળ જિનપૂજા કરતી હતી. તેને પૂજા કરતી જોઇને તને પણ જિનપૂજામાં શ્રદ્ધા થઈ અને તેથી તું પણ તેમાં પ્રવર્ત્યો. તે શ્રી જિનપૂજાના પુન્યથી દેવલોકના સુખ ભોગવી ત્યાંથી ચ્યવીને આ ભવમાં તેં આવું રાજ્ય પ્રાપ્ત કર્યું. હજુ પણ કેટલાક જન્માંતરમાં દેવ તથા મનુષ્ય ભવનાં સુખ ભોગવીને જિનપૂજાના પ્રભાવ વડે પ્રાંતે સિદ્ધિસુખને પ્રાપ્ત કરીશ.'

આ પ્રમાણેનો પોતાનો પૂર્વભવ સાંભળી હૃદયમાં હર્ષ

પામીને તેણે પૂછયું-"હે ભગવન્ ! જિનપૂજાના પ્રભાવથી મારી બેન લીલાવતી કઈ ગતિને પ્રાપ્ત થઈ? અને હાલ તે કયાં છે?" મુનિ બોલ્યા-'તે લીલાવતી સૌધર્મદેવ-લોકમાં દેવતાનાં સુખ ભોગવીને દૈવયોગે આ ભવમાં આ તારી સ્ત્રી થયેલી છે." આ પ્રમાણે મુનિનાં વચનથી પોતાનું ચરિત્ર સાંભળીને તે બન્નેને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું, જેથી પોતાના પૂર્વભવનું બધું ચરિત્ર તેમને સાંભરી આવ્યું. એટલે તે બન્નેએ મુનિ પ્રત્યે કહ્યું કે-'હે ભગવન્ ! તમારૂ કહેવું બધું જાતિસ્મરણ અમારા જાણવામાં આવ્યું છે, અને તે તેજ પ્રમાણે છે. પછી વિનયશ્રી બોલી-'હે ભગવન્ ! હું શું અગ્નિમાં પ્રવેશ કરૂં ? કારણ કે જે પૂર્વભવનો મારો બંધુ તે આ ભવમાં મારો પતિ થયો છે. હે ભગવંત ! મારા જન્મને ધિક્કાર છે, ધિક્કાર છે. આ લોકમાં પણ મારો જન્મ નિંદિત છે, કેમકે પૂર્વ ભવનો ભ્રાતા તે આ ભવે ભર્ત્તા થયો. મુનિએ કહ્યું-'ભદ્રે ! એવું દુઃખ ધર નહીં; કારણ કે આ સંસારમાં મૃત્યુ પામ્યા પછી બંધુ હોય તે ભર્ત્તા પણ થાય છે.' તે બોલી-'હે ભગવન્ ! જો કે સંસારમાં સર્વે એવું છે પણ જ્યાં સુધી જ્ઞાન ન હોય ત્યાં સુધી દુઃખ થતું નથી. પરંતુ આત્મહિતને ઈચ્છનારો એવો કોણ પ્રાણી જાણીને વિષ ખાય ? તેથી હવે જ્યારે હું જ્ઞાત થઈ ત્યારે પૂર્વ ભવના ભ્રાતાની સાથે ભોગને ઇચ્છતી નથી, માટે આજથી જાવજીવ સુધી મારે નિયમાર્થે બ્રહ્મચર્ય છે. તો હવે હે ભગવન્ ! આ સંસારભ્રમણના

દુઃખનો નાશ કરનારી દીક્ષા મને આપો.' મુનિ બોલ્યા-'ભદ્રે! તારો આ વિવેક ઉચિત છે.' પછી જયકુમાર પણ બોલ્યો-'હે ભગવન્! આ સંસારને ધિક્કાર હો કે જેમાં પૂર્વભવની મારી બેન મૃત્યુ પામીને કર્મયોગે આ ભવમાં મારી સ્ત્રી થઈ; તેથી હું જો કે આ સંસારથી વિરક્ત થયો છું પણ દીક્ષા પાળવાને અસમર્થ છું તો મારે શું કરવું? મારે જે કરવા યોગ્ય હોય તે મને બતાવો.' મુનિ બોલ્યા-'ભદ્ર! જો તું દીક્ષા પાળવાને અસમર્થ હો તો સમકિતવડે શુદ્ધ એવા શ્રાવકધર્મને અંગીકાર કર.'

પછી વિષયસુખમાં નિરપેક્ષ થયેલી વિનયશ્રીને મુનિએ વિધિપૂર્વક દીક્ષા આપી અને જયકુમારને શ્રાવકધર્મને વિષે સ્થાપિત્ત કર્યો. પછી વિનયશ્રી સાધ્વીને ખમાવી, ગુરૂના ચરણકમળમાં નમી જિનધર્મને ગ્રહણ કરી જયકુમાર પોતાના નગરમાં આવ્યો. છેવટે વિનયશ્રી સાધ્વી સુવ્રતાગુરૂણીની સમીપે રહી દીક્ષા પાળી કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને શાશ્વતસ્થાન (મોક્ષ)ને પ્રાપ્ત થઈ.

**इति पुष्पपूजा विषे लीलावतीनी कथा समाप्त.**

# દીપપૂજા વિષે કથા.

જે પુરૂષ પરમ ભક્તિથી **શ્રી** જિનેશ્વરના મંદિરમાં દીપક કરે તે નિર્મળ બુદ્ધિને ધારણ કરનાર પુરૂષ દેવતાના વિમાનમાં ક્રીડા કરે છે. **શ્રી** જિનભવનમાં ભક્તિથી પરમ કલ્યાણરૂપ દીપક કરવાથી **જિનમતિએ** અને **ધનશ્રીએ** દેવપણું પ્રાપ્ત કર્યું હતું, તેની કથા આ પ્રમાણે છે :-

આ ભરતક્ષેત્રમાં ભૂમંડલમાં પ્રસિદ્ધ અને દેવતાના નગરની જેમ વિબુધજન*ના નિવાસરૂપ **મેઘપુર** નામે નગર છે. તે નગરમાં **મેઘ** નામે પ્રતાપી રાજા હતો. જે સિંહની જેમ શત્રુરૂપ હાથીઓના ગર્વનો નાશ કરનાર હતો. તે નગરમાં **સુરદત્ત** નામે એક શ્રેષ્ઠી રહેતો હતો. તે ગુણવાન પ્રભુના ચરણની પૂજામાં ઉદ્યુક્ત અને સમકિત દૃષ્ટિવંત હતો. તેને નિર્મળ એવા જિનધર્મમાં તત્પર, નિર્મળ ગુણરૂપી રત્નોથી શરીરને શોભાવનાર અને નિર્મળ શીલરૂપ આભૂષણવાળી **શીલવતી** નામે સ્ત્રી હતી. તે દંપતિને નિર્મળ સમક્તિમાં પ્રીતિવાળી **જિનમતી** નામે એક ઉત્તમ પુત્રી હતી. તે પુત્રીને સમક્તિથી રહિત **ધનશ્રી** નામે સખી હતી. તે બંને સખીઓ સમાન રીતે એક બીજાના સુખે સુખી, દુઃખે દુઃખી અને સમાન સ્નેહવાળી હતી, તેમજ રૂપ તથા સૌભાગ્યમાં પણ સરખી હતી.

---

* પંડિત પુરૂષ, પક્ષે દેવ.

એક વખતે શ્રી જિનેશ્વર ભગવંતના મંદિરમાં જિનમતીને દીપક ધરતી જોઇને ધનશ્રીએ પૂછયું કે–'પ્રિય સખી! શ્રી જિનેશ્વરની આગળ દીપક ધરવાથી શું ફળ પ્રાપ્ત થાય છે? તે કહે કે જેથી હું પણ પ્રત્યેક સંધ્યાએ જિનભવનમાં દીપક કરૂં.' જિનમતી બોલી–'ભદ્રે! શ્રી જિનેશ્વર ભગવંતની પાસે ભક્તિથી દીપદાન કર્યું હોય તો તેનું ફળ દેવતા તથા મનુષ્યભવનું સુખ અને પ્રાંતે મોક્ષ પ્રાપ્ત થાય તે છે. તે વિષે શાસ્ત્રમાં કહ્યું છે કે-શ્રી વીતરાગ પ્રભુની પાસે દીપદાન કરવાથી નિર્મળ બુદ્ધિ થાય, દેહ અખંડિત રહે અને વિવિધ પ્રકારનાં રત્નો પ્રાપ્ત થાય. જે પ્રાણી જિનેશ્વર ભગવંતની આગળ પરમ ભક્તિથી દીપક કરે છે તેના પાતક દગ્ધ થઈ જાય છે. તેમાં બીલકુલ સંદેહ નથી.' આ પ્રમાણે જિનમતીનાં વચનો સાંભળીને ધનશ્રી પણ પ્રભુની આગળ મંડળ આળેખી પુષ્પ અક્ષતાદિવડે પૂજા કરી ભક્તિથી દીપદાન કરવા લાગી. એવી રીતે પ્રતિદિવસ શ્રી જિનેશ્વરની પાસે દીપક કરવાથી ધનશ્રીનું ચિત્ત જિનધર્મમાં નિશ્ચળ થઈ ગયું. પછી તે બંને સખીઓ ભક્તિથી ભરપૂરપણે જિનધર્મમાં એક ચિત્તવાળી થઈને ત્રણે કાળ જિનેશ્વરની પાસે દીપક કરવા લાગી.

અન્યદા ધનશ્રીએ પોતાની મેળે પોતાના જીવતવ્યનો છેડો નજીક આવેલો જાણી જિનમતીનાં વચનથી વિધિવડે અનશન વ્રત ગ્રહણ કર્યું. પછી વિધિપૂર્વક અનશન

પાળી શુદ્ધ લેશ્યા વડે મૃત્યુ પામીને ધનશ્રી સૌધર્મ દેવલોકમાં દિવ્ય રૂપવાળી દેવી થઇ.

ધનશ્રીના મૃત્યુ પછી જિનમતી તેના વિયોગે વિશેષ દુ:ખી થઇ અને પ્રતિદિવસ જિનેશ્વર ભગવંતની પાસે દીપક કરવાનો વિશેષ ઉદ્યમ કરવા લાગી. તે પણ આયુ-ષ્યને અંતે અનશન કરી વિધિપૂર્વક મૃત્યુ પામીને દૈવ-યોગે સૌધર્મ દેવલોકમાં ધનશ્રીના વિમાનમાં જ દેવી થઇ. અવધિજ્ઞાન વડે પૂર્વજન્મનો સંબંધ જાણી તે બન્ને ત્યાં પણ ઘણાં સ્નેહવાળી સખીઓ થઇ. તે બન્ને સખીઓ પોતાની અપાર સમૃદ્ધિ જોઈ મનમાં વિસ્મય પામીને ચિંતવવા લાગી કે 'આપણને કયા સુકૃતથી આવી સમૃદ્ધિ પ્રાપ્ત થઇ ?' ઉપયોગ દેતાં તેઓએ અવધિજ્ઞાન વડે જાણ્યું કે 'જિનભવનમાં દીપદાન કરવાથી આપણને આવી મનો-વાંછિત સમૃદ્ધિ પ્રાપ્ત થઈ છે.' પછી શ્રી ઋષભદેવ ભગવંતના શ્રેષ્ઠ મંદિરને સંભારી તેઓ બન્ને તત્કાળ મેઘનગરમાં આવી અને ત્યાં નવીન સ્ફટિકના શિલાતળથી રચેલું સુવર્ણ મણિ અને રત્નોના સ્તંભોવાળું અને કમળની જેવું વિકસિત શ્રી ઋષભદેવ ભગવંતનું મંદિર બનાવ્યું. તે મંદિરને સુવર્ણદંડથી યુક્ત એવા ધ્વજમાળથી અલંકૃત કરી તેના કળશ ઉપર ઉત્તમ રત્નથી નિર્મિત એવો એક દીપક મૂકયો. પછી સુગંધી જળથી મિશ્ર એવા પુષ્પોની વૃષ્ટિ તે જિનમંદિર ઉપર કરીને તે બન્ને સખીઓએ ત્રણ પ્રદક્ષિણા દઇને શ્રી ઋષભદેવ ભગવંતને

વંદના કરી અને ભક્તિથી ભરપૂરપણે વારંવાર સ્તુતિ કરીને પોતાને સ્થાને જઇ મનગમતાં સુખો ભોગવવા લાગી.

અનુક્રમે ધનશ્રી દેવતાનું આયુષ્ય ક્ષીણ થતાં દેવલોકમાંથી ચ્યવીને **હેમપુર** નગરમાં ત્યાંના રાજાની **કનકમાળા** નામે રાણી થઈ. તે બધી રાણીઓમાં સર્વોપરી હતી; *અને રાજા* ***મકરધ્વજને*** *પોતાના પ્રાણથી પણ વધારે* વહાલી હતી. તે રાજાને બીજી **દૃઢમતી** નામે રાણી હતી, તે પરાભવના દુખથી મૃત્યુ પામીને રાક્ષસી થઇ. રાજા કનકમાળાની સાથે એવો વિષયાસક્ત થયો કે તે દોગંદુકદેવની જેમ ગત કાળને પણ જાણતો નહોતો. રાણી કનકમાળા રાત્રે પોતાના વાસગૃહમાં દેહની કાંતિથી સૂર્યના પ્રકાશ કરતાં પણ વધારે પ્રકાશતી હતી. અન્યદા પેલી રાક્ષસી રાજાને કનકમાળામાં આસક્ત જાણીને ક્રોધ કરી અર્ધરાત્રે રાજાની પાસે આવી, અને દાઢોથી વિકરાળ મુખવાળો, ભયંકર નેત્રવાળો, યમરાજ જેવા રૂપવાળો, અને પુંફાડા મારતો એક સર્પ વિકુર્વીને તેણે તેનો વધ કરવા માટે મૂકયો. પણ તે સર્પ કનકમાળાનું તેજ સહન કરી ન શકવાથી નેત્રને મીંચી દઈ પોતાના દેહને કુંડલાકારે કરીને તેની પાસે જ બેસી ગયો. હવે સર્પ રાણીને પરાભવ કરે ત્યાર અગાઉ તો અત્યંત કોપાનળથી પ્રજ્વલિત થયેલી પેલી રાક્ષસીએ મંદસત્વી જીવોના પ્રાણ હરી લે તેવો ભયંકર શબ્દ કર્યો. તે સાંભળીને રાજા કાંઇ પણ ક્ષોભ પામ્યા વગર પોતાની પ્રિયા સહિત

બેઠો થયો અને જુએ છે તો પોતાની પ્રિયાના તેજથી નિસ્તેજ થયેલો સર્પ તેની પાસે બેઠેલો દીઠો એટલામાં તે સર્પ ભયંકર રૂપ કરીને કનકમાળાને ડસવા તૈયાર થયો; પરંતુ કનકમાળા પોતાના સત્વથી કિંચિત્ પણ સ્ખલિત થઇ નહીં. તે જોઇને પેલી રાક્ષસી તેના પર તુષ્ટમાન થઈ, તેથી પ્રસન્ન રૂપ કરીને બોલી કે–'વત્સે! હું તારી ઉપર સંતુષ્ટ થઈ છું, તેથી તું જે માગીશ તે હું આપીશ.' કનકમાળા બોલી 'હે ભગવતી! જો તમે મારી ઉપર સંતુષ્ટ થયા હો તો આ નગરમાં એક મણિરત્નમય મોટો પ્રાસાદ મારે માટે કરી આપો.' તે સાંભળી 'તથાસ્તુ' એમ કહીને રાક્ષસી પોતાને સ્થાનકે ગઇ અને જાણે રાક્ષસીથી ભય પામી હોય તેમ રાત્રી પણ નાશ પામી.

પ્રાતઃકાળે પતિની સાથે સુખે જાગ્રત થયેલી કનકમાળાએ પોતાના આત્માને દેવતાએ રચેલા ભવનમાં રહેલો જોયો. દેવતાના ભવન જેવું તે ભવન જોઇને લોકો કહેવા લાગ્યા કે–'આ ભવન રાણી કનકમાળાને માટે કોઇ દેવીએ બનાવ્યું જણાય છે.'

દેવી કનકમાળા તે ભવનના ગોખમાં બેસીને રાતે પેલા જિનભવન ઉપર રહેલા રત્નદીપકને પ્રતિદિવસ પ્રીતિપૂર્વક જોતી હતી.

હવે દેવી જિનમતી કનકમાળાને બોધ આપવા માટે એકદા રાત્રીના પશ્ચિમ પહોરે સ્વર્ગમાંથી ત્યાં આવી અને કહેવા લાગી કે 'હે કુશોદરી! આ સુવર્ણ, મણિ અને

રત્નજડિત ભવનમાં રહી છતી તું જે ક્રીડા કરે છે તે પૂર્વ જન્મમાં શ્રી જિનભવનમાં દીપદાન કરવાનું ફળ છે.' આ પ્રમાણે તેને પ્રતિબોધ કરવા માટે તે દેવી પ્રતિદિન વારંવાર કહ્યા કરતી હતી. તે સાંભળી કનકમાળા પણ વિચારતી કે 'આ પ્રમાણે હંમેશાં મને કોણ કહે છે? એનો ખુલાસો જો કોઇ અતિશય ઉત્તમ જ્ઞાનઋદ્ધિવાળા મુનિરાજ અહીં આવે તો હું તેમને પૂછી જોઉં.'

આવી રીતે કનકમાળા ચિંતવન કરે છે તેવામાં એકદા **ગણધર** નામે અતિશય જ્ઞાની આચાર્ય તે નગરના ઉદ્યાનમાં આવીને સમવસર્યા. તેમને ઉદ્યાનમાં આવેલ જાણીને કનકમાળા રાજાની સાથે ભક્તિથી ત્યાં વાંદવાને આવી. મુનિને જોઇ વંદના કરી ધર્મ સાંભળીને કનકમાળાએ પોતાનો સંશય પૂછયો કે 'હે ભગવન્! હંમેશાં અર્ધ રાત્રે મારી આગળ આવીને કોઇ ઉપર પ્રમાણે બોલે છે તે શા નિમિત્તે બોલે છે એ જાણવાનું મને મોટું કૌતુક છે.' મુનિ બોલ્યા–'ભદ્રે! પૂર્વભવે જિનમતી અને ધનશ્રી નામે તમે બંને સખીઓ હતી. શ્રી જિનેશ્વર ભગવંતની પાસે પ્રતિદિવસ દીપક કરવાથી તમો બંને મરણ પામીને દેવલોકમાં ગઈ. ત્યાંથી ચ્યવીને તું આ રાજાની રાણી થઇ છે અને તે જિનમતી દેવલોકમાં રહી છે. તે હમેશાં ત્યાંથી આવીને તને પ્રતિબોધ કરવા માટે એ પ્રમાણે કહે છે. તે જિનમતી સ્વર્ગમાંથી ચ્યવી આ જન્મમાં પણ તારી સખી થશે અને મૃત્યુ પામીને તમે

બન્ને સર્વાર્થસિદ્ધ વિમાને દેવ થશો. ત્યાંથી ચ્યવી મનુષ્યપણું પામી વ્રત અંગીકાર કરી સર્વ કર્મનો ક્ષય કરી તમે બન્ને સિદ્ધિપદને પ્રાપ્ત કરશો.

તમે પૂર્વભવે શ્રી જિનભવનમાં દીપદાન કરેલ છે. તેનું ફળ મોક્ષ પ્રાપ્તિરૂપ તમને પ્રાપ્ત થશે, તેમાં જરા પણ સંદેહ નથી.''

આ પ્રમાણે મુનિરાજનાં વચનથી પોતાના પૂર્વભવને સાંભળતાં કનકમાળાને તત્કાળ જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું. પછી કનકમાળા બોલી 'હે ભગવન્! તમે મને મારો પૂર્વભવ કહી સંભળાવ્યો તે જ પ્રમાણે તે સર્વ જાતિ-સ્મરણજ્ઞાન થવાથી મારા જાણવામાં આવ્યુ છે.' આ પ્રમાણે કહીને સમ્યક્ પ્રકારે જૈનધર્મને સ્વીકારીને કનકમાળા પોતાના સ્વામીની સાથે પોતાને ઘેર આવી. જિનમતી દેવીએ રાત્રિના છેલ્લા ભાગે આવીને કહ્યું-'હે ભદ્રે! તેં અમૃત સમાન જૈનધર્મ સ્વીકાર્યો તે બહુ સારૂં કર્યું; હવે હું પણ અહીંથી ચ્યવીને સાગરદત્ત શ્રેષ્ઠીની પુત્રી થઈશ. તે વખતે તારે મને ત્યાં આવીને જૈનધર્મનો પ્રતિબોધ આપવો.' આ પ્રમાણે કહીને જિનમતી દેવી પોતાને સ્થાનકે ગઈ, અને દેવસંબંધી સુખ ભોગવવા લાગી. તે જ પ્રમાણે કનકમાળા મનુષ્યસંબંધી સુખ ભોગવવા લાગી.

અનુક્રમે દેવી જિનમતી સ્વર્ગથી ચ્યવીને સાગરદત્ત શ્રેષ્ઠીને ઘેર તેની સુલસા નામની સ્ત્રીના ગર્ભમાં પુત્રીપણે અવતરી. જન્મ્યા બાદ તેણીનું **સુદર્શના** નામ રાખવામાં

આવ્યું. તે જ્યારે પ્રથમ યૌવનવયમાં આવી ત્યારે એક દિવસ દૃષ્ટિએ પડતાં કનકમાળાએ તેને કહ્યું :કે–"મારી સખીને સ્વાગત છે? હે બહેન! આ ઋષભદેવ પ્રભુનું ઉત્તમ મંદિર છે કે જેના કળશ ઉપર જન્માંતરમાં સ્થાપન કરેલો રત્નનો દીપક રહેલો છે." આ પ્રમાણેનાં વચન સાંભળવાથી તેમજ કનકમાળાને જોવાથી સુદર્શનાને પણ જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું, તેથી તત્કાળ તેણીએ ઘણા સ્નેહથી સખીને આલિંગન કર્યું, અને બોલી કે–'હે સખી! તને શાબાશી ઘટે છે. તેં મને ભલા પ્રયત્ન વડે પ્રતિબોધ કર્યો.' આ પ્રમાણે કહ્યા પછી તે બન્ને સખીઓ પરસ્પર હર્ષ અને સંતોષ પામી.

પછી શુદ્ધ શ્રમણપણું અને શ્રાવકપણું પાળી મૃત્યુ પામ્યા પછી તે બન્ને સખીઓ સર્વાર્થસિદ્ધિ વિમાનમાં દેવતા થઇ. ત્યાંથી ચ્યવી મનુષ્ય થઇ વિશુદ્ધ ચારિત્ર પાળી સર્વ કર્મનો ક્ષય કરીને તે બંને સખીઓ શાશ્વત સુખની સમૃદ્ધિરૂપ સિદ્ધિપદને પ્રાપ્ત કરશે.

"આ પ્રમાણે ભવ્ય પ્રાણીને બોધ કરવા માટે શ્રી જિનભવનમાં દીપદાન કરવાનું પ્રશસ્ત એવું શુભ ફળ સંક્ષેપથી કહેવામાં આવ્યું છે."

**इति दीपपूजा उपर पांचमी कथा समाप्त.**

# નૈવેદ્ય પૂજા વિષે કથા.

જે પ્રાણી બહુ ભક્તિથી શ્રી જિનેન્દ્ર પ્રભુની આગળ નૈવેદ્ય ધરે છે, તે દેવેંદ્ર, અસુરેન્દ્ર અને ચક્રવર્તીપણાના ઉત્તમ ભોગ મેળવે છે. વળી જે પ્રાણી ભક્તિથી ભરપૂર મન વડે પ્રભુની આગળ નૈવેદ્ય ધરે છે, તે એક કુટુંબી (કણબી) પુરૂષની જેમ દેવ, મનુષ્ય અને મોક્ષના સુખને મેળવે છે.

આ ભરતક્ષેત્રના મધ્ય ખંડમાં **ક્ષેમા** નામે એક નગરી હતી. તે દેવતાની નગરીની જેમ દેવભવનથી વિભૂષિત હતી. તે નગરીમાં શત્રુઓને સૂર્ય જેવો અને લોકોને ચંદ્ર જેવો તેજસ્વી **સૂરસેન** નામે રાજા રાજ્ય કરતો હતો.

પૂર્વે **ધન્યા** નામની નગરીમાં તે રાજાના વંશમાં ધીર અને સત્ત્વમાં પ્રખ્યાત એવો **સિંહધ્વજ** નામે રાજા થઈ ગયો. એક સમયે કોઇ એક મહર્ષિ તે નગરીમાં આવી ચઢ્યા; અને નગરીના પ્રવેશમાર્ગની અંદર નિયમ ગ્રહણ કરી ધ્યાનસ્થ થઈને ઉભા રહ્યા. તે મુનિ એવા દૃઢ નિયમવાળા હતા કે પોતાના નિયમથી તે કદિ પણ ચળાયમાન થતા નહીં. તે નગરીના નિર્દય લોકો પ્રવેશ કરતાં અને નીકળતાં અપશુકનની બુદ્ધિએ તે મુનિના મસ્તક ઉપર પ્રહાર કરવા લાગ્યા. પાપી અને પામર

લોકો એ પ્રમાણે તેમના દેહ ઉપર પ્રહાર કરતાં છતાં એ મહાત્મા મુનિ મંદરગિરિની જેમ ધ્યાનથી ચળિત થયા નહીં. આ પ્રમાણે તે નગરીના લોકોને નિર્દોષ મુનિને ઘોર ઉપસર્ગ કરતાં જોઇ તે અપરાધી લોકો ઉપર ત્યાંનો નગરવાસી દેવ કોપાયમાન થયો. તેવામાં તેવા ઘોર ઉપસર્ગને સહન કરનારા મુનિને કેવળજ્ઞાન ઉપજ્યું; અને તત્કાળ તેમનું આયુષ્ય પૂર્ણ થવાથી મૃત્યુ પણ થયું. તે મહાત્મામુનિ ઉપશમરૂપ ચક્રવડે કર્મરૂપી મહાશત્રુઓના સમૂહનો નાશ કરી શાશ્વત એવા પરમપદને પ્રાપ્ત થયા.

પેલા કોપાયમાન થયેલા દેવતાએ નગરના લોકોને એવો ઉપસર્ગ કર્યો કે જેથી તે બધું નગર જનસંચાર વગરનું ઉજ્જડ ગઇ ગયું. પછી રાજાએ તેની વિધિપૂર્વક આરાધના કરી એટલે તે દેવ સંતુષ્ઠ થયો અને તેણે રાજાને કહ્યું કે–'તમે અહીંથી દૂર બીજે સ્થળે નગર વસાવો; એટલે તમને ક્ષેમકુશળ થશે.' તે દેવના કહેવાથી સૂરરાજાએ બીજે સ્થળે નગરી વસાવી. તેમાં સર્વનું ક્ષેમ થવાથી તે નગરી ક્ષેમપુરી એવા નામથી વિખ્યાત થઇ. તેજ આ નગરી સમજવી.

હવે પેલો પ્રથમના નગરવાળો દેવ શૂન્ય અરણ્યમાં આવેલા શ્રી ઋષભદેવ પ્રભુના મંદિરમાં કોઈ દુષ્ટનો પ્રવેશ થવા દેતો નહીં અને ઘણી વખત તેના દ્વાર પાસે સિંહને રૂપે ઉભો રહેતો હતો, તે જિનભવનની પાસે કોઇ એક દારિદ્રયના દુઃસહ દુખથી પરિતાપ પામેલા યુવાન કણબીનું ખેતર હતું, તેથી તે પ્રતિદિવસ ત્યાં હળ ખેડતો હતો અને

ક્ષેમપુરમાંથી તેની સ્ત્રી તેના ઘરેથી તેને માટે ભાત લાવતી હતી., તે ઘી અને તેલ વિનાનું અરસ વિરસ ભોજન કરતો હતો.

એક દિવસ કોઇ ચારણમુનિ આકાશ માર્ગે તે મંદિરના દર્શન કરવા માટે આવ્યા. શ્રી ઋષભપ્રભુની સ્તુતિ કરીને મંદિરની બહાર એક જગ્યાએ તે બેઠા. તેમને જોઇ તે ખેડુતને ઘણો હર્ષ થયો તેથી નેત્રમાં આનંદાશ્રુ ભરાઈ ગયાં અને શરીર ભક્તિથી ભરપૂર થઈ ગયું. એટલે તે પોતાનું હળ મૂકી પરમ વિનયપૂર્વક તેમની પાસે આવ્યો અને વંદના કરી પછી તે બોલ્યો કે–'હે ભગવન્! આ અતિ દુર્લભ એવો મનુષ્ય જન્મ પામ્યા છતાં હું જન્મથીજ હંમેશાંનો દુઃખીઓ કેમ થયો ?' મુનિએ કહ્યું–'હે ભદ્ર! તેં પરભવને વિષે ભક્તિપૂર્વક મુનિને દાન આપ્યું નથી, તેમ જિનેંદ્ર પ્રભુની આગળ નૈવેદ્ય ધર્યું નથી, તેથી તું આ જન્મમાં કોઈ પ્રકારે મનુષ્યપણું પ્રાપ્ત થયા છતાં પણ ભોગ રહિત, દુઃખી અને દરિદ્રી થયો છે.

મુનિના આવાં વચન સાંભળી પૃથ્વી ઉપર મસ્તક નમાવીને તે મુનિપ્રત્યે બોલ્યો–'ભગવન્! મારૂં વચન સાંભળો. આજથી હું એવો અભિગ્રહ કરૂં છું કે–મારે માટે આવેલા ભોજનમાંથી શ્રી જિનેશ્વર ભગવંતની પાસે એક પિંડ ધર્યાપછી અને કોઇ મુનિરાજનો યોગ બની જાય તો તેમને વહોરાવ્યા પછી મારે જમવું.'

મુનિ બોલ્યા–' હે ભદ્ર! આ અભિગ્રહમાં તું ચિત્તને

નિશ્ચળ રાખજે, જેથી તું સુખેથી શાશ્વત (મોક્ષ) સુખનું પાત્ર થઈશ.' તેમની સુંદર આશીષને ગ્રહણ કરીને તે હળધર તેમને શુદ્ધ ભાવથી નમ્યો એટલે તે મુનિએ પણ આકાશે ઉડી મનોવાંછિત પ્રદેશમાં વિહાર કર્યો.

પેલો ખેડુત તે દિવસથી પોતાની સ્ત્રી જે ભાત લાવતી હતી તેમાંથી થોડું અન્ન લઇને દરરોજ શ્રી જિનેશ્વર ભગવંતની આગળ નૈવેદ્ય ધરવા લાગ્યો. એક વખત તે *ખેડુત ભાત આવવામાં બહુ મોડું થવાથી ઘણો ક્ષુધાથી* પરાભવ પામ્યો હતો, એવામાં ભાત આવ્યો, એટલે તે તત્કાળ જમવા બેઠો અને ભાતનો કોળીઓ ભરવા જતો હતો; તેટલામાં તેને પોતાનો નિયમ યાદ આવ્યો, એટલે તે કોળીઓ પાછો નાખી દઈ નૈવેદ્ય લઇને તે પ્રભુના મંદિર તરફ ચાલ્યો. તેવામાં પૂર્વે કહેલો દેવ આ ખેડુતના સત્વની પરીક્ષા કરવા માટે જિનમંદિરના દ્વારની આગળ સિંહને રૂપે ઉભો રહ્યો. તે સિંહને જિનમંદિરના દ્વારની આગળ ઉભેલો જોઇ યુવાન ખેડુત ચિંતવવા લાગ્યો કે 'શ્રી જિનેશ્વરની પાસે નૈવેદ્ય ધર્યા સિવાય હું શી રીતે ભોજન કરીશ, માટે આજે કદિ પ્રભુની આગળ જતાં જીવતો રહું કે મરણ પામું પણ મારે જિનેશ્વરને અવશ્ય નૈવેદ્ય તો ધરવું.' આમ ચિંતવીને સત્ત્વ ધારણ કરી જેવો તે પ્રભુની આગળ જવા ચાલ્યો તેવો તે સિંહ તેના પર સંતુષ્ટ થઈને પાછે પગલે ઓસરવા લાગ્યો.

પછી તે ખેડુત મનમાં નિશ્ચય કરી ધીરપણે જિનગૃહની

અંદર પેઠો એટલે તે સિંહ તત્કાળ અદૃશ્ય થઇ ગયો. અહીં ખેડુત અંગમાં ભક્તિથી ભરપૂર થઈ પ્રભુને નૈવેદ્ય ધરી ફરીવાર નમીને પોતાને સ્થાનકે આવ્યો અને ભોજન કરવા બેઠો, એટલે પેલો નગરરક્ષક દેવ સાધુને રૂપે તેની પાસે આવ્યો.

પેલો ખેડુત ભાતનો ગ્રાસ લેવા જતો હતો તેવામાં તેણે પોતાની આગળ મુનિને જોયા. એટલે તેણે સંતુષ્ટ થઇ જે ભાત પોતે ખાવા માટે લીધો હતો તે તેમને વહોરાવી દીધો. પછી બીજો ભાત લઇ જમવા બેઠો. તેવામાં તે દેવ પાછો સ્થવિરમુનિનું રૂપ કરીને ત્યાં આવ્યો, એટલે તેમને બીજીવાર લીધેલ ભાત વહોરાવીને તે જમવા બેઠો.

એટલામાં તે દેવ ક્ષુલ્લકમુનિના વેષે ત્યાં આવ્યો. તેમને બાકી રહેલા સર્વ ભાત તે ભકિતથી આપવા તૈયાર થયો એટલે પેલો દેવ પ્રત્યક્ષ થઈને કહેવા લાગ્યો કે–'અરે ભદ્ર ! જૈન ધર્મ ઉપર તારી દૃઢતા અને શુદ્ધ બુદ્ધિ જોઇને હું સંતુષ્ટ થયો છું, તેથી તારા મનને ઇચ્છિત હોય તે વર માગી લે. હું તને જે માગીશ તે સર્વ આપીશ.'

ખેડુત બોલ્યો–'હે દેવ ! જો તું મારી ઉપર સંતુષ્ટ થયો હો અને વર આપવા ઇચ્છતો હો તો મને એવો વર આપ કે જેથી મને અર્થની પ્રાપ્તિ થાય અને મારૂં દારિદ્ર નાશ પામે.' દેવ 'તથાસ્તુ' એમ કહી પોતાને સ્થાનકે ગયો.

ખેડુતે આ સર્વ વૃત્તાંત પોતાની સ્ત્રીને કહી સંભળાવ્યો.

તે સાંભળી તેની સ્ત્રીએ કહ્યું કે 'જેની જૈન મત ઉપર ભક્તિ હોય છે તેને ધન્ય છે કે જે ભક્તિથી સંતુષ્ટ થઇને દેવતાએ તમને વર આપ્યો છે'. આ પ્રમાણે ભાવશુદ્ધિથી અનુમોદના કરતી તે સ્ત્રીએ પણ પુણ્ય ઉપાર્જન કર્યું. કારણ કે અનુમોદના કરવાથી પણ આ જીવ સંસારરૂપ પાંજરાને તોડી નાખે છે.

અહિં ક્ષેમપુરીમાં **સૂરસેનરાજાને વિષ્ણુશ્રી** નામે પુત્રી થઈ છે તે જાણે પ્રત્યક્ષ વિષ્ણુની લક્ષ્મી હોય તેવી જણાય છે. એ કન્યાને યોગ્ય એવો ભવ્ય વર નહીં મળવાથી અન્યદા રાજાએ સર્વ રાજાઓને એકઠા કરીને સ્વયંવર કર્યો. તે નિમિત્તે નગરીની બહાર ઉદ્યાનમાં સુવર્ણ અને મણિમય પગથીઆવાળો અને દેવ વિમાન જેવો રમણીય મંડપ રચાવીને તેમાં સુશોભિત માંચા નખાવ્યા. તે માંચાઓની ઉપર વિમાન ઉપર અસુરો બેસે તેમ અનેક રાજાઓ શૃંગાર કરી કરી આવીને બેઠા.

પછી તેઓના સમૂહ વચ્ચે શ્વેત ચામર અને છત્રવાળી તથા શ્વેત વસ્ત્ર, વિલેપન અને આભૂષણની શોભા ધરનારી રાજકન્યા પોતાના કુળરૂપ કમળમાં જાણે રાજહંસી હોય તેવી દેખાતી છતી આવી. તે રાજપુત્રીની આગળ દેવતાઓને બોલાવવાને માટે જાણે દૂત હોય તેવા ઉત્તમ ઢોલ, શંખ અને માદલ વિગેરે વાજિત્રોના શબ્દો વાગી રહ્યા હતા. તે સાંભળીને પેલા ખેડુતના મનમાં કૌતુક જોવાની ઈચ્છા થવાથી તે હળ ઉપર આરૂઢ થઇને ત્યાં

આવ્યો, અને સંતુષ્ટ ચિત્તે સ્વયંવર જોવા લાગ્યો. પછી પ્રતિહારીએ અનુક્રમે સર્વ રાજાઓને ઓળખાવ્યા; પરંતુ તે સર્વને તજીને રાજકન્યા જેનું દેવતા સાંનિધ્ય કરે છે એવા તે ખેડુતને વરી. રાજકન્યા ખેડુતને વરેલી જોઇ કન્યાના માતાપિતા તથા બંધુઓ જાણે વજ્રથી તાડિત થયા હોય તેમ લજ્જાથી નીચું મુખ કરીને રહ્યા અને આવેલા રાજાઓ વિલખા થઇ ક્રોધે ભરાયા છતા પરસ્પર કહેવા લાગ્યા કે 'અરે! આપણને રાજાઓને મૂકીને આ કન્યા એક ખેડુતને વરી તે તેણે ઘણું અઘટિત કર્યું છે. અરે! શું આ કન્યા કોઈ નઠારા ગ્રહથી ગ્રહાયેલી છે? અથવા શું મૂર્ખ છે કે ઉત્તમ રાજાઓને મૂકીને એક હીનજાતિના ખેડુતને વરી.

પછી સર્વ રાજાઓ સૂરસેન ઉપર કોપાયમાન થઇને કહેવા લાગ્યા કે—'જો આ કન્યાને એક હાલિક જ ઇષ્ટ હતો તો બધા રાજાઓને એકઠા શા માટે કર્યા હતા? માટે આપણે સૂરસેન રાજા સહિત એ ખેડુતને હણીને કન્યા લઈ લ્યો.' તે સાંભળી કોઈ રાજા બોલ્યો કે-'તેણે તો સ્વયંવર રચ્યો હતો, તેમાં કન્યાએ તેનો મનોવાંછિત વર વરી લીધો તેમાં રાજાનો શો ઉપાય ?'

એટલે **ચંડસિંહ** નામનો રાજા બોલ્યો કે-'એ કન્યા મૂઢ બુદ્ધિથી ખેડુતને વરી છે, કાંઇ તેના પિતાનાં વચનથી વરી નથી; માટે આપણે સૂરસેન રાજાને સમજાવવાને દૂત મોકલીએ.' ચંડસિંહના કહેવાથી બધાએ મળીને સૂરસેન

રાજા પાસે દૂત મોકલ્યો. તે તત્કાળ તેની પાસે જઇ સંદેશો લઇને પાછો આવ્યો. દૂતે બધા રાજાઓને કહ્યું કે 'હું તમારા વચનથી ત્યાં ગયો અને મેં સૂરસેન રાજાને કહ્યું કે–તમારી કન્યાએ અજ્ઞાનપણે મૂઢ બુદ્ધિથી આ ખેડુત વરેલો છે; માટે એ પસંદગી રદ કરીને ફરીવાર માત્ર રાજાઓનો સ્વયંવર મેળવો અને તેમનું સન્માન કરો.' આ પ્રમાણે મેં કહ્યું એટલે સૂરસેન રાજા બોલ્યો કે આમાં કાંઈ મારો દોષ નથી, સ્વયંવરમાં તો કન્યા જેને વરે તે પ્રમાણ થાય છે.' દૂતનાં આવા વચન સાંભળી સર્વ રાજાઓ કોપાયમાન થઈને બોલ્યા કે 'આ ખેડુતને મારીને રાજકુમારીને પકડી લ્યો, અને જે કોઈ તેનો પક્ષ કરે તેને પણ હણી નાખો.'

આ પ્રમાણે મુક્કર કરીને તેઓએ ખેડુતને કહ્યું કે અરે ! તુ આ કુમારીને છોડી દે.' તે સાંભળીને દેવતાએ જેનું સાનિધ્ય કરેલું છે એવો તે ખેડુત કોપાયમાન થઇને બોલ્યો કે–'અરે મુર્ખાઓ ! એમ બોલતાં તમારી જીભ શતખંડ કેમ થતી નથી? જો કે તમે ઘણા છો. પરંતુ મને તમે સંગ્રામમાં શું કરી શકવાનાં છો ? કેમકે એકલા સિંહને પણ સેંકડો શિયાળ શું કરી શકે છે ? તે સાંભળી કોપાગ્નિથી પ્રજ્વળિત થયેલો ચંડસિંહ પોતાના સુભટો પ્રત્યે બોલ્યો કે–'અરે સુભટો ! આ દુષ્ટને હણી નાંખો અને તેની જીભને મૂળમાંથી તોડી લ્યો.'

તેના વચનથી તે પુરૂષો જેવા તે ખેડુત ઉપર પ્રહાર

કરવા લાગ્યા તેવો તે ખેડુત પ્રજ્વળિત હળ લઇને ઉભો થયો. તેને જોતાંજ તે પુરૂષો નાસીને પોતાના સ્વામીને શરણે આવ્યા. તે જોઇ તેનો સ્વામી ચંડસિંહ પણ વિચારમાં પડયો કે શું આ પુરૂષ તે કોઇ દેવતા હશે ? પછી સર્વ રાજાઓની સાથે માંચા મૂકીને તે પણ ખેડુત તરફ ચાલ્યો, અને સિંહની ફરતા જેમ હાથીઓ વીંટાઇ વળે તેમ તેઓ તે ખેડુતને વીંટાઇ વળ્યા.

તે વખતે ક્રોધાગ્નિથી પ્રજ્વલિત થયેલો તે ખેડુત પ્રજ્વલિત હળવડે પ્રહાર કરતો છતો એકાકી રણભૂમિની વચમાં બળભદ્રની જેવો શોભવા લાગ્યો. તે ધીર પુરૂષ હળના અગ્રભાગરૂપ તીક્ષ્ણ અંકુશવડે શત્રુઓના હસ્તિઓના કુંભસ્થળને ભેદવા લાગ્યો અશ્વોની ઘટા પર પ્રહાર કરવા લાગ્યો અને રથોને ચૂર્ણ કરવા લાગ્યો. તે જોઇને બળના ગર્વથી ઉન્મત્ત એવા સર્વ સુભટો સામે થતાં તેઓને તે ખેડુત અગ્નિની જ્વાળાને મૂકતા હળવડે તાડન કરવાં લાગ્યો. આ પ્રમાણે જોઇને ચંડસિંહ પ્રમુખ સર્વે રાજાઓ ચિંતવવા લાગ્યા કે 'અહો ! આપણો વિનાશ કરવા માટે આ કોઇ નવો યમરાજ ઉત્પન્ન થયો જણાય છે.' પછી ચંડસિંહ બોલ્યો કે–'આ કોઈ દેવ આપણી ઉપર કોપાયમાન થયો જણાય છે, માટે ચાલો, આપણે સર્વે તેની પાસે જઇ તેને પ્રણામ કરીને શાંત કરીએ.'

સર્વે રાજાઓ તેના વચનને પ્રમાણ કરી 'શરણ આપો, શરણ આપો' એમ બોલતા તે ખેડુતની પાસે ગયા, અને ભય પામી તેના ચરણયુગલમાં પ્રણામ કરીને બોલ્યા કે 'હે દેવ!

અમે મોહથી મૂઢ બનીને આપને જે અઘટિત વચનો કહ્યાં છે તે સર્વ ક્ષમા કરો, અને આપને પ્રણામ કરીએ છીએ.'

હાળિકની આવી અદ્ભુત ચેષ્ઠા જોઈને કન્યાના માતા પિતા, બંધુ અને સર્વ પરિવાર ઘણો ખુશી થયો. પછી રાજા સૂરસેને કન્યાના વિવાહનો આરંભ કર્યો, અને સર્વ રાજાઓની સમક્ષ તે ખેડુત રાજકન્યાને પરણ્યો. પછી સૂરસેનરાજા અપુત્ર હોવાથી સર્વે રાજાઓએ મળીને તેનો રાજ્ય ઉપર અભિષેક કર્યો અને કહ્યું કે–'આજથી તમે અમારા સ્વામી છો.' પછી હલીરાજાએ સર્વ રાજાઓને અભયદાન આપી સર્વનું સન્માન કર્યું; અને તેના સાસરા સૂરસેને પણ તે સર્વ રાજાઓનો સત્કાર કરી સત્વર વિદાયગીરી આપી.

પછી પેલા દેવતાએ પ્રગટ થઈને રાજા થયેલા ખેડુતને કહ્યું કે 'અરે ભદ્ર ! કેમ હવે તારૂં દારિદ્ર ગયું? હજુ પણ જે કાંઈ તું માગીશ તે સર્વ હું તને આપીશ.' હલિક બોલ્યો કે–'જો એમ હોય તો પૂર્વે ક્રોધવડે તમે જે નગરી ઉજ્જડ કરેલી છે તે મારી નગરી ફરીને તમારા પસાયથી સારી રીતે વસે.' દેવતાએ તે વાત સ્વીકારી અને તત્કાળ તે નગરી સુવર્ણ મણિ અને રત્નોથી રચેલા કિલ્લાવાળી તેમજ દેવપુરી જેવી બનાવી દીધી. તે ઉત્તમ નગરીમાં ઈંદ્રાણી સાથે ઈંદ્રની જેમ હલિકરાજા વિષ્ણુશ્રીની સાથે વિષયસુખ ભોગવવા લાગ્યો.

આ પ્રમાણે શ્રી જિનેશ્વર ભગવંતની પાસે નૈવેદ્ય ધરવાથી તે ખેડુતે આ લોકમાંજ સ્ત્રી સહિત મનોવાંછિત સુખ અને રાજય પ્રાપ્ત કર્યું. શ્રી જિનેશ્વર ભગવંતને નૈવેદ્ય ધરવાનું ઉત્તમ ફળ પ્રાપ્ત થવાથી તે હલિકરાજા બંને સ્ત્રીઓ સહિત ભકિતયુકત થઈ પ્રતિદિવસ પ્રભુની આગળ નૈવેદ્ય ધરવા લાગ્યો અને જન્માંતરે મેળવેલા પુણ્યશાળી દેવતા સ્વર્ગમાં સુખભોગ ભોગવે તેમ તે નગરીમાં સુખે દિવસો નિર્ગમન કરવા લાગ્યો.

હવે પેલો દેવ દેવસંબંધી આયુષ્યનો ક્ષય થવાથી દેવલોકમાંથી ચ્યવીને દૈવયોગે વિષ્ણુશ્રીના ગર્ભમાંજ પુત્રપણે ઉત્પન્ન થયો. જન્મ થતાં તેનું કુમુદ એવું નામ પાડયું. અનુક્રમે યૌવનવય પામ્યો અને સર્વ કળાઓ શીખ્યો. પૂર્વ જન્મના સુકૃત્યોથી તે રાજાને ઘણો પ્રિય થઈ પડયો. પછી હલિકરાજા તેને રાજય આપી પોતે પરમ શ્રાવકપણું પાળી જિનેશ્વર ભગવંતની પાસે નૈવેદ્ય ધરવાના ફળથી પહેલા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો. ઉત્પન્ન થતાં પોતાની સમૃદ્ધિ જોઈને અને દેવતાઓનો જયજય શબ્દ સાંભળીને તે સંતુષ્ટ ચિત્તે ચિંતવવા લાગ્યો કે 'મેં પૂર્વભવે શું સુકૃત્ય કર્યું છે કે જેના પ્રસાદથી આવી અતિ મનોજ્ઞ દેવતાની સમૃદ્ધિ અને મનોવાંછિત અપ્સરાઓ મને પ્રાપ્ત થઇ ?' આ પ્રમાણે વિચારી અવધિજ્ઞાનવડે જોતાં તેને માલમ પડયું કે આ બધું શ્રી જિનેશ્વર ભગવંતની પાસે નૈવેદ્ય ધરવાનું ફળ છે.

પછી પોતાના પૂર્વભવને વિશેષપણે જાણીને હલિદેવ પ્રતિદિવસ પોતાના પુત્રને પ્રતિબોધ આપવા માટે ત્યાં જવા લાગ્યો અને રાત્રિના પાછલા પહોરે મધુરવાણીથી કહેવા લાગ્યો કે "હે રાજા! તું એકચિત્તે મારૂં વચન સાંભળ-જન્માંતરે શ્રી જિનેશ્વર ભગવંતની પાસે ભક્તિથી મેં નૈવેદ્ય ધરેલ તેથી હે વત્સ! મને આવી મહાન્ દેવસમૃદ્ધિ પ્રાપ્ત થઈ છે અને હે મહાયશ! તારા પસાયથી મને જૈનધર્મ પણ પ્રાપ્ત થયેલ છે, માટે હવે તું પણ તે જૈનધર્મનું આરાધન કર.' આ પ્રમાણે વચનો સાંભળી કુમુદરાજા મનમાં વિસ્મય પામી ચિંતવવા લાગ્યો કે 'મારી આગળ હંમેશાં એવાં વચનો કહીને પાછું અંતર્ધાન થઇ જાય છે તે કોણ હશે!'

એક દિવસ તેના વચન સાંભળી **કુમુદરાજાએ** કહ્યું કે "તમે કોણ છો કે જે નિત્ય મારી આગળ આવી મને આ વચનો કહીને પાછા ચાલ્યા જાઓ છો? તે વિષે મને કૌતુક છે." દેવતાએ કહ્યું-"હું તારા પૂર્વ જન્મનો પિતા છું. શ્રી જિનેશ્વર ભગવંત પાસે નૈવેદ્ય ધરવાના ફળથી હું દેવવિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો છું. તારા સ્નેહમાં બંધાઈ તને પ્રતિબોધ આપવાને માટે હું દરરોજ અહીં આવું છું, માટે હે રાજા! તું પણ જૈનધર્મમાં આદર કર." તે સાંભળી રાજા બોલ્યો કે-'તમે મને પ્રતિબોધ કર્યો તે ઘણું સારૂં કર્યું. શ્રી જિનેશ્વર કથિત ધર્મ આજથી મને પણ શરણભૂત થાઓ.' આ પ્રમાણે પુત્રને પ્રતિબોધ

પમાડી જૈનધર્મમાં જોડી દઈને તે હલિદેવ પોતાના દેવલોકમાં ગયો અને ત્યાં મનોવાંછિત સુખ ભોગવવા લાગ્યો.

શ્રી જિનેશ્વર ભગવંત પાસે નૈવેદ્ય ધરવાના ફળથી દેવ તથા મનુષ્યના સુખ ભોગવી સાતમે ભવે તે હલિક શાશ્વત સ્થાનને પ્રાપ્ત થશે.

આ પ્રમાણે ભવ્ય જીવોના બોધને અર્થે શ્રી જિનેશ્વર ભગવંત પાસે નૈવેદ્ય ધરવાનું ફળ કહેલું છે, તે નૈવે પૂજામાં ઉદ્યમ કરવાથી પ્રાણીને અવશ્ય મોક્ષસુખ પ્રાપ્ત થાય છે.

॥ इति नैवेद्यपूजा विषे छट्ठी कथा समाप्त ॥



## ફળપૂજા વિષે કથા.

**જે** પ્રાણી ભક્તિથી શ્રી જિનેંદ્ર પ્રભુની પાસે ઉત્તમ વૃક્ષનાં શ્રેષ્ઠ ફળ અર્પણ કરે છે તેનાં સર્વ મનોરથ જન્માંતરમાં પણ સફળ થાય છે. ઉત્કૃષ્ટ સમૃદ્ધિ સંયુક્ત જિનવરની પૂજાનું ફળ જેમ કીરયુગલ અને દરિદ્ર સ્ત્રી પામી તેમ અન્ય પ્રાણી પણ પામે છે.

### કથારંભ

પૃથ્વીરૂપી સ્ત્રીના આભૂષણરૂપ દેવનગરીના જેવી **કંચનપુરી** નામે નગરી છે. તે નગરીની બહાર **અરનાથ** પ્રભુના જિનમંદિરના દ્વારની આગળ એક આમ્રવૃક્ષની ઉપર નીલકમળના પત્ર જેવું અને પ્રકૃતિએ ભદ્રિક એક શુકપક્ષીનું જોડું રહેતું હતું. અન્યદા તે જિનેંદ્રના મંદિરમાં મહોત્સવ ચાલતો હતો; તે પ્રસંગે તે નગરનો રાજા **નરસુંદર** નગરજનોની સાથે ત્યાં આવ્યો અને ભક્તિથી સુંદર ફળ વડે તેણે પ્રભુની પૂજા કરી. રાજાની સાથે તે નગરમાં રહેનારી કોઇ એક દરિદ્રી સ્ત્રી પણ ત્યાં આવી હતી કે જે પ્રભુની પૂજા માટે એક ફળ લેવાને અસમર્થ અને અત્યંત દુઃખી સ્થિતિવાળી હતી. બીજા લોકોને પ્રભુ સમીપે ફળ અર્પણ કરતાં જોઇ તે સ્ત્રીએ હૃદયમાં દુખિત થઇને ચિંતવ્યું કે 'જે પ્રાણી પ્રતિદિવસ

પ્રભુની પાસે ઉત્તમ ફળ અર્પણ કરે છે તેને ધન્ય છે, હું અભાગિણી એક પણ ઉત્તમ ફળ અર્પણ કરવાને સમર્થ નથી.'

તે સ્ત્રી એ પ્રમાણે ચિંતવે છે તેવામાં તે જિનમંદિર પાસેના આમ્રવૃક્ષ પર રહેલું તે વૃક્ષના ફળને ભક્ષણ કરતું પેલું શુકપક્ષીનું જોડું તેની દૃષ્ટિએ પડ્યું; એટલે તે સ્ત્રીએ શુક પક્ષીને કહ્યું-'રે ભદ્ર! તું એક આમ્રફળ મારે માટે નાંખ.' શુકપક્ષીએ પૂછ્યું કે 'તું તેને શું કરીશ?' સ્ત્રીએ કહ્યું કે 'હું પ્રભુને અર્પણ કરીશ.' પક્ષી બોલ્યો કે-'જિનેશ્વરને ફળ અર્પણ કરવાથી શું પુણ્ય થાય તે કહે, તો હું તને એક આમ્રફળ આપું.'

સ્ત્રી બોલી-"જે પ્રાણી ઉત્તમ વૃક્ષનાં ફળ પ્રભુની આગળ ધરે તેના મનોરથ જન્માંતરમાં પણ સફળ થાય છે. તે પ્રમાણેનું જિનેશ્વરના મુખકમળમાંથી નીકળેલું વચન ગુરુમહારાજની પાસેથી મેં સાંભળ્યું છે; તેથી મને એક આમ્રફળ આપ તો હું પ્રભુની આગળ ધરૂં." આ પ્રમાણે સાંભળીને સુડીએ શુકને કહ્યું કે-'સ્વામી! એને એક ફળ આપીએ અને આપણે પણ જિનેશ્વર ભગવંતની આગળ એક આમ્રફળ મુકીએ.'

પછી શુકપક્ષીએ એક આમ્રફળ તે સ્ત્રીની આગળ નાખ્યું એટલે તે સ્ત્રીએ તે લઇને પરમ ભક્તિથી પ્રભુની આગળ ધર્યું. તે પછી તે શુકપક્ષીનું જોડું પણ સંતુષ્ટ ચિત્તે ચાંચમાં આમ્રફળ લઇને પરમ ભક્તિ વડે પ્રભુની

આગળ આવ્યું. અને તે ફળ પ્રભુ પાસે મૂકીને આ પ્રમાણે બોલ્યું કે-'હે નાથ! અમે તમારી સ્તુતિ કરી જાણતા નથી; પણ તમારી પાસે ફળ અર્પણ કરવાથી જે ફળ થતું હોય તે અમને થાઓ.'

હવે શુદ્ધ પરિણામવાળી પેલી ગરીબ સ્ત્રી આયુષ્યનો ક્ષય થવાથી મૃત્યુ પામીને જિનેશ્વર ભગવંતની પાસે ફળ ધરવાના પુણ્યથી દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થઈ અને પેલો શુકપક્ષી મૃત્યુ પામીને **ગંધિલાનગરીના સૂર** નામે રાજાને ઘેર **રત્નાદેવી**ના ગર્ભમાં પુત્રપણે ઉત્પન્ન થયો. શુકનો જીવ ગર્ભમાં આવતાં પોતાની રાણીનું શરીર દુર્બળ જોઈ રાજાએ પૂછ્યું કે 'દેવી! તમને જે દોહદ થયો હોય તે કહો.' દેવી બોલી-'હે સ્વામી! મને અકાળે આમ્રફળ ખાવાનો દોહદ ઉત્પન્ન થયો છે, તે તમે કેવી રીતે પૂર્ણ કરશો?" પોતાની દયિતાના મુખમાંથી નીકળેલું આવું વચન સાંભળી રાજા ચિંતા તથા દુઃખના સમુદ્રમાં પડચો છતો વિચારવા લાગ્યો કે-'આવો અકાળે થયેલ દોહદ શી રીતે પૂરવો? અને જો નહીં પૂરૂં તો અવશ્ય આ સ્ત્રી મૃત્યુ પામશે તેમાં બીલકુલ સંદેહ નથી.'

આ તરફ પેલી દરિદ્ર સ્ત્રી કે જે દેવ થઈ છે તેણે અવધિજ્ઞાનથી જાણ્યું કે પેલા શુકપક્ષીનો જીવ રત્નાદેવીના ગર્ભમાં પુત્રપણે ઉત્પન્ન થયો છે, તેણે પૂર્વ ભવે ફળ આપીને મારા પર ઉપકાર કર્યો છે માટે હું ત્યાં જઇને

તેનો મનોરથ પૂરો કરૂં. પૂર્વભવના અભ્યાસથી તે શુકના જીવને આમ્રફળનો અભિલાષ થયો છે અને તેને લીધે તેની માતાને પણ આમ્રફળનો દોહદ થયો છે, માટે તત્કાળ સાર્થવાહનો વેશ લઇ ત્યાં જઇ આમ્રફળનો એક ટોપલો તેને અર્પણ કરૂં કે જે તેને દુઃખસમુદ્રથી પાર ઉતારનાર થાય.' આ પ્રમાણે ચિંતવીને તે દેવ સાર્થવાહનો વેશ લઇ ત્યાં આવ્યો અને આમ્રફળનો ટોપલો ભરીને તેણે રાજાની આગળ ભેટ ધર્યો. રાજાએ તેને પૂછ્યું કે–'હે ભદ્ર! તમે અકાળે આમ્રફળ ક્યાંથી મેળવ્યા?' તે બોલ્યો–'હે રાજન્! આ રત્નાદેવીના ગર્ભમાં જે પુત્ર આવેલ છે તેના પુણ્યથી મને આ આમ્રફળ પ્રાપ્ત થયા છે,' આટલું કહી તે દેવ અંતર્ધ્યાન થઈ ગયો. રાજા મનમાં આનંદ પામીને વિચાર કરવા લાગ્યો કે 'આ કોઈ પુત્રનો જન્માંતરનો સંબંધી દેવતા હશે.

તે પછી દેવતાએ નિર્માણ કરેલા આમ્રફળથી જેનો દોહદ સંપૂર્ણ થયો છે એવી રત્નાદેવીએ સુકુમાર અને સુલક્ષણવાળા પુત્રને જન્મ આપ્યો. પુત્રજન્મની વધામણીથી સંતુષ્ટ થયેલો રાજા જિનેશ્વર તથા ગુરૂજનની પૂજા કરવા લાગ્યો અને દીનજનને દાન આપવા લાગ્યો. પછી શુભ નક્ષત્ર શ્રેષ્ઠ વાર અને શુભ દિવસે ગુરૂજને તેનું **ફલસાર** એવુ નામ પાડ્યું. સૌભાગ્ય તથા રૂપથી યુક્ત એવા યૌવન વયની ક્રાંતિને પ્રાપ્ત થયેલા તે કુમારને જોઈ કામદેવે પણ પોતાના રૂપનો ગર્વ છોડી દીધો.

એક દિવસ પેલા **દુર્ગતદેવે** રાત્રિના પાછલે પહોરે રાજપુત્ર પાસે આવીને કહ્યું કે–'હે કુમાર ! તેં જે પૂર્વ ભવે સુકૃત કર્યું હતું તે સાંભળ. પૂર્વ ભવે શુકપણામાં પ્રિયાની સાથે તેં જિનેશ્વર ભગવંતની આગળ આમ્રફળ ધર્યું હતું, તેથી તને આ ઉત્તમ મનુષ્યપણું અને આવી ઋદ્ધિ પ્રાપ્ત થયેલ છે. શુકપક્ષીના ભવમાં જે તારી સ્ત્રી હતી તે મરણ પામીને જિનેંદ્રચંદ્રની પાસે ફળ અર્પણ કરવાથી રાયપુર નગરનાં રાજાને ઘેર પુત્રીપણે ઉત્પન્ન થઇ છે. વળી હે કુમાર ! પૂર્વ ભવમાં તેં આપેલું આમ્રફળ પ્રભુની પાસે અર્પણ કરવાથી મને આવી દેવતાની સમૃદ્ધિ પ્રાપ્ત થવા રૂપ ફળ મળ્યું છે. તું ગર્ભમાં હતો ત્યારે તારી માતાને અકાળે આમ્રફળ ખાવાનો દોહદ થયો હતો, તેને તે ફળ આપીને મેં પૂર્ણ કર્યો હતો. જે તારા પૂર્વભવની સ્ત્રી હતી તે રાયપુરના રાજા **સમરકેતુ** ને ઘેર **ચંદ્રલેખા** નામે પુત્રી થઈ છે. તેનો હાલ સ્વયંવર થાય છે. માટે હે મહાશય ! ચિત્રપટમાં શુકપક્ષીનું જોડલું ચીતરી તે ચિન્હ સાથે રાખીને તું તે સ્વયંવરમાં જા. તે પક્ષીનું યુગલ જોતાં તેને જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થશે અને તેથી સંતુષ્ટ થઈને તે તને વરમાળા પહેરાવશે. તેમાં જરાપણ સંદેહ લાવીશ નહીં." આ પ્રમાણે પૂર્વ જન્મના સંબંધ સહિત બધી વાત કહી. અને કુમારે તે વાત કબૂલ કરી એટલે તે દેવ પોતાના સ્થાનકે ગયો.

પછી કુમાર દેવના કહેવા પ્રમાણે ચિત્ર તૈયાર કરીને ચંદ્રલેખાના સ્વયંવરમાં ગયો. ત્યાં તે ચિત્ર સાથે રાખેલા

રાજકુમારને તે રાજકન્યાએ જોયો. ચિત્રની અંદર શુક-પક્ષીનું જોડું જોતાંજ તેને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું, તેથી તેણે ચિંતવ્યું કે આ કુમાર તે શુકપક્ષીનો જીવ જણાય છે અને શુકીનો જીવ તે હું છું,' કુંવરી આમ વિચારે છે તેવામાં તેના પિતાએ તેને પૂછયું કે 'હે પુત્રી ! તું નિશ્ચલ દૃષ્ટિથી વારંવાર તે ચિત્રિત શુકપક્ષીના જોડાને કેમ જુએ છે ?' કન્યા બોલી 'પિતાજી ! હું પૂર્વભવે શુકી હતી અને આ કુમાર શુકપક્ષી હતો. તે ભવમાં જિનેશ્વર ભગવંતની પાસે ફળ ધરવાથી અમે બંને મનુષ્યપણાને પ્રાપ્ત થયા છીએ.' આ પ્રમાણે કહીને જન્માંતરના સ્નેહથી પ્રતિબદ્ધ એવી રાજકુમારીએ તત્કાળ ફળસાર કુમારના કંઠમાં વરમાળા આરોપણ કરી. તે સમયે સર્વ લોકોએ રાજાને અભિનંદન આપ્યું કે 'આ રાજપુત્રી યોગ્ય વરને વરી છે.' તે ફળસાર કુમાર અને રાજકુમારીનો સમાગમ અન્યોન્ય એવો આનંદકારી થયો કે જે દેવલોક-માં દેવતાઓને પણ દુર્લભ હોય છે. પછી અતિ સ્નેહથી ભરપૂર અને અત્યંત હર્ષથી યુકત એવા તે બંનેનો પાણિગ્રહણ મહોત્સવ સર્વ રાજાઓની સમક્ષ કરવામાં આવ્યો.

**શશિલેખાના** પિતાએ વિવિધ પ્રકારનાં શ્રેષ્ઠ વસ્ત્ર તથા આભૂષણો વડે સન્માન કરીને સર્વ રાજાઓને વિદાય કર્યા. પછી ફળસારકુમારને પણ પોતાની પુત્રી સહિત ઘણું સન્માન કરીને રજા આપી. એટલે તેઓ સુખશાંતિ-પૂર્વક પોતાને નગરે પહોચ્યા.

ચંદ્રલેખા સાથે વિષયસુખને અનુભવ કરતાં તે સુખ-મગ્ન ફલસારને દિવસની જેમ વર્ષો વીતી જવા લાગ્યા. તે જે જે મનમાં ચિંતવતા હતા તે તે પૂર્વભવે કરેલી ભગવંતની ફળપૂજાના પ્રભાવથી તેમને પ્રાપ્ત થતું હતું.

એક વખતે ઇંદ્રે દેવતાની સભા વચ્ચે કહ્યું કે 'પૃથ્વીમાં ફલસાર કુમારને મનચિંતિત વસ્તુ સુલભ રીતે પ્રાપ્ત થાય છે.' આ વાત ઉપર શ્રદ્ધા ન આવવાથી કોઇ એક દેવતા સર્પનું રૂપ લઈ ત્યાં આવ્યો અને તેણે ફલસારકુમારની સ્ત્રીને ડંશ કર્યો. તે જોઇ સર્વ રાજલોક આકુળવ્યાકુળ થઇ ગયો, અને સર્પનું વિષ ઉતારવા માટે અનેક મંત્ર-કુશળ ગારૂડીઓને બોલાવવામાં આવ્યા. બહુ પ્રકારના વૈદ્યોએ અને ગારૂડીઓએ મંત્ર તંત્રના અનેક પ્રયોગો કર્યા, પણ તેની કાંઈ અસર ન થતાં તે નિર્જીવની જેમ નિશ્ચેષ્ટ થઇ પડી રહી. તેવામાં પેલો દેવ ઉત્તમ વૈદ્ય બનીને ત્યાં આવ્યો. તેણે કહ્યું કે 'હે કુમાર ! જો દેવવૃક્ષની મંજરી હોય તો હું તારી સ્ત્રીને જીવાડું.' પોતાની સ્ત્રીને પ્રાપ્ત થયેલા ભારે દુઃખથી જેનું મન દુઃખિત છે એવો કુમાર દેવવૃક્ષની મંજરી શી રીતે મળે એવો વિચાર કરે છે તેવામાં પેલા દુર્ગતદેવે તેના હાથમાં દેવવૃક્ષની મંજરી મૂકી; એટલે તત્કાલ પેલો દેવ વૈદ્યનું રૂપ મૂકીને ગજેંદ્ર રૂપે થયો. ત્યાં તેણે કુમારને સિંહ રૂપે જોયો; એટલે તે ગજેંદ્રનું રૂપ મૂકીને સિંહરૂપે થયો, ત્યાં કુમારને તેણે શરભ રૂપે જોયો; એટલે પોતાની માયાને સંહરી લઇને

તે દેવ તુષ્ટમાન થઈ ગયો, અને બોલ્યો કે 'હે કુમાર! જેવી રીતે ઇંદ્રે તમારૂં વર્ણન કર્યું હતું તેવા જ તમે છો. માટે હે ભદ્ર! તમે જે ઈચ્છા હોય તે માગી લ્યો, હું તમારી ઉપર તુષ્ટમાન થયો છું તેથી આપીશ.

કુમાર બોલ્યો કે–'જો તમે સંતુષ્ટ થયા હો તો આ મારૂં નગર દેવતાના નગર જેવું કરી આપો.' આ પ્રમાણે કહેતાં જ સુવર્ણ મણિ અને રત્નમય જેનો કિલ્લો છે અને દેવભવન વડે જે વિભૂષિત છે એવી તે નગરી દેવતાએ કરી દીધી. પછી એવી અતિ સુશોભિત નગરીનો કુમારને સ્વામી ઠરાવી તે દેવ પોતાને સ્થાનકે ગયો.

ફલસારકુમારને તે નગરી તેમજ નવીન પ્રિયાને ધારણ કરતાં એટલો બધો સંતોષ થયો કે જે તેના અંગમાં પણ સમાયો નહીં. પછી સૂરરાજાએ પણ પોતાના રાજ્ય ઉપર કુમારનો અભિષેક કરીને **શીલંધરસૂરિની** પાસે દીક્ષા લીધી.

**કંચનપુર** નગરમાં **ચંદ્રલેખા** સહિત ફલસારકુમારના દિવસો શચિ સહિત ઇંદ્રની જેમ સુખે સુખે વ્યતીત થવા લાગ્યા. કાળક્રમે ફલસારરાજાને શશિલેખાની કુક્ષીથી **ચંદ્રસાર** નામે પુત્ર થયો. ચદ્રની જેમ બંધવરૂપ કુમુદને આનંદ કરનાર અને કલાકલાપથી યુક્ત એવો તે ચંદ્રસારકુમાર અનુક્રમે બાલ્યવય છોડી રમણીય નવયૌવનને પ્રાપ્ત થયો. ફલસારરાજા પોતાની પ્રિયા સાથે શુદ્ધ ભક્તિ વડે જિનેશ્વરભગવંતની ફલપૂજા કરવામાં નિરંતર ઉજમાળ

રહેવા લાગ્યો. યૌવનવય વ્યતીત થયા પછી ધીર એવા ફુલસાર રાજાએ ચંદ્રસાર કુમારને રાજ્ય આપી દયિતા સહિત પ્રભુ પાસે વ્રત ગ્રહણ કર્યું અને ઉગ્ર તપશ્ચર્યા કરી શુદ્ધ પરિણામે મૃત્યુ પામીને તે બંને સાતમા દેવલોકમાં દેવતા થયા. પેલો દુર્ગતદેવ અને આ બંને દેવો કળે કરી દેવલોકમાંથી ચ્યવીને સાતમે ભવે જિનેશ્વર ભગવંતની ફુલપૂજા કરવાના પ્રભાવથી સિદ્ધિપદને પામશે.

આ પ્રમાણે સર્વનો ઉપકાર કરનારી અને મોટા અર્થવાળી જિનેશ્વરની ફુલપૂજા સંક્ષેપથી કહેવામાં આવી છે તે સારી રીતે કરવાથી સંસારને હરનારી થાય છે.

इति फळपूजा विषे सातमी कथा समाप्त.

# કલશપૂજા વિષે કથા.

જે પુરૂષ જવનો ભરેલ કળશ ભક્તિથી વીતરાગ પ્રભુને ચડાવે છે તે બ્રાહ્મણની પુત્રીની જેમ કલ્યાણને પ્રાપ્ત કરે છે.

**કથારંભ**

આ ભરતક્ષેત્રમાં દેવનગરના જેવું રમણીય **બ્રહ્મપુર** નામે પ્રખ્યાત નગર છે, જેમાં હજારો બ્રાહ્મણો વસે છે. તે નગરમાં ચાર વેદને જાણનાર **સોમિલ** નામે બ્રાહ્મણ રહેતો હતો. તેને **સોમા** નામની સ્ત્રી હતી અને **યજ્ઞવક્ત્ર** નામે પુત્ર હતો. તે યજ્ઞવક્ત્રને નિર્મલ વંશવડે શુદ્ધ અને સર્વદા ધર્મમાં ઉદ્યત એવી **સોમશ્રી** નામે સ્ત્રી પરણાવી હતી; તે પોતાના શ્વસુર વર્ગમાં વિનીતપણે વર્તતી હતી.

અન્યદા યજ્ઞવક્ત્રનો પિતા સોમિલ બ્રાહ્મણ દૈવયોગે મૃત્યુ પામ્યો, તેના પુત્રે તેની ઉત્તરક્રિયા કરી. તે પ્રસંગે સોમાસાસુએ પુત્રવધુ સોમશ્રીને વિનયથી કહ્યું કે–'સોમશ્રી! દ્વાદશીના દાન નિમિત્તે તમારા સસરાની ક્રિયા અર્થે જળ ભરી આવો.' સાસુના કહેવાથી સોમશ્રી ઘડો લઇને જળ લેવા ગઈ અને જળનો ઘડો ભરી જિનેશ્વર ભગવંતના મંદિર પાસે નીકળી, તેવામાં તેણીએ સાંભળ્યું કે–'જે માણસ જળનો ઘડો ભરી લાવી ભાવ શુદ્ધિવડે જિનેશ્વર ભગવંતની પાસે ઢોકે તે ઉત્તમ એવું પરમપદ મેળવે છે. જે ઉત્તમ જળથી ભરેલ ઘડો ને ગાગર પ્રભુની પાસે ઢોકે છે

તે નિર્મળ જ્ઞાનને ધારણ કરી પોતાના આત્માને સદ્‌ગતિમાં લઇ જાય છે.' આ પ્રમાણે મુનીંદ્રના મુખકમળથી નીકળતાં વચન સાંભળીને સોમશ્રીએ તે જળ ભરેલો ઘડો પ્રભુની પાસે ધરી દીધો અને બોલી કે–'હે સ્વામી ! હું મૂઢ અજ્ઞાની છું તેથી તમારી સ્તવના કરી જાણતી નથી પણ તમને જળપૂર્ણ કળશ ચડાવવાથી જે પુણ્ય થતું હોય તે મને થજો.'

આ બધો વૃત્તાંત બીજી સ્ત્રીઓએ જઈને સોમશ્રીની સાસુને કહ્યો. તેમાં જણાવ્યું કે–'તમારી વહુએ જળનો ઘડો જિનમંદિરમાં ચડાવ્યો છે.' એવાં વચનો સાંભળી તેની સાસુ સોમા અગ્નિની જેમ ક્રોધથી પ્રજ્વલિત થઇને બોલી કે–'જ્યારે જિનને જળનો ઘડો ચડાવ્યો ત્યારે તેણે પોતાનું માથું કેમ ચડાવ્યું નહીં ?' પુનઃ રોષથી બોલી કે–'એ દુષ્ટાને હવે મારા ઘરમાં પેસવા જ દઉં નહી.' આમ કહી હાથમાં લાકડી લઇને તે ગૃહના દ્વાર આગળ ઉભી રહી.

એટલામાં સોમશ્રી ત્યાં આવીને પોતાના ઘરમાં પેસવા લાગી, એટલે સોમાએ તેને અંદર જતી અટકાવી કહ્યું કે 'હે દુષ્ટે ! ઘડા વગર તું મારા ઘરમાં જ પેસીશ નહી. અરે મૂર્ખી ! અદ્યપિ પિતૃઓનું તર્પણ કર્યું નથી, અગ્નિને તૃપ્ત કર્યો નથી અને વિપ્રોને કાંઈ દીધું નથી, તેની અગાઉ તેં જળનો ઘડો જિનગૃહમાં કેમ આપી દીધો ?' આ પ્રમાણેનાં કોપાયમાન સાસુનાં વચનો સાંભળીને સોમશ્રી રોતી રોતી કુંભારને ઘેર ગઈ; અને કુંભારને

કહ્યું કે-'હે બાંધવ! મારા હાથમાંથી કંકણ લઇને તું મને એક ઘડો આપ.' કુંભાર બોલ્યો કે-'ભગિની! તું રૂદન કરતી કરતી ઘડો કેમ માગે છે?

પછી તેણીએ પોતાનો સર્વ વૃત્તાંત તેને કહી સંભળાવ્યો; એટલે કુંભકાર બોલ્યો-'બેન! તને ધન્ય છે કે તેં જિનેશ્વર ભગવંતની સમીપે ઘડો અર્પણ કર્યો છે, તેથી તેં મનુષ્યજન્મનું ફળ અને મોક્ષસુખનું બીજ પ્રાપ્ત કર્યું છે.' આ પ્રમાણે અનુમોદના કરવાથી તે કુંભારે પણ શુભ ફળવાળું કર્મ બાંધ્યું; કારણ કે ધર્મકાર્યની અનુમોદના કરવાથી પણ જીવ ભવસાગરને તરી જાય છે. પછી કુંભકારે કહ્યું કે-'જો એમ છે તો આ બીજો ઘડો લઇ જા. મનમાં ખેદ કર નહીં. વળી બેનના હાથમાંથી કંકણ લેવું તે ભાઇને ઘટે નહી.'

પછી સોમશ્રીએ ત્યાંથી એક ઘડો લઈ ઉત્તમ જળ વડે ભરી પોતાની સાસુને આપ્યો; એટલે તે પણ પોતાના સ્વભાવમાં આવી. તે ઘડો લીધા પછી સોમાને જો કે પોતે કહેલાં વચનો માટે પશ્ચાતાપ થયો, તથાપિ તેણીએ જિનેશ્વર ઉપર દ્વેષ કરવાથી એક ભવમાં ભોગવવા યોગ્ય કર્મ બાંધ્યું.

પેલો કુંભકાર મૃત્યુ પામીને જિનેશ્વર ભગવંતની જળપૂજાની અનુમોદના કરવાના ફળવડે **કુંભપુર** નગરમાં **શ્રીધર** નામે રાજા થયો. તે **શ્રીદેવી** નામે રાણીની સાથે સુખે રહેતો હતો, અને જેના ચરણકમળને પ્રણામ કરતા

મંડલેશ્વરના મુગટો તેના પગ સાથે ઘસાતા હતા, એવી રાજ્યલક્ષ્મીને તે ભોગવતો હતો.

સોમશ્રી મૃત્યુ પામીને પ્રભુની જળપૂજા કરવાના પ્રભાવથી તે **શ્રીધર** રાજાની રાણી **શ્રીદેવી**ના ગર્ભમાં પુત્રીપણે ઉત્પન્ન થઈ. તે ગર્ભમાં આવતાં તેની માતાને એવો ઉત્તમ દોહદ ઉત્પન્ન થયો કે 'હું જળના કળશ ભરી જિનેશ્વર ભગવંતને ન્હવરાવું.' પછી તેણે સુવર્ણના કળશમાં જળ ભરી તે વડે ભક્તિથી પ્રભુને ન્હવરાવ્યા. તેથી તેણીનો દોહદ સંપૂર્ણ થયો. પછી સમયે તેણીએ ઉત્તમ લક્ષણવાળી પુત્રીને જન્મ આપ્યો. તેના પિતાએ શુભ દિવસે તેનું **કુંભશ્રી** એવું નામ પાડ્યું. અનુક્રમે એ બાળા યૌવન વયને પ્રાપ્ત થઇ. દેવી જેવી પરમ સ્વરૂપવતી એ રાજકુમારી પોતાને ઘેર બંધુજનને વલ્લભ થઈ છતી ઇચ્છિત સુખને ભોગવવા લાગી.

અન્યદા કોઈ ચતુર્જ્ઞાની મુનિવર કુંભપુરના ઉદ્યાનમાં પધાર્યા. તેમની સાથે ઘણા મુનિઓનો પરિવાર હતો, અને તેમનું નામ **વિજયસેનસૂરિ** હતું. મુનીંદ્રને આવ્યા જાણી રાજા પોતાની પુત્રી સાથે તેમને વંદના કરવા માટે ગયો, અને વાહન વિગેરે દૂર મૂકી પુત્રી સહિત રાજાએ ત્રણ પ્રદક્ષિણા દઇને ગુરૂને વંદના કરી. પછી ભક્તિના ભરપુરપણાથી બીજા મુનિઓને પણ નમીને રાજા ગુરૂમહારાજના ચરણ પાસે ધર્મ સાંભળવા સાવધાન થઇને બેઠો.

તેવામાં રાજાએ એક સ્ત્રી દીઠી કે જેનું શરીર ધૂલિથી ધૂસરૂં થયેલું હતું, મળથી મલિન હતું, સેંકડો બાળકો તેની ફરતા ફરી વળેલાં હતાં અને તેના મસ્તક ઉપર ઘડાના આકારનો એક માંસપિંડ નીકળેલો હતો. એ પ્રમાણે પીડા પામતી તે સ્ત્રી ગુરૂમહારાજના ચરણ સમીપે આવી. તેને જોઈને રાજાએ ગુરૂને પુછ્યું કે-'હે ભગવન્! આવા દુઃખી શરીરવાળી આ સ્ત્રી કોણ છે કે જે પ્રત્યક્ષ રાક્ષસી હોય તેવી ભયજનક દેખાય છે?' મુનિ બોલ્યા-'હે રાજન્! તારા નગરમાં રહેનારા **વેણુદત્ત** નામના દરીદ્રી ગૃહસ્થની આ પુત્રી છે. આ પુત્રીનો જન્મ થતાં જ તેના માતાપિતા કાળધર્મને પામ્યા છે; અને ઘણી દુઃખી સ્થિતિ છતાં દૈવયોગે તે જીવવા પામી છે.' મુનિમહારાજનાં આવાં વચન સાંભળી રાજાએ મસ્તક ધુણાવીને ચિંતવ્યું કે-અહો! આ સંસારમાં કર્મના પરિણામ મહાવિષમ છે!

પછી તે દુઃખી સ્ત્રીએ પણ રૂદન કરતાં કરતાં ગદ્‌ગદ સ્વરે કહ્યું કે 'હે ભગવન્! મેં પૂર્વભવમાં જે પાપકર્મ બાંધ્યું હોય તે કહો.' મુનીશ્વર બોલ્યા-"ભદ્રે! સાંભળ. પૂર્વ ભવમાં તેં ભગવંત તરફ દર્શાવેલ દ્વેષથી અશુભ કર્મ બાંધેલું છે. તું પૂર્વે **બ્રહ્મપુર**માં **સોમા** નામે **બ્રાહ્મણી** હતી. તે ભવમાં સોમશ્રી નામની તારી પુત્રવધૂએ જિનેશ્વર ભગવંતની પાસે જળપૂર્ણ કળશ ચડાવ્યો હતો. તેથી તેં કોપ કરી પુત્રવધુને કહ્યું હતું કે 'તે જિનેશ્વર ભગવંત પાસે જળકળશ શા માટે ચડાવ્યો?

"તારા એ વચનથી તેને આવા દારૂણ દુઃખની પ્રાપ્તિ થઈ છે." મુનિનાં આવાં વચન સાંભળીને તે પશ્ચાતાપ કરતી બોલી કે–'હે ભગવન્! એ ઘોર કર્મ શું હજુ પણ મારે ભોગવવાનું બાકી છે?' મુનિ બોલ્યા–'પૂર્વભવમાં પાછળથી તેં પશ્ચાતાપ ઘણો કર્યો હતો, તેથી તે તે જ ભવમાં તેમાંનું ઘણું કર્મ ખપાવી દીધું છે. જેમ મૃગાવતીએ પોતાની ગુરૂણીને ખમાવતાં ઘણાં કર્મ ખપાવ્યાં હતાં તેમ જીવ શુદ્ધભાવે પશ્ચાતાપ કરવાથી પોતાના ઘણાં કર્મો ખપાવે છે.'

પછી તેણીએ ફરી ગુરૂને પૂછયું કે 'હે ભગવન્! તે સોમશ્રી મૃત્યુ પામીને હાલ કયાં ઉત્પન્ન થયેલ છે? અને તે કઈ ગતિને પામશે? તે જ્ઞાન વડે જોઈને કહો.' મુનિ બોલ્યા–'તે સોમશ્રી મરણ પામીને આ શ્રીધર રાજાની કુંભશ્રી નામે પુત્રી થઈ છે અને તે અહીં તેના પિતાની ને તારી પાસેજ બેઠી છે. તે આ ભવમાં ઇચ્છિત સંપત્તિને ભોગવે છે અને આગામી ભવમાં દેવ તથા મનુષ્ય સંબંધી સુખ ભોગવીને અનુક્રમે પાંચમે ભવે જિનેશ્વર ભગવંતની જળપૂજા કર્યાના પ્રભાવથી મોક્ષસુખને પામશે.

ગુરૂ મહારાજનાં આ પ્રમાણેનાં વચનો સાંભળીને જેના શરીરમાં ભરપૂર હર્ષ થયો છે એવી કુંભશ્રીએ દૂરથી ઉઠીને ગુરૂના ચરણકમળમાં આવી નમસ્કાર કર્યો. પછી પૂછયું કે 'હે ભગવન્! જેણે પૂર્વે કુંભ આપવા વડે મારી ઉપર મહા ઉપકાર કરેલો છે તે કુંભકાર હાલ કયાં છે?"

મુનિ બોલ્યા 'હે ભદ્રે ! તે કુંભકાર જિનપૂજાની અનુમોદનાના પ્રભાવથી મૃત્યુ પામીને આ તારો પિતા રાજા થયેલ છે.' આ પ્રમાણે પોતાના પૂર્વભવનું સ્વરૂપ સાંભળીને રાજા પણ સંતુષ્ટ થયો, અને પૃથ્વીપર મસ્તક મૂકીને મુનિને વારંવાર નમવા લાગ્યો. પછી ત્રણેને ઉહાપોહ કરતાં પૂર્વ જન્મના સંબંધને બતાવનારૂં જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. એટલે તેઓ પોતાના પૂર્વભવના ચરિત્ર સંભારી સંભારીને મુનિરાજને કહેવા લાગ્યા કે-'હે ભગવન્! તમોએ અમારૂં ચરિત્ર યથાર્થ રીતે કહ્યું છે; અને તેજ પ્રમાણે અમે જાતિસ્મરણથી જાણી પણ લીધું છે.'

પછી પેલી દુઃખી સ્ત્રીએ કુંભશ્રીને નમીને તેને પગે વળગી પોતાનો પૂર્વભવનો અપરાધ ખમાવ્યો, અને કહ્યું કે 'હે મહાસતી! તમે મારા મસ્તક ઉપરથી આ વ્યાધિનો ઘડો કરૂણા સાથે ઉતારો અને આત્માનું હિત કરો.' એ પ્રમાણે કહેવાથી કુંભશ્રીએ પોતાના કર વડે તેના મસ્તક ઉપર સ્પર્શ કર્યો, જેથી તેના મસ્તક ઉપર રહેલો વ્યાધિનો ઘડો *ઉતરી ગયો.

આ પ્રમાણે પોતાની પુત્રીનું ચરિત્ર જાણીને નગરજનો સહિત રાજા પ્રતિદિવસ ભકિતવડે શ્રી જિનેશ્વર ભગવંતની જળપૂજા કરવામાં ઉજમાળ થયા અને કુંભશ્રી પણ નિત્ય નિર્મળ જળથી ભરેલા સુવર્ણના કુંભવડે શ્રી જિનેશ્વર ભગવંતને ત્રિકાળ મજ્જન કરાવવા લાગી. પેલી

* માથા ઉપર રસોળીની જેવો ઘડાનો આકાર થયેલો તે.

દુર્ગંતા સ્ત્રી શુદ્ધ મને કરીને સાધ્વી થઈ અને પંચ મહાવ્રતને ધારણ કરી જનસંકુળ એવી પૃથ્વીમાં ગુરૂણીની સાથે વિહાર કરવા લાગી. મહાત્મા એવા આચાર્ય પણ ઘણા પ્રાણીઓને પ્રતિબોધ આપી પ્રતિબંધરહિતપણે ગામ નગર તથા ખાણો વિગેરેથી સુશોભિત એવી પૃથ્વીપર વિહાર કરવા લાગ્યા.

કુંભશ્રી આયુષ્યને અંતે શુદ્ધ પરિણામે મૃત્યુ પામીને ઇશાનદેવલોકમાં ઉત્પન્ન થઈ. ત્યાં દેવસંબંધી સુખ ભોગવી ત્યાંથી ચ્યવીને મનુષ્ય થઈ અનુક્રમે દેવ તથા મનુષ્યના સુખ અનુભવી શ્રી જિનેશ્વર ભગવંતની જળપૂજા કરવાના પ્રભાવથી પાંચમે ભવે સિદ્ધિપદને પામશે.

આ પ્રમાણે ભવ્ય પ્રાણીઓ શ્રી વીતરાગ પ્રભુની અષ્ટ પ્રકારી પૂજા કરવાથી વિઘ્ન રહિત અને નિત્ય સુખવાળા શાશ્વત સ્થાનને પામે છે.

**इति जळपूजा विषे आठमी कथा समाप्त.**

# અવશિષ્ટ કથા.

આ પ્રમાણે શ્રી જિનેશ્વર ભગવંતની અષ્ટ પ્રકારી પુજાનું ફળ સાંભળી **રાજા હરિશ્ચંદ્રે** કહ્યું-'હે ભગવન્! આ પૂજા અતિ સુખકારી ફળને આપનારી છે તેથી તે વિષે મારે આદર કરવો જોઈએ. કારણ કે અદ્યાપિ હું મુનિંદ્રના ધર્મને અંગીકાર કરવાને અસમર્થ છું.'

મુનિ બોલ્યા-'હે ભદ્ર! તારે જિનપૂજામાં નિશ્ચળ ચિત્ત રાખવું એ જિનપૂજા જ તને મોક્ષફળ આપનારી થશે.' પુનઃ રાજાએ હૃદયમાં સંશય આવવાથી મુનિને નમન કરીને પૂછ્યું કે-'ભગવન્! કર્યું છે પાપ જેણે એવો ગૃહસ્થ પણ શું શુદ્ધિને પામે?'

ભગવંત બોલ્યા-'પાપ કરનાર ગૃહસ્થ પણ જો પાપનો પશ્ચાતાપ કરી શરીરમાં તાપ પામે તો તે શુદ્ધ થઈ જાય છે; જેમ **સુરપ્રિય** નામે પુરૂષ પશ્ચાતાપ કરવાથી લાભ મેળવવામાં મુનિથી પણ ચડિયાતો થયો હતો.' રાજાએ પુછ્યું કે-'હે સ્વામી! તે સુરપ્રિય પુરૂષ કોણ હતો? અને તેણે કયા પ્રકારે ઉત્તમ શુદ્ધિ પ્રાપ્ત કરી હતી? તે કહો. તે સાંભળવાનું મને અતિ કૌતુક છે.'

મુનિશ્વર બોલ્યા-"રાજેંદ્ર! તે સુરપ્રિયે જેવી રીતે સંપત્તિ પ્રાપ્ત કરી અને જે રીતે તે સિદ્ધિપદને પામ્યો તેનું ચમત્કારી ચરિત્ર હું કહું છું તે સાંભળો—

આ **ભરતખંડ**માં દેવનગર જેવું **સુસૌમ્ય** નામે નગર છે. તેમાં પોતાના બંધવરૂપ કુમુદમાં ચંદ્ર જેવો **ચંદ્ર** નામે રાજા હતો. તે રાજાને ગુણના સમૂહરૂપ આભરણથી જેનું શરીર વિભૂષિત છે એવી **ગુણતારા** નામે પ્રિયા હતી. ઉન્નત અને પ્રવર સ્તનવડે રમણીય એવી તે બાળા જાણે કામદેવની પુત્રી હોય તેવી દેખાતી હતી. તેની સાથે વિષય-સુખમાં આસક્ત મનવાળો રાજા ઈંદ્રાણી સહિત ઈંદ્રની જેમ નિર્ગમન થતા કાળને પણ જાણતો નહોતો.

તે નગરમાં **સુંદર** નામે એક વિખ્યાત શ્રેષ્ઠી રહેતો હતો. તેને **મદનશ્રી** નામે સ્ત્રી હતી અને **સુરપ્રિય** નામે પુત્ર હતો. તે પુત્ર સર્વદા પૂર્વકર્મના દોષથી પિતાને શત્રુની જેવો અનિષ્ટ હતો અને તે પિતા પણ પુત્રને તેવોજ અનિષ્ટ હતો, તેથી જ્યારે પિતા ઘરમાં આવતો ત્યારે પુત્ર બહાર તત્કાળ જતો રહેતો અને પુત્ર ઘરમાં આવતો ત્યારે પિતા બહાર જતો રહેતો હતો. એવી રીતે કલુષિત હૃદયવાળા પિતા પુત્રનો કાળ વ્યતીત થતો હતો.

તેવામાં એક દિવસ પિતાએ પુત્રને કહ્યું કે 'હે પુત્ર! કોઈ દૈવયોગથી આપણા ઘરમાં દ્રવ્યનો નાશ થઇ ગયો છે, તેથી દ્રવ્ય મેળવવા માટે આપણે વિદેશ જઇએ. દ્રવ્ય વગરનો પુરૂષ સારા વંશમાં જનમ્યો હોય તો પણ લઘુતાને પામે છે અને ગુણરહિત (પણછ વિનાના) ધનુષ્યની જેમ પરાભવનું સ્થાન થાય છે. દ્રવ્ય વિનાનો પુરૂષ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે વર્ગને સાધી શકતો નથી,

તેમજ સુવિશુદ્ધ એવા જિનકથિત ધર્મને પણ આચરી શકતો નથી, માટે અભિમાનરૂપ ધનવાળા આપણે બંને અસાર અને અલ્પ મૂલ્યવાળું કાંઈ પણ કરિયાણું ઘરમાંથી લઈને અન્ય દેશમાં જઈએ, કારણકે સાહસનું અવલંબન કરીને દેશાંતરમાં ગયેલો પુરૂષ પ્રમાદ રહિત રહેતો છતો પ્રાયે મનોવાંછિત લક્ષ્મીને પ્રાપ્ત કરે છે.'

આ પ્રમાણે કહીને પછી કપટ સ્નેહવાળા, વિનષ્ટ ચિત્તવાળા અને પ્રનષ્ટ સ્વભાવવાળા તે બંને કાંઈ પણ કરિયાણું લઈને પોતાના ઘરમાંથી નીકળ્યા. નગરની બહાર એક ઉદ્યાનમાં તેઓ આવ્યા ત્યાં વડવૃક્ષના મૂળમાં પૃથ્વીપર રહેલો એક પુંચાડનો* અંકુરો તે બન્નેના જોવામાં આવ્યો, એટલે સમકાળે તે બન્નેએ હૃદયમાં ચિંતવ્યું કે 'આની નીચે જરૂર દ્રવ્ય હશે.' શાસ્ત્રમાં કહ્યું છે કે 'પુંચાડની નીચે પ્રાયે દ્રવ્ય હોય છે.' પછી તે નિધાન ઉપર આસક્ત અને એક બીજાને છેતરવામાં તત્પર એવા તે બન્ને કહેવા લાગ્યા કે 'આજનો દિવસ શુભ જણાતો નથી, માટે જ્યારે શુભ દિવસ આવશે ત્યારે આપણે અહીંથી દ્રવ્ય કાઢશું'. આ પ્રમાણે નિશ્ચય કરીને 'અપશુકન થયા માટે પાછા આવ્યા' એમ કહેતા તે બંને પોતાને ઘેર પાછા ગયા, પરંતુ દુષ્ટ સ્ત્રીવાળા પુરૂષની જેમ તે બંનેના નેત્રમાં નિદ્રા આવી નહીં. દ્રવ્યમાં લુબ્ધ થયેલા પુરૂષોને પ્રાયે નિદ્રા આવતીજ નથી. અર્થમાં લુબ્ધ એવા તે પિતા પુત્ર

*ધોળો અંકડો.

પોતાના ઘરમાં સુતા છે તેવામાં પુત્રે સુતાં સુતા આ પ્રમાણે ચિંતવ્યું કે 'પાછલી રાત્રે મારા પિતા જાણે નહીં તેમ હું તે સ્થળેથી પેલો દ્રવ્યનો નિધિ કાઢીને બીજા સ્થળે સંતાડી દઉં.' આ પ્રમાણે પુત્ર ચિંતવે છે તેવામાં તો તેના પિતાએ સત્વર ત્યાં જઈ તે દ્રવ્ય કાઢીને બીજે સ્થળે નાખી દીધું; એટલામાં પુત્ર પણ ત્યાં આવ્યો. તેણે પૂછ્યું-'પિતાજી! પેલું દ્રવ્ય અહીંથી કાઢી લઇને કયાં નાખ્યું?' પિતાએ કહ્યું-'પુત્ર! એવું વચન બોલ નહીં. હૃદયને ઈષ્ટ એવું તે દ્રવ્ય આ પ્રદેશમાં મારા જોવામાં આવ્યું જ નથી.' કાનમાં શૂળ પરોવવા જેવું આવું પિતાનું વચન સાંભળીને ઘીથી સિંચન થયેલા અગ્નિના રાશિની જેમ પુત્ર ક્રોધાગ્નિથી પ્રજ્વળિત થઇ ગયો. તે બોલ્યો કે-'હે તાત! મને ઘણો ક્રોધ ચડ્યો છે, તેથી તેવા ક્રોધ વડે હું તમારા જીવિતને હરૂં તે પહેલા તમે તમારા હાથમાં આવેલું પણ મહાઅનર્થ કરનારૂં દ્રવ્ય કયાં છે તે મને કહી દો.

પિતાએ કહ્યું-રે પુત્ર! જો તે અર્થ અનર્થકારી છે તો તને તેના ઉપર વહાલ કેમ આવે છે કે જેથી તૃષાતુર પંથી જેમ જળના સ્થાનકને માટે વારંવાર પૂછે તેમ વારંવાર પૂછ્યા કરે છે? પણ તે દ્રવ્ય તને મળવાનું નથી. કદિ જીવિત નષ્ટ થાય તો તે જન્માંતરે પણ મળે છે પણ નષ્ટ થયેલું દ્રવ્ય પુણ્ય રહિત પ્રાણીને ફરીને મળતું નથી. રે પુત્ર! કદિ તું દ્રવ્યલુબ્ધ થઇને ક્રોધથી મારા જીવિતને

હરી લઇશ તો પણ જીવિતથી અધિક એવું તે દ્રવ્ય ક્યાં છે ? તે હું તને કહીશ નહીં.'

આ પ્રમાણેનાં પિતાનાં વચન સાંભળી અગ્નિની જેમ ક્રોધથી પ્રજ્વળિત થયેલા પુત્રે તેના પિતાના ગળા ઉપર પગ મૂકીને એવો દાબ્યો કે જેથી 'આને મારા કરતાં દ્રવ્ય વધારે વહાલું છે તેથી મારે શું કામ રહેવું જોઈએ' એમ અત્યંત ગર્વથી વિચાર કરીને તેના પ્રાણે તત્કાળ તેને તજી દીધો. તે મૃત્યુ પામીને પેલા નિધાનની ઉપર મોહ વડે સર્પ થયો અને ત્યાં હમેશાં રહેવા લાગ્યો.

હવે પુત્ર પિતાને મારી વિલખો થઇને ચિંતવવા લાગ્યો કે–'હું ખરેખરો પુણ્ય રહિત છું, કેમકે મેં પિતાને મારી નાખ્યો, તે છતાં મારૂં વાંછિત તો થયું નહીં, અર્થાત્ દ્રવ્ય તો મળ્યું નહિ.' આ પ્રમાણે મનમાં ખેદ પામતો અને દુઃખાગ્નિથી તૃપ્ત થયેલો તે શાખાથી ભ્રષ્ટ થયેલા વાનરની જેમ પોતાના આત્માને શોચવા લાગ્યો.

પિતાનું મૃતકાર્ય કર્યા પછી કેટલાક દિવસ વિત્યા બાદ એક દિવસ સુરપ્રિય દ્રવ્યના લોભથી પેલા નિધિને સ્થાનકે આવ્યો. ત્યાં આવતાં જ તેણે પેલા સર્પને જોયો. તેના દાંતના અગ્રભાગમાં તેજે કરીને દેદિપ્યમાન રત્નાવળી હાર ગ્રહણ કરેલો હતો. તેને જોતાં જ સુરપ્રિય ક્રોધ અને લોભ યુક્ત થઈ ગયો અને કૃતાંતની જેવી દુઃપ્રેક્ષ્ય દૃષ્ટિએ તેની સામું જોવા લાગ્યો. પેલો સર્પ પણ તેને જોતાં જ ભયથી શરીર કંપાવતો ભાગ્યો; એટલામાં તો

તેના પુત્રે તેના મસ્તક પર એવો ઘા કર્યો કે જેથી તે રત્નાવળી સહિત પોતાના દેહને છોડીને મરણ પામ્યો અને કર્મદોષથી સિંચાનક પક્ષીપણે ઉત્પન્ન થયો. હવે સુરપ્રિયે પોતાની સ્ત્રીના બાહુયુગલની જેમ પોતાના કંઠમાં તે રત્નમાળા ગ્રહણ કરીને આરોપણ કરી; અને નિર્મળ ગુણવાળી ઈષ્ટતાની જેમ એ રત્નમાળા જોઇને હર્ષિત થયેલો સુરપ્રિય પોતાના આત્માને આખા જગતમા અધિક ભાગ્યશાળી માનવા લાગ્યો.

પછી તે ભયભીતપણે ચિંતવવા લાગ્યો કે-'જો આ વાત રાજા જાણશે તો મારા મસ્તક સહિત આ રત્નમાળા ગ્રહણ કરશે એમાં કાંઈ પણ સંદેહ નથી.' આ પ્રમાણે ચિંતવીને તે જેવો ચારે દિશાએ જુવે છે, તેવામાં એક પ્રદેશ ઉપર ધ્યાનમાં સ્થિત રહેલા એક મુનિ તેના જોવામાં આવ્યા. મુનિને જોઇને તેણે ચિંતવ્યું કે-'આ બહુ કુડકપટથી ભરેલા મુનિએ મને નિર્મળ રત્નાવલી સહિત જરૂર જોયેલો છે તેથી તે જ્યાં સુધીમાં મારૂ આ દુશ્ચરિત્ર રાજાને જણાવે નહીં ત્યાં સુધીમાં હું એવું કરૂં કે જેથી તે શીઘ્ર યમાલયમાં પહોંચી જાય.'

આવું ચિંતવી પ્રચંડ દંડ ઉગામીને કોપને વહન કરતો તે સુરપ્રિય મુનિની સન્મુખ દોડ્યા, અને બોલ્યો કે "અરે ધુર્ત સાધુ! તું અહિં ઉભો રહીને મને જુએ છે, તેનું કારણ હું જાણું છું. પણ મેં તને દીઠો છે તો હવે તું જીવતો શી રીતે જઈ શકવાનો છે? પણ તું નિશ્ચળ ચિત્ત કરીને કાંઈ બીજું તત્ત્વ ચિંતવતો હોય

એમ લાગે છે, તેથી જો તું કાંઇ જાણી શકતો હોય તો હું શું ચિંતવું છું તે કહે અને જો તે કાંઈ ન જાણતો હોય તો અરે દુષ્ટ! તું જ્ઞાનરહિત છે, ત્યારે અસહ્ય એવા મારા દંડનો પ્રહાર મસ્તકપર સહન કર.”

આ પ્રમાણેના તેના વચનો સાંભળીને ‘આ પુરૂષ પ્રતિબોધ પામે તેમ છે’ એવું સમ્યગ્ રીતે અવધિજ્ઞાનવડે જાણીને તે મુનિ મધુર વચનથી તે પુરૂષ પ્રત્યે બોલ્યા કે–‘હે સુરપ્રિય! તું એમ વિચારે છે કે જો મારામાં જ્ઞાન હોય તો તને તારૂં ને તારા પિતાનું પૂર્વ ભવનું ચરિત્ર અને આ ભવનું ચરિત્ર કહું.” તે સાંભળી સુરપ્રિય હૃદયમાં વિસ્મય પામી ગયો અને તે મુનિને પ્રણામ કરીને બોલ્યો કે–‘ભગવન્! તમે મારૂં ચિંતિત બરાબર જાણ્યું છે, માટે હવે તે જણાવો.’

મુનિ બોલ્યા--પૂર્વે વિંધ્યાટવીને વિષે તું મદ ભરેલા ગંડસ્થળવાળો હસ્તિ હતો. તે વનમાં હસ્તિઓ કુળનો નાશ કરનાર એક સિંહ વસતો હતો. તે સિંહે એકવાર તે હાથીને ભમતો જોયો, તેથી તત્કાળ તે સિંહ કોપથી ઉછળીને ગગનમાંથી જેમ વિજળીનો પુંજ પડે તેમ તે હસ્તીના દેહપર પડ્યો. પછી તે ગજેંદ્રને મારીને તે સિંહ અરણ્યમાં આગળ ચાલ્યો. તેવામાં ક્રોધાનળથી પ્રદીપ્ત ચિત્તવાળા અષ્ટાપદે તેને જોયો; એટલે તે સિંહે જેમ ગજેંદ્રને માર્યો હતો તેમ સરભે તે સિંહને પણ મારી નાખ્યો.

જે પ્રાણી જેવું કર્મ કરે છે તેવું આ જન્મમાં જ

તે ભોગવે છે. પાપી પાપનું ફળ પાપ વડે આ જન્મમાંજ પ્રાપ્ત કરે છે. જેમ તે ગજેન્દ્રનો વધ કરનારો સિંહ સરભથી આ ભવમાં જ પાપનું ફળ પામ્યો. સરભે જેના શરીરનો ઘાત કર્યો છે એવો તે સિંહ રૌદ્રધ્યાનથી મૃત્યું પામીને પહેલી નારકીમાં ઉત્પન્ન થયો. ત્યાં ઘણું છેદન-ભેદનાદિ સહન કરતો તે સિંહ દુઃખાર્તપણામાં ક્ષણવાર પણ તિલતુષ માત્ર સુખ મેળવી શક્યો નહીં. નારકીમાં અહોરાત્ર રંધાઇ જતાં પ્રાણીઓને નેત્ર મીંચીને ઉઘાડીએ એટલો વખત પણ સુખ હોતું નથી. તેઓને સતત્ દુઃખ જ હોય છે.

સિહનો જીવ નરકમાં અનેક પ્રકારનાં દુઃખો અનુભવીને આયુષ્યનો ક્ષય થતાં તારો પિતા **સુંદરશ્રેષ્ઠી** થયો અને પેલા ગજેંદ્રનો જીવ અનેક ભવની શ્રેણીમાં પરિભ્રમણ કરીને **સુરપ્રિય** નામે તું તેનો પુત્ર થયો. આ પ્રમાણે મેં તને પૂર્વભવનું સ્વરૂપ સંક્ષેપમાં કહ્યું. હવે આ ભવનું ચરિત્ર કહું છું તે સાંભળ—

આ ભવમાં તારા પિતા અને તારી વચ્ચે જે તદ્દન સ્નેહરહિતપણું હતું તે પૂર્વભવમાં બાંધેલા તીવ્ર વૈરના અનુબંધને લીધેજ હતું. ધર્મ, કર્મ, વૈર અને પ્રીતિ આ ભવમાં જે હોય છે તે સર્વે પ્રાણીઓને અભ્યાસવડે ભવાંતરમાં પ્રવર્ધમાન થાય છે. વળી તેં જે આ પ્રદેશમાં દ્રવ્યનો ભંડાર જોયો તે તારા પિત્તામહે પુત્રના ભયવડે દાટેલો હતો; અને તે આ પ્રદેશમાંજ ઉગ્ર સર્પના

ડસવાથી મૃત્યુ પામ્યો હતો. તેનો જીવ મૃત્યુ પામીને મોહના દોષથી આ પોંચાડપણે વનસ્પતિકાયમાં ઉત્પન્ન થયો છે. જ્યારે મોહનો તીવ્ર ઉદય થાય છે ત્યારે અજ્ઞાન, મહાભય અને કોમળતાને વેદવારૂપ એકેંદ્રિયપણું પ્રાપ્ત થાય છે. પુંચાડે લોભના દોષથી એકેંદ્રિયપણામાં પણ તે નિધાનની ઉપર પોતાના મૂળિયાં નાખ્યાં છે; કારણ કે એકેંદ્રિય જીવ પણ લોભરૂપ પિશાચવડે ગ્રસ્ત થાય છે. દરેક ભવમાં પ્રાણીને ભવાભ્યાસથી આહાર, ભય, પરિગ્રહ, મૈથુન, ક્રોધ, માન, માયા, લોભ, લોક અને ઓઘ એ દશ સંજ્ઞાઓ પ્રાપ્ત થાય છે.

આ પ્રદેશમાં તેં હણેલો તારો પિતા સર્પ થયો હતો, તે સર્પ થયેલા પિતાને મારીને તેં રત્નાવળી ગ્રહણ કરી છે. હે ભદ્ર! આ પ્રમાણે તારૂં તેં આ ભવનું ચરિત્ર છે, તે મેં સંક્ષેપથી તને કહ્યું છે; માટે હવે તે જાણીને તું વૈરને દૂર કર."

એવી રીતે મુનિમહારાજે કહેલ પોતાના પૂર્વજન્મનું ચરિત્ર સાંભળીને તે સુરપ્રિયને જાતિસ્મરણ જ્ઞાન થવાથી પોતાના પૂર્વજન્મને સંભારીને તે તત્કાળ સંવેગને પ્રાપ્ત થયા. પછી મુનિનાથના ચરણમાં પડી મસ્તકવડે નમસ્કાર કરીને તે ખમાવવા લાગ્યો, અને કહેવા લાગ્યો કે 'હે સ્વામી! આ પાપીનું સર્વ દુશ્ચરિત્ર ક્ષમા કરજો.' વળી તે બોલ્યો કે-"અરે પાપનો વિપાક કેવો દુઃખદાયક છે કે જેનાવડે અર્થલુબ્ધ થઇને મેં આ જન્માં બે ભવમાં મારા પિતાના જીવને મારી નાખ્યો. તે પુરૂષોને ધન્ય છે

કે જે પુરૂષો દ્રવ્યનો વિનાંશ થાય તો પણ પોતાના માતા પિતા અને બંધુજન ઉપર સર્વદા પૂજ્ય ભાવ રાખે છે. આ જગતમાં જેઓ પોતાના માતા-પિતા, બંધુ અને ગુરૂજનની આશા પૂરે છે તેઓનેજ ધન્ય છે અને તેઓ-જ પોતાના કુળરૂપ નિર્મળ ગગનતળમાં ચંદ્ર સમાન છે. હે ભગવન્! તમારા પ્રત્યે ને મારા પિતા પ્રત્યે મેં પાપીએ જે દુષ્ટ આચરણા કરી છે, તેની શુદ્ધિ માટે હું અગ્નિમાં પ્રવેશ કરીશ."

મુનિ બોલ્યા-"હે ભદ્ર! તેમ કરીશ નહીં; કારણ કે પાપવડે પાપની શુદ્ધિ થતી નથી. રુધિરથી ખરડાયેલું વસ્ત્ર રુધિરવડે શુદ્ધ થતું નથી. જો તું વિશુધ્ધિ કરવાને ઇચ્છતો હો તો નિશ્ચળ ચિત્તવડે શ્રી જિનધર્મને અંગીકાર કર અને સમ્યગ્ બુદ્ધિવડે સમ્યક્ત્વને સંપાદન કર. કહ્યું છે કે "જીવને પ્રથમ મનુષ્યપણું પ્રાપ્ત થવું દુર્લભ છે, તેમાં પણ જીવિતવ્ય દુર્લભ છે, કદી વધારે જીવે તો પણ ઉત્તમ ગુરુનો યોગ મળવો દુર્લભ છે, અને ગુરુનો યોગ થયા છતાં પણ શ્રી જિનેશ્વર ભગવંતે કહેલો ધર્મ અંગીકાર કરવો દુર્લભ છે." તેથી આવું ઉત્તમ અને દુર્લભ મનુષ્યપણું પ્રાપ્ત કરીને પ્રમાદ કર નહીં; સર્વદા ધર્મમાં ઉજમાળ થા અને મોહજાળમાં મુંઝાઈ રહે નહીં."

પછી સુરપ્રિય બોલ્યો-"હે સ્વામી! તમે આપેલો આ હિતોપદેશ અમૃતના ભરેલા ઘડાની જેમ હું આપને નમીને મસ્તક પર ચડાવું છું."

પછી તે સુરપ્રિય પોતાના નગરમાં ગયો અને રાજાને નિધાનની વાત જાહેર કરી. અને તે સ્થાનકેથી દ્રવ્ય કાઢીને ધર્મકાર્યમાં વાપર્યું અને પેલો રત્નાવળીહાર રાજાની ઇષ્ટ પ્રિયાને અર્પણ કર્યો. પછી શ્રી જિનધર્મમાં શુદ્ધ પરિણામ-વાળો તે દીક્ષા લઈ ગુરૂની સાથે ગામ, ખાણ અને નગરોથી મંડિત પૃથ્વી પર વિહાર કરવા લાગ્યો. વિહાર કરતાં કરતાં તે મુનિ ફરીને પાછા સુસૌમ્ય નગર તરફ આવ્યા, અને બહાર ઉદ્યાનમાં શિલાતળ ઉપર નિશ્ચળ ધ્યાન ધરીને રહ્યા.

એ અરસામાં એવું બન્યું કે ત્યાંના રાજાની રાણી પેલો રત્નાવળી કંઠમાંથી ઉતારી યોગ્ય સ્થાનકે મૂકીને ન્હાવા ગઈ. ત્યાં પેલો ઉલાવક પક્ષી આવ્યો. તે પોતાની કાંતિથી જાજ્વલ્યમાન એવા તે રત્નાવળીને માંસનો કકડો જાણી ચાંચમાં લઈને કોઈ ન જાણે તેમ ઉડી ગયો. સ્નાન કર્યા પછી આવીને રાણી જુએ છે તો રત્નાવળી તેણીના જોવામાં આવ્યો નહીં; તેથી તેણે તત્કાળ કોપ કરી કડવાં વચને રાજાને કહ્યું કે 'જો તમે તમારી સ્ત્રીના આભરણની રક્ષા કરવાને પણ સમર્થ નથી તો પછી તમે પૃથ્વીની રક્ષા શી રીતે કરી શકશો?'

રાણીના આવાં વચન સાંભળીને રાજાએ પોતાના સેવકજનોને બોલાવીને આજ્ઞા કરી કે 'તમે સર્વ પ્રકારના પ્રયત્નથી રત્નાવળીના ચોરને શોધી કાઢો.' રાજાના કહે-વાથી તે પુરૂષો સર્વ સ્થાનકે તપાસ કરતાં કરતાં જ્યાં

પેલા મુનિ કાઉસગ્ગ ધ્યાને રહ્યા છે તે ઉદ્યાનમાં આવ્યા. હવે પેલો પક્ષી ચાંચમાં રત્નાવળી લઇને કોઇ વૃક્ષનો (થડ) ખીલો ઉભો છે એવી શંકાથી મુનિના માથા પર આવીને બેઠો. ત્યાં તે મુનિને જોતાંજ જન્માંતરમાં બાંધેલા વૈરથી ભયભીત થઇને રત્નાવળી ત્યાંજ મુકીને તત્કાળ ઉડી ગયો. તે રત્નાવળી મુનિના ચરણકમળની વચ્ચે પડયા; અને તે તરતમાંજ ત્યાં આવેલા રાજપુરૂષોના જોવામાં આવ્યો. એટલે તેઓ બોલ્યા કે–જુઓ, મુનિના વેષને ધરનારો આ રત્નાવળીનો ચોર છે.' પછી તરતજ તેઓએ તે વાત રાજાને જણાવી; એટલે રાજાએ વિચાર્યા વગર ક્રોધ કરીને પોતાના પુરૂષોને કહ્યું કે 'એ દુષ્ટને વૃક્ષની શાખા સાથે ગળે ફાંસો બાંધીને મારી નાખો.'

રાજપુરૂષો રાજાનો તેવો આદેશ પામીને સાધુ પાસે આવ્યા અને ધ્યાનમાં લીન થયેલા મુનિને કહ્યું કે–"હે દુષ્ટ! રત્નાવળીના ચોર તરીકે તું આજે અમને મળી ગયો છે. પણ તેં જેમ રાજાની રાણીનો રત્નાવળી ચોર્યો તેમ આ નગરમાં આવીને બીજું પણ જે જે ચોર્યું હોય તે કહી દે. રાજાએ તો રૂષ્ટમાન થઇને આજે તને દુષ્ટને મારી નાખવાનો આદેશ આપ્યો છે, તોપણ તું પ્રગટપણે બધું કહી દે તો તારા જીવવાનો કાંઇ ઉપાય છે, તે સિવાય અન્યથા તારૂં જીવિત રહેવાનું નથી."

આ પ્રમાણે કહેવા છતાં પણ સત્ય પ્રતિજ્ઞાવાળા મુનિ ધ્યાનથી ચલિત થયા નહીં, એટલે તેઓએ ફરીને તે

મુનિને કહ્યું કે 'ત્યારે હવે તું તારા ઇષ્ટ દેવને સંભારી લે.' એમ કહીને તેઓએ મુનિના કંઠમાં પાશ નાંખ્યો અને વૃક્ષની શાખા સાથે બાંધ્યો, એટલે તરતજ પાસ તુટી ગયો. એવી રીતે ત્રણવાર નિશ્ચય ચિત્તવાળા તે મુનિને શૂળી દંડ ઉપર ચડાવ્યા. તે સમયે મુનિનું નિશ્ચળ ચિત્ત જોઈને તુષ્ટમાન થયેલ શાસનદેવતાએ તે શૂળીની ઉપર ઉત્તર સુવર્ણ તથા મણિજડિત આસન કરી દીધું. પેલા દુષ્ટો જેમ જેમ શૂળી ઉપર રહેલા મુનિને ઉપદ્રવ કરવા લાગ્યા, તેમ તેમ તે મહાત્મા મુનિ પરમધ્યાન ઉપર આરૂઢ ગવા લાગ્યા. અનુક્રમે શુકલધ્યાનમાં રહેલા તે ધીર મુનિવરના ચાર ઘાતીકર્મનો ક્ષય થવાથી તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તે સમયે દેવતાઓએ તે મુનિવરના કેવળ-જ્ઞાનનો મહિમા કર્યો, અને સુગંધી જળે મિશ્રિત પુષ્પ-સમૂહની તેમના મસ્તકપર વૃષ્ટિ કરી.

પેલા રાજપુરૂષોએ રાજાની આગળ જઈને જેવું પોતે જોયું હતું તેવું તે મુનિનું સર્વ ચરિત્ર નિવેદન કર્યું. તે સાંભળી હૃદયમાં મોટું આશ્ચર્ય પામી રાજાએ પોતાના પુરૂષોને કહ્યું કે-'એવા ચોર મુનિને કેવળજ્ઞાન શી રીતે થયું ? માટે જરૂર તેને ચોર ઠરાવી શિક્ષા કરી તે ભૂલ કરી છે. માટે હું જઈને તેમને ખમાવું.' આ પ્રમાણે રાજા પોતાના નગરના નરનારી જનોથી પરિવૃત્ત થઈ તે મુનિ પાસે ગયો અને ભક્તિથી નમીને ખમાવવા લાગ્યો. પછી બોલ્યો કે-'હે ભગવન્ ! મેં પાપીએ મોહમૂઢ થઇને જે

તમારો અપરાધ કર્યો છે તે સર્વ ક્ષમા કરો.' આ પ્રમાણે કહીને તેણે મુનિને વારંવાર નમન કર્યું. પછી મુનિએ આશિષ આપી, એટલે તે પૃથ્વીતળ ઉપર બેઠો. પછી દેવનાએ રચેલા સુવર્ણકમળ ઉપર બેઠેલા મુનિનાથે અનેક દેવતાઓ તથા પ્રજા વિગેરેની પર્ષદામાં તે રાજાને મધુર વચનથી કહ્યું કે–'અજ્ઞાનથી અંધ થયેલો જીવ મોહરૂપ અટવીમાં પડ્યો છતો જ્ઞાનમાર્ગને પામ્યા વિના એવુ કયું દુઃખ છે કે જે દુઃખને તે પામતો નથી? અર્થાત્ ઘણાં ઘણાં દુખ પામે છે. અતિ કષ્ટકારી પાપકર્મથી પણ અજ્ઞાન મહા કષ્ટરૂપ છે કે જેનાવડે આવરેલો જીવ હિત કે અહિતને જાણી શકતો નથી. હે રાજન્! સહાય વગરના એવા મને તું સહાયક થયો છે. તેમાં તારો જરા પણ દોષ નથી; તારી સહાયથી હું કર્મરૂપ શત્રુને હણીને આવી સંપદાને પામ્યો છું. હે નરવર! અદ્યાપિ તને ધન્ય છે, કેમકે તું દોષ કરીને પણ તેનો પશ્ચાતાપ કરે છે. માટે તું મનમાં ખેદ કરીશ નહીં. પાપનો કરનારો પ્રાણી પણ પશ્ચાતાપથી તાપિત શરીરવાળો થવાથી શુદ્ધ થાય છે. જેમ હું પણ પશ્ચાતાપ કરવાથીજ પ્રતિબોધ પામ્યો હતો."

પછી રાજાના પૂછવાથી જેમને દિવ્ય જ્ઞાન ઉત્પન્ન થયું છે એવા તે મુનિએ પોતાનું સર્વ પૂર્વ ચરિત્ર તેને વિશેષપણે કહી સંભળાવ્યું. એ પ્રમાણે મુનિએ કહેલું ચરિત્ર સાંભળીને પેલા પક્ષીને પોતાનો પૂર્વ જન્મ સાંભરી

આવ્યો; તેથી તરત તે વૃક્ષના શિખર ઉપરથી નીચે ઉતર્યો; અને ઘણો પશ્ચાત્તાપ કરી ભક્તિથી તે મુનિને નમીને પોતાની ભાષા વડે પોતાનું સર્વ દુષ્કૃત્ય ખમાવવા લાગ્યો. તે જોઈ રાજાએ નમીને મુનિરાજને પૂછયું કે–'હે સ્વામિન્ ! તમારા ચરની આગળ પૃથ્વી પર આળોટતો અને કરૂણા ભરેલા સ્વરે આ રડતો પક્ષી કોણ છે ?' પછી તે પક્ષીએ પૂર્વજન્મમાં સુખ અને દુઃખ જે અનુભવેલું તે બધું મુનિએ રાજાને કહી સંભળાવ્યું. અને કહ્યું કે 'હવે આ પક્ષી પૂર્વ જન્મનું સ્મરણ થવાથી હમણાં શુદ્ધ પરિણામવાળો થઇને પોતાના જન્મને નિંદતો છતો અનશન વ્રતની મારી પાસે માગણી કરે છે. તે વાત સાંભળી રાજા પ્રમુખ સર્વેએ કહ્યું કે 'આ પક્ષીને ધન્ય છે કે તિર્યંચ છતાં પણ જેને અનશન કરવાના પરિણામ થયા છે.'

યોગ્ય કાળે સુપાત્રદાન, સમ્યક્ત્વ વડે વિશુદ્ધ બોધિનો લાભ અને અંતે સમાધિ મરણ–એટલાં વાનાં અભવ્ય જીવો પામતા નથી. તે શુદ્ધ ચિત્તવાળા અને નિશ્ચય હૃદયવાળા પક્ષીના દૃઢ પરિણામ જાણીને મુનિએ તેને અનશન આપ્યું, અને નવકાર મંત્ર પણ સંભળાવ્યો. તેને ભાવ વડે અંગીકાર કરીને તે પક્ષી મૃત્યુ પામી સૌધર્મ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો.

પછી ચંદ્રરાજાએ પોતાના પુત્રને રાજ્ય સોંપીને તે કેવળીના ચરણ પાસે દીક્ષા ગ્રહણ કરી અને ઉગ્ર તપસ્યા

કરી શુદ્ધ સંયમ પાળી મૃત્યુ પામીને પાંચમા દેવલોકમાં ઇંદ્ર થયો. શ્રેષ્ઠિપુત્ર **સુરપ્રિય** જે પશ્ચાત્તાપ કરી મુનિપણું અંગીકાર કરીને કેવળી થયા હતા તે આયુષ્યના ક્ષયે મૃત્યુ પામીને શાશ્વત સ્થાનને (મોક્ષને) પ્રાપ્ત થયા.

મહાત્મા શ્રી **વિજયચંદ્ર કેવળી** એવી રીતે **હરિશ્ચંદ્રરાજાને** પ્રતિબોધ આપી ભવિપ્રાણીરૂપ કુમુદને વિકસ્વર કરતા છતા પૃથ્વી ઉપર વિહાર કરવા લાગ્યા. **સાગરચંદ્ર કેવળી*** ભગવંત ભવ્યજીવોને પ્રતિબોધ કરતા અવશેષ કર્મને ખપાવીને શાશ્વતા સ્થાનને પ્રાપ્ત થયા. **જયશ્રી+ પ્રવર્તિની** પણ કેવળજ્ઞાનની સમૃદ્ધિ ઉત્પન્ન કરી અવશેષ કર્મ ખપાવીને અનુત્તર સ્થાનને પ્રાપ્ત થયા. **મદનસુંદરી** અને **કમલશ્રી૦** બંને દીક્ષા લઇ કાળધર્મ પામીને મહાશુક્ર વિમાનમાં ઉત્પન્ન થઈ. ભગવાન **વિજયચંદ્ર** પણ ભવ્યજીવોરૂપ કુમુદને બોધ કરી તુંગગિરિના ઉન્નત શિખર ઉપર જઈને શાશ્વત પદને પ્રાપ્ત થયા.

આ પ્રમાણે ઉચ્ચ સ્થાનમાં રહેલું, શ્રેષ્ઠ મંગળ તથા કલ્યાણરૂપ અને મનોવાંછિત સુખને ઉત્પન્ન કરનારૂં આ શ્રી વિજયચંદ્ર કેવળીનું ચરિત્ર છે. અહિં શ્રી વિજયચંદ્ર કેવળીનું પવિત્ર ચરિત્ર પૂર્ણ થાય છે. તે જો સાદ્યંત સાંભળવામાં આવ્યું હોય તો ભવિક જીવને સુખ આપ-

---

*વિજયચંદ્રના ગુરુ. +એનો અધિકાર પ્રથમ કાંઇ આવતો નથી. ૦વિજયચંદ્ર રાજાની રાણી.

નારૂં થાય છે. જે પુરૂષ નિશ્ચળ ચિત્ત રાખી વિશુદ્ધ બુદ્ધિ વડે આ ચરિત્ર સાંભળે તે ભવદુઃખથી મુક્ત થઈ સદા સુખવાળા મોક્ષને પામે છે. માંગળિકના સ્થાનરૂપ આ શ્રી વિજયચંદ્ર કેવળીનું ચરિત્ર જ્યાં સુધી આકાશમાં ગ્રહચક્ર રહે ત્યાં સુધી ભવિ પ્રાણીઓના મોહને હરણ કરો.

**શ્રી નિવૃત્ત વંશમાં** અથવા **વિજય વંશમાં** થયેલા શ્રી **અમૃતદેવસૂરિ**ના શિષ્ય **ચંદ્રપ્રભમહત્તરે** આ શ્રી **વિજયચંદ્ર કેવળી**નું નિર્દોષ અને ગાથાછંદથી પ્રતિબદ્ધ ચરિત્ર ભવ્ય જીવોના પ્રતિબોધના અર્થે રચેલું છે. **દેયાવડ નગર**માં શ્રી **ઋષભદેવ**ના મંદિર સમીપે પોતાના **વીરદેવ** નામના શિષ્યનાં કહેવાથી **વિક્રમ સં. અગીયારસો ને સત્તાવીશ**માં શ્રી ચંદ્રપ્રભમહત્તરે સ્ફુટ અક્ષરવાળું આ ચરિત્ર કરેલું છે.

જ્યાં સુધી શ્રી જિનેશ્વર ભગવંતનો ચંદ્રના જેવો ઉજ્વળ યશ આ ભૂમંડળને ધવળ કરે ત્યાં સુધી આ શ્રી વિજયચંદ્ર કેવળીનું ચરિત્ર જગતમાં જયવંતુ વર્તો.

**॥ इति श्री विजयचंद्र केवळी चरित्र समाप्त ॥**



સુરેશ પ્રિન્ટરી * મેઈન રોડ * વઢવાણ સીટી